
# ખોજ

જીવન એક અવિરત ખોજ - આવિષ્કાર

માર્ચ-એપ્રિલ ૨૦૦૭
વર્ષ ૧ અંક ૨

## સૌને ગુણવત્તાવાળું શિક્ષણ - કેવી રીતે ?



*आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।*

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

માર્ચ - એપ્રિલ ૨૦૦૭
વર્ષ ૧, અંક ૨

| | | | |
|---|---|---|---|
| | ૩ | સંપાદકીય | અંબરીષ મહેતા |
| | ૬ | પત્રો / પ્રતિભાવો | |
| કોલમ | ૮ | તળિયેથી. . . | રાજેશ મિશ્રા |
| | ૧૦ | રોજગાર ખાતરી કાયદો - કેટલી રોજગારી મળી ? | તૃપ્તિ પારેખ |
| સાંપ્રત સમસ્યા | ૧૨ | સિંહ ભૂમિ ગીરનું સંરક્ષણ | રેવતુભા રાયજાદા |
| | ૧૫ | વાણી-અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે | પીયુસીએલ ગુજરાત |
| | ૧૭ | આવું તે કાંઈ હોતું હશે ? | તૃપ્તિ પારેખ |
| અગ્રલેખ | ૧૯ | શિક્ષણ કૂપન વિકલ્પ – બાળકને શાળા પસંદગીનો હક્ક | રાજેશ મિશ્રા |
| | ૨૪ | સૌને ગુણવત્તાવાળા શિક્ષણનો એક ઉપાય - શિક્ષણ વાઉચર | પાર્થ શાહ |
| લેખ | ૩૦ | ગ્લોબલ વોર્મિંગ : સ્ટર્ન રિપોર્ટ | યોગેન્દ્ર માંકડ |
| સમાજજીવન | ૩૪ | દલિત સ્ત્રીઓની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલની દિશા | મંજુલા ડાભી |
| | ૩૮ | મુસ્લિમ સમાજમાં મહિલાની પરિસ્થિતિ | અસગર અલી એન્જીનિયર |
| અર્થતંત્ર શ્રેણી | ૪૧ | તમારા મનને મુક્ત કરો - ૫ | સૌવિક ચક્રવર્તી |
| કથા | ૪૫ | પક્ષીની તાલીમ | રવીન્દ્રનાથ ટાગોર |

# આ અંકના લેખકો


રાજેશ મિશ્રા : ખોજના સંપાદકમંડળમાં; આર્ચના ટ્રસ્ટી અને પાયાના કાર્યકર; નર્મદા વિસ્થાપિતોના પુનર્વસવાટ નીતિના ઘડતર તથા અમલમાં પાયાનું યોગદાન; જંગલ સંરક્ષણ તથા સત્ય શોધક કાર્યક્રમોમાં કાર્યરત. સરનામું : સોની ફળિયું, કવાંટ, જિ-વડોદરા ૩૯૧૧૭૦, મોબાઈલ : ૯૪૨૬૧૨૫૬૧૭

તૃપ્તિ પારેખ : સહ-સંપાદક, ખોજ; આર્ચના ટ્રસ્ટી અને પાયાના કાર્યકર; નર્મદા વિસ્થાપિતોના પુનર્વસવાટ નીતિના ઘડતરમાં યોગદાન; સુરપાણેશ્વર અભયારણ્યના આદિવાસીઓના હક્કો તેમજ જંગલ સંરક્ષણ પ્રશ્ને કાર્યરત. સરનામું : ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ, ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ, વડોદરા - ૩૯૦૦૦૨ મોબાઈલ : ૯૪૨૭૫૯૧૫૪૦

રેવતુભા રાયજાદા : સભ્ય, સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડ, ગુજરાત; પ્રમુખ, સ્કાય ફોરેસ્ટ યુથ કલબ; સલાહકાર, નેચર કલબ ઓફ હઠીસિંહજી વિનય મંદિર, કેશોદ. સરનામું : 'ખંજન', એન.પી. કોલેજ રોડ, કેશોદ, જિ-જુનાગઢ ૩૬૨૨૨૦, ફોન : ૦૨૮૭૧-૨૩૪૫૨૯

પાર્થ શાહ : પ્રમુખ, સેન્ટર ફોર સીવીલ સોસાયટી. સરનામું : કે-૩૬, હૌજ ખાસ એન્ક્લેવ, નવી દિલ્હી - ૧૧૦૦૧૬, ફોન : ૦૧૧ - ૨૬૫૩૭૪૫૬

મંજુલા ડાભી : અધ્યાપક, ગ્રામ્ય અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. સરનામું : ૯૪-૯૫, ભારતનગર, ગીતા મંદિર રોડ, અમદાવાદ ૩૮૦૦૨૨, મોબાઈલ : ૯૮૯૮૩૩૧૪૧૪

અસગર અલી એન્જીનિયર : પ્રમુખ, સેન્ટર ફોર સ્ટડી ઓફ સોસાયટી એન્ડ સેક્યુલારીઝમ. સરનામું : ૯ બી, હિમાલયા એપાર્ટમેન્ટસ, પહેલો માળ, ૬ઠ્ઠો માર્ગ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૫૫

યોગેન્દ્ર માંકડ : રાજશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ. સરનામું : બી-૧, પુષ્પમ ફ્લેટ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ કોર્નર, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯.



**સંપાદક**

અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**

તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**

રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**

જરીન જોષી


મુખપૃષ્ઠ પરની તસ્વીર
કકરાણાના કેમત સરની શાળા
તસ્વીર - બંસીભાઈ રાઠવા


'ખોજ' દ્વિમાસિકનો આ અંક એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (આર્ચ) વતી અંબરીષ મહેતાએ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ, ફતેગંજ, વડોદરા ૩૯૦૦૦૨થી પ્રકાશિત અને મુદ્રિત કર્યો. મુદ્રણ સ્થાનઃ વિશાલ ઓફસેટ, વડોદરા

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી. એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com



'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય


માર્ચ-એપ્રિલ એટલે વિદ્યાર્થીઓ - વાલીઓ માટે કયામતનો સમય. ઠાંસી-ઠાંસીને ભરેલા અભ્યાસક્રમથી ઊભરાતાં પાઠ્ય-પુસ્તકોના બોજથી બેવડ વળી ગયેલાં બાળકોને જોઈને રવીન્દ્રનાથે માર્મિક રીતે ચિત્રેલ પક્ષીની યાદ આવી જાય. જાણે શિક્ષણ એટલે સી ગલ (sea gull)ની ગગનગામી ખુશી નહીં, પણ વેઠ અને ગમગીની. શિક્ષણના આ પ્રશ્નો તો છે જ. પણ, આ બાળકો તો કંઈકે નસીબદાર છે. સૌને ગુણવત્તાવાળું શિક્ષણ મળે એ આપણી નેમ હોવા છતાં દેશમાં આજે કેટલાંય બાળકો પ્રાથમિક શિક્ષણ પણ નથી મેળવી શકતાં; ગુણવત્તાવાળું શિક્ષણ મેળવવાની વાત તો દૂર રહી. એમની પાસે સરકારી શાળામાં ભણવા સિવાય બીજો કોઈ વિકલ્પ છે જ નહીં. હજી કેટલીય જગ્યાએ કયાં તો નિશાળ જ ન હોય, અને એ હોય તો માસ્તર ન આવતા હોય અને આવતા હોય તો ભણાવતા ન હોય. ગમે તેટલી અરજી કરે કે ફરિયાદો કરે, પણ પરિસ્થિતિમાં કોઈ ફરક પડે નહીં. શિક્ષણની બાબતમાં ગરીબ અને તવંગર કે મધ્યમ વર્ગનાં બાળકોની સ્થિતિ વચ્ચેની આ ખાઈનો સવાલ સૌને મૂંઝવી રહ્યો છે. પરંતુ એ પૂરવાનો કોઈ ઉપાય દેખાતો નથી. એક ઉપાય ‘શિક્ષણ વાઉચર’નો દેખાઈ રહ્યો છે, જેમાં સૌને ગુણવત્તાસભર શિક્ષણ મળવાની ગુંજાઈશ રહેલી છે. આ અંકના અગ્રલેખોમાં રાજેશ અને પાર્થ શાહે ‘શિક્ષણ વાઉચર’ના ઉપાયની વિગતે ચર્ચા કરી છે. વિદ્યાર્થી, વાલી, શિક્ષક, શાળા સંચાલક - લગભગ દરેકને સ્પર્શતો આ વિષય છે. આશા છે શિક્ષણની સમસ્યાઓ તથા વાઉચર પ્રથા અને અન્ય ઉપાયો અંગે ખોજમાં વિગતે અને ઊંડાણથી ચર્ચા ઉપડશે.

ગ્લોબલ વોર્મિંગની ચર્ચા ફરી જોર પકડી રહી છે. ઓક્ટોબર ૨૦૦૬માં બ્રિટનની સરકારે નિકોલસ સ્ટર્ન કમિટીનો અહેવાલ - ‘Economics of Climate Change’ બહાર પાડ્યો. તેની પાછળ ને પાછળ સંયુક્ત રાષ્ટ્રની ક્લાઈમેટ ચેઈન્જ પેનલે (IPCC) પણ તેના છેલ્લા અહેવાલની સમરી બહાર પાડી. આ બે અહેવાલોએ પ્રમાણમાં મંદ પડી રહેલી ચર્ચાને નવી હવા આપવાનું કામ કર્યું છે. એક એવી હવા બની રહી છે કે આ સવાલ પર વિજ્ઞાનીઓ વચ્ચેના મતભેદો ઓગળી ગયા છે અને સર્વસંમત અભિપ્રાય બની ગયો છે કે પૃથ્વી પર સરેરાશ તાપમાન વધી રહ્યું છે અને માણસની પ્રવૃત્તિઓને કારણે તે વધી રહ્યું છે અને અત્યારથી જ વેળાસર પગલાં ભરવામાં નહીં આવે તો આવતાં ૫૦--૧૦૦ વર્ષમાં માણસજાતે ભારે તબાહીનો સામનો કરવો પડશે. એમાં સ્ટર્ન કમિટીનો અહેવાલ વધારે મહત્ત્વનો છે. આ અહેવાલનો સાર આપતો એક લેખ અમદાવાદના પ્રો. યોગેન્દ્ર માંકડે તૈયાર કર્યો છે, જે આ અંકમાં આપી રહ્યા છીએ. પરંતુ આ આખા સવાલને હજી વધારે વિગતે તપાસવાની જરૂર છે. અહેવાલના નિષ્કર્ષો જ નહીં, પરંતુ એ નિષ્કર્ષો પર એ કેવી રીતે પહોંચ્યો છે, તે માટેની એની ધારણાઓ શું છે, એની ટીકા કરનારાઓ શું કહે છે, વગેરે સવાલો વધારે વિગતે તપાસવાની જરૂર છે. અગાઉ ‘સંશયાત્મક પર્યાવરણવાદી’ શ્રેણીમાં આ સવાલને વિગતે તપાસવાની ધારણા હતી. પરંતુ પછી કોઈ ને કોઈ કારણસર એ બાજુ પર મુકાઈ ગયેલું. માંકડ સાહેબનો લેખ આ ચર્ચા આગળ વધારવાનો આધાર પૂરો પાડે છે. આશા છે કે એને આધારે આગામી અંકોમાં વધારે વિગતવાર ચર્ચા હાથ ધરી શકાશે.

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા દિન. એ સંદર્ભમાં આપણા સમાજની બે લઘુમતી કોમ - મુસ્લિમ અને દલિત સ્ત્રીઓની સમસ્યા અને ઉકેલોને ચર્ચતા બે લેખો આપ્યા છે. કિરીટભાઈના ન્યાયતંત્ર પરના લેખ માટે આવતા અંક સુધી રાહ જોવી પડશે. ગીરના સિંહની કટોકટીથી માંડીને રોજગારી, ફતવાઓના રાજ્યમાં વ્યક્તિ-સ્વતંત્રતા જેવા અન્ય પ્રશ્નો પર ચર્ચા છેડી છે.

- સંપાદક

## પત્રો / પ્રતિભાવો





આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીન: ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦


એડમ સ્મીથના આપ ચાહક હશો એવું 'ખોજ' જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૭ના અંકના એકથી વધારે લેખોમાં પ્રતિબિંબિત થાય છે. મુક્ત બજારવ્યવસ્થા વિશે ચર્ચા કરવી નથી પણ એક મુદ્દો વિચારણા માટે રજૂ કરવો છે. ભવિષ્યમાં કદાચ આ મુદ્દા વિશે 'ખોજ' થઈ શકે.

ઉત્પાદનનાં સાધનો - શ્રમ, મૂડી, ભૂમિ અને નિયોજન - માંથી મૂડી અને નિયોજનનું વિશ્વીકરણ બધે આવકાર્ય ગણાયું છે.

કદાચ 'સેઝ'ને કારણે ભૂમિનું પણ થશે. બાકી રહે 'શ્રમ'. શ્રમના મુક્ત આંતરરાષ્ટ્રીય વિનિમય પ્રત્યે રાષ્ટ્રોની ઉદાસીનતા છે કે આર્થિક રીતે સદ્ધર દેશોની કાવતરાબાજી છે ?

આ મુદ્દા અંગે 'ખોજ' અને ખોજ કરનાર સૌનાં મંતવ્યો જાણવામાં સૌને રસ પડશે.

*- હસમુખ પટેલ, અમદાવાદ*

'ખોજે' બે વર્ષ પૂરાં કર્યાં –'જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર'ના ભદ્ર મંત્ર સાથે. તેનું વાચન ઉપયોગી, વિચારોત્તેજક અને સુઘડ મનોરમ છપાઈ સાથેનું હોવાથી ગમી જવાનું. વેદ-ટાગોર અને બીજા ફિલોસોફરોના ક્વોટ્સ જીવનોપયોગી અને માર્ગદર્શક.

ન્યાયતંત્રની કિરીટ પાનવાલાની શ્રેણી દર્શાવે છે કે કાગડા બધે જ કાળા છે - અદાલતોના સુધ્ધાં. પ્રત્યેક ક્ષેત્રને એનો કિરીટ પાનવાલા મળે તો શુદ્ધિકરણ યજ્ઞનાં પગરણ થાય. કેટલાક એને બ્લેક શીપ ગણવાના, જે સદંતર પૂર્વગ્રહી જ ગણાય. આ યજ્ઞ ચાલતો રહે તો બહારની તપાસ બિનજરૂરી બની જાય.

સારા સામયિકની જાણ ઘણાને નથી હોતી. ગુજરાતી સામયિકોએ એકબીજાની માહિતીપ્રદ જાહેરાત વિનામૂલ્યે છાપી, બિરાદરી દર્શાવવાની જરૂર છે. દૈનિક વાચક સુધી ન જઈએ તો ચાલશે. ખોજે 'અખંડ આનંદ', 'કુમાર', 'નવનીત સમર્પણ', 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'નયામાર્ગ', 'ભૂમિપુત્ર', 'નિરીક્ષક'માં પોતાની વિગતો વાચક આલમ સુધી વિસ્તારવા મૂકવી જ જોઈએ. વિદેશ જતાં ગુજરાતી સામયિકોમાં ખાસ મૂકો.

ગુજરાતમાં જે કંઈ સાચી દિશાની નાની મોટી લડતો જન આંદોલન રૂપે ચાલતી હોય તેની વિગતો સતત અને નિયમિતપણે આપવી જોઈએ. આખરે વિચાર પછી અને વિચાર વિના થતું કાર્ય અદકા મહત્ત્વનું તો છે જ. માહિતી પછી સમીક્ષા અને મૂલ્યાંકન કરી માર્ગદર્શક થવાનો પ્રયાસ જરૂર કરવો.

ખોજ 'યાવત્ચંદ્ર દિવાકરૌ' ચાલતી રહે અને તેને પોષનારા મળતા રહે, તેવી શુભેચ્છા.

*-ડંકેશ ઓઝા, વડોદરા*

જાન્યુઆરી-ફેબ્રુઆરી અંકના બધા જ લેખો મનનીય, અભ્યાસનીય. તળિયેથી . . . રાજેશ મિશ્રા, બાળકો સાથે સમાજનો અક્ષમ્ય વ્યવહાર - હિમાંશી શેલત, અને શિક્ષકનું કાર્ય - કુંભારનું નહીં, દાયણનું - સુરેશ પરીખ . . ., આદિવાસી વન અધિકાર કાયદો - તૃપ્તિ પારેખ : આ લેખો વિશેષ ગમ્યા, સ્પર્શ્યા.
આ તો હોંકારો ! !

વિશેષ તો શું લખું ? ઘણું મોટું વૈચારિક (સૂક્ષ્મ ને વિરાટ) કાર્ય આપ કરી રહ્યા છો. સલામ !

'ખોજ' અવિરત ચાલતી રહે એવી શુભેચ્છા.

*- પ્રજ્ઞા પટેલ, ગાંધીનગર*

જાન્યુ.-ફેબ્રુઆરી ૨૦૦૭નો 'ખોજ'નો અંક માર્ચમાં મળ્યો. નવો અંક નવા રંગે મળ્યો, એવું પણ જોઈ શકાય છે. લેખોમાં વૈવિધ્ય આણવાનો પ્રયત્ન સારો છે, આવકારદાયક છે.

ખોજ આર્થિક સમાચાર વિશ્લેષણનું પત્ર ન બની જાય એ પણ જોશો. કારણ કે જીવનની ખોજ એ સમગ્ર જીવનની પ્રક્રિયા છે, ફક્ત દેશ અને દુનિયાના આર્થિક સ્રોતોને જ સ્પર્શતી નથી.

Against the open society, for the open society and on the dawn of the open society, કાળક્રમે વિચારો કેવા ક્ષીણ થતા જાય છે, બદલાતા જાય છે અને નવા ઊભરતા જાય છે, એ આ વિકસિત થતા વિશ્વની પ્રક્રિયા છે. છતાં પશ્ચિમના દેશોની વિચારસરણી અને પૂર્વના વિદ્વાનોની વિચારણી જીવન પ્રત્યેના દૃષ્ટિકોણથી ભિન્ન બને છે.

સ્વદેશી અને પરદેશી માલના વિચારવા અને વાગોળવા લાયક મુદ્દા જરૂર વાગોળવા જોઈએ. પરંતુ ભારત જેવા ઉપખંડ માટે બહુરાષ્ટ્રીય કંપનીઓનું આક્રમણ ભારતના નીચલા અને મધ્યમવર્ગને, ખેડૂતને લાભ નહીં પહોંચાડે. ખેડૂતોની આત્મહત્યાના મુદ્દે શું સત્ય છે ? નાની રોજગારી અને વેપારી વર્ગ ક્ષીણ થઈ નાશ થવાને આરે છે. ગામ કે ગામડે પેપ્સીકોલા અને લકઝરી ગુડ્સ, સાબુ, શેમ્પુની જાહેરાતોએ જાણે હોડ મચાવી પ્રજાને બેહોશ કરવા માંડી છે.

*-બી. એ. પંડયા, સુરત*

## મારે પરિવાર-વ્યવસ્થા બદલવી છે

શ્રી કિરીટભાઈ પાનવાલાની લેખમાળા 'મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે' થી એટલી પ્રભાવિત થઈ છું કે મને સમાંતર રીતે ઉપરોક્ત વિષય સંદર્ભે મારી અભિવ્યક્તિ જરૂરી લાગે છે. હકીકત તો એ છે કે એવા પારિવારિક - સામાજિક બદલાવ માટે જે પ્રયાસો કર્યા છે, તેની અનુભવગાથા 'સ્ત્રી'ની દૃષ્ટિથી પ્રગટ થવી જ જોઈએ, એવું હું દૃઢપણે માનું છું.

એવો એક પ્રયાસ હું કરી પણ ચૂકી છું. છતાં પરિવાર-વ્યવસ્થામાં બદલાવ એક એવો પડકાર છે, જેમાં ઉચ્ચવર્ગ - વર્ણ-સમાજના પડદા પરનાં અને પડદા પાછળનાં વલણો, અત્યંત સૂક્ષ્મ સ્તરે સ્ત્રી અસ્તિત્વ અને વ્યક્તિત્વનો હ્રાસ થતો જોવો અને સમજવો છતાં અણદેખ્યો કરવો, જુદી જુદી સેન્સરશીપનો અનુભવ કરવો અને સમજદારીના નામે ચૂપ રહેતાં શીખવું, સમાંતર પ્રવાહે અછત, અભાવ, ગરીબીના વિષચક્રમાં ભીંસાતા જીવનવ્યવહારમાં પરિવાર-સમાજનાં દબાણો સામે લાચારી હોય, આવી સ્થિતિ સાહજિક જ એવો વિચાર જગાડે કે જો પરિવાર વ્યવસ્થા બદલાઈ જાય તો સ્થિતિ બદલી શકાય. અંધારામાં હાથીનું વર્ણન કરનાર પોતાની સમજ પ્રમાણે કરશે તેમ અહીં પણ થશેને ? જેમ કે કિરીટભાઈને ન્યાય-વ્યવસ્થા, મારે પરિવાર-વ્યવસ્થા, કોઈ શિક્ષકને-શિક્ષણ વ્યવસ્થા, સરકારી અધિકારીને તંત્ર-વ્યવસ્થા, અર્થશાસ્ત્રીને અર્થ-વ્યવસ્થા એમ દરેકને કંઈક બદલાવ અભિપ્રેત રહે તો શું થાય? જે થાય તે, પરંતુ મને આ વિચાર એટલો રોમાંચક અને રોચક લાગે છે કે એવી લેખમાળા મનમાં સર્જાઈ ચૂકી છે.

અપેક્ષિત એટલું જ કે જેમને જે બદલાવ અભિપ્રેત છે એમાં સમન્વય, સંવાદ, સહિષ્ણુતા, સ્વસ્થ અને સ્પષ્ટ સમજણ સમાંતર રહે. શું 'ખોજ'માં એવી અભિવ્યક્તિને 'સ્થાન' મળશે ?

*- બકુલા ઘાસવાલા, વલસાડ*

**પ્રિય વાચકો,**

અમને આશા છે કે 'ખોજ'ના અંક આપને નિયમિત અને સારી સ્થિતિમાં મળતા હશે. જો એમ ના હોય તો, અથવા લવાજમ અંગે અન્ય કોઇ પ્રશ્ન હોય તો અમારી ક્ષમાયાચના સ્વીકારશો અને નીચે આપેલા અગત્યનાં સૂચનો ધ્યાનમાં રાખશો.

- ❖ મેઇલિંગ લેબલ પર આપના ગ્રાહક ક્રમાંકની સાથે લવાજમ પૂરું થતું હોય એ મહિનો/વર્ષ આપ્યા હોય છે, જે ધ્યાનમાં રાખી ફેરલવાજમ મોકલવાનું ચૂકશો નહીં.
- ❖ લવાજમ ભરતી વખતે પૂરું સરનામું, પીનકોડ, ટેલિફોન નંબર લખી મોકલશો.
- ❖ લવાજમની રસીદ સામાન્ય રીતે 'ખોજ'ના એ પછીના અંક સાથે મોકલીએ છીએ. લવાજમ મળ્યાનું પોસ્ટકાર્ડ જોકે તુરંત લખી દઇએ છીએ. જો આપને રસીદની તાત્કાલિક જરૂર હોય તો લવાજમ ભરતી વખતે એની સ્પષ્ટ સૂચના લખશો.
- ❖ જો આપનું સરનામું બદલાયું હોય તો અમને એની જાણ કરશો.
- ❖ કોઇ અંક ના મળ્યો હોય તો જણાવશો. અમે બીજી નકલ મોકલી આપશું.
- ❖ જો ભૂલથી આપના સરનામે બે નકલ આવતી હોય તો અમને જાણ કરશો.
- ❖ શરૂઆતનાં બે વર્ષના જૂના અંકોનો બાઇન્ડિંગ કરાવેલો પૂરો સેટ 'આર્ચ'ના વડોદરા તથા માંગરોળના સરનામેથી મળશે. એની કિંમત (પોસ્ટેજ ખર્ચ સહિત) રૂ. ૨૫૦/- છે અને બહારગામના ચેકમાં રૂ. ૪૦/- ઉમેરવા વિનંતી છે.

# તળિયેથી . . . . .

*- રાજેશ મિશ્રા*

## દળી દળીને કુલ્ડીમાં ભેગું કરતો સમાજ . . .

હાલમાં કવાંટ ખાતે 'વિજય ઈન્દ્રમ ટાઈમ્સ પરિવાર' સંસ્થાના ઉપક્રમે અંગ્રેજી માધ્યમ શાળા, ઘરડાઘર અને જૈન મંદિરના ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો. સ્થાનિક એકમના અગ્રણી વિજયભાઈ રાઠવા અમારા મિત્ર અને જંગલ જમીન જેવા હિંમત માંગી લે તેવા મુદ્દાઓ પર પણ ટેકારૂપ બને તેથી અમે તેમાં ઘનિષ્ઠ રીતે સંકળાયેલા રહ્યા. ભૂમિપૂજનની વિધિ મુખ્યમંત્રીના હસ્તે થઈ તે કારણે કવાંટમાં જંગી રેલી, સંમેલન પણ થયા. તે કાર્યક્રમ બાદ ભાગ લેનાર સૌની સમીક્ષા-બેઠક યોજાઇ. અમારી આખી ટીમ સમીક્ષા-બેઠકમાં હાજર હતી. અમે તો આ કાર્યક્રમને સમર્થક તરીકે પૂરો ટેકો કર્યો હતો તેથી અમને દરેકને ખાસ કોઇ ટીકા ટિપ્પણી ઉદ્ભવી ન હતી. પરંતુ બેઠકમાં હાજર સૌએ પોતપોતાની રીતે ચાલુ કાર્યક્રમમાં અને તે બાદ લોકોના અભિપ્રાયો મેળવેલ હતા અને તે રજૂ કર્યા તે આશ્ચર્ય, આશા અને ઉત્તેજના જગાવે તેવા છે. લોકોએ વ્યક્ત કરેલી એક લાગણી પ્રમુખપણે બધાની વાતોમાં છલકાતી હતી કે ધર્મનો કાર્યક્રમ હતો તેમાં રાજકારણ ભેગું કરવું જ ના જોઇએ. રાજકારણવાળા તેમનો સ્વાર્થ સાધવા આવે છે. એમને ધરમ જોડે કોઇ સંબંધ નથી એટલે ધાર્મિક કાર્યક્રમ હોય ત્યાં ધરમની જ વાત આવવી જોઇએ.

આને સંબંધિત બીજી લાગણી એ વ્યક્ત થઇ કે અમે તો ધરમની વાત જાણવા, સમજવા આવેલા અને રાજકારણ જ થઇ ગયું, ધરમની કોઇ વાત સાંભળવા ના મળી. કવાંટ કાર્યક્રમમાં

## ૭૯ ટકા નાગરિકો રાજકારણીઓને ધિક્કારે છે

| ભારતના રાજકારણીઓ વિષે કેવી લાગણી ધરાવો છો? | | | |
|---|---|---|---|
| | શહેરી | ગ્રામીણ | સરેરાશ |
| **મોટાભાગના રાજકારણીઓ ગમતા નથી** | ૮૩ | ૭૬ | ૭૯ |
| મોટાભાગના રાજકારણીઓ ગમે છે. | ૧૭ | ૨૪ | ૨૧ |
| **ભારતના રાજકારણીઓ ભારતીય લોકશાહીને બદનામ કરે છે.** | | | |
| **હા, રાજકારણીઓ તેવું કરે છે** | ૮૦ | ૭૨ | ૭૬ |
| *ના, રાજકારણીઓ તેવું કરતા નથી* | ૧૨ | ૬ | ૧૪ |
| હું કંઇ કહી શકું તેમ નથી | ૮ | ૧૨ | ૧૦ |
| **સ્ત્રી રાજકારણીઓ પુરુષ રાજકારણીઓ કરતા વધારે - ામાણિક છે?** | | | |
| **હા, વધારે સારા** | ૨૮ | ૪૧ | ૩૫ |
| *ના, બેઉ સરખા જ છે* | ૧૬ | ૩૨ | ૨૪ |
| હું કંઇ કહી શકું તેમ નથી | ૫૬ | ૨૭ | ૪૧ |
| **શું રાજકારણીઓએ ચમચાઓથી દુર રહેવું જોઇએ અને લોકોને વધારે મળવું જોઇએ?** | | | |
| **હા, તેવું કરવું જોઇએ** | ૬૪ | ૭૬ | ૭૦ |
| *ના, ખાસ જરૂર નથી* | ૩ | ૧ | ૨ |
| હું કંઇ કહી શકું તેમ નથી | ૩૩ | ૨૩ | ૨૮ |
| **- ામાણિક લોકો રાજકારણમાં સફળ થઇ શકે ખરા?** | | | |
| **હા, થઇ શકે** | ૨૪ | ૪૭ | ૩૫ |
| *ના, નહીં થઇ શકે* | ૭૬ | ૫૩ | ૬૫ |
| હું કંઇ કહી શકું તેમ નથી | ૦ | ૦ | ૦ |
| **તમારા બાળકને રાજકારણમાં જવા દો ખરા?** | | | |
| **હા** | ૨૦ | ૪૮ | ૩૪ |
| *ના* | ૮૦ | ૫૨ | ૬૬ |

જૈન ધર્માચાર્યો કેન્દ્રસ્થાને હોવા જોઇતા હતા પણ રાજકારણીઓએ તે સ્થાન હડપી લીધું કે આપવામાં આવ્યું અને તે ઘટના વિષયે લોકોના પ્રત્યાઘાતો સાશંક (critical) હતા.

રાજકારણીઓ પ્રત્યે સમાજના ભદ્ર વર્ગોમાં એક ઉપેક્ષિતતા, સૂગ ઘણા સમયથી જોઇ-અનુભવી હતી પરંતુ ગામડાગામના આદિવાસીઓ પણ આ જ વાત કરે તે નવાઇ પમાડે છે. સમીક્ષા બેઠકમાં આ મુદ્દો આવશે તેની કદાચ પ્રમુખ આયોજકોને ખબર નહીં હોય, તેથી ખાસ્સા defensiveમાં મુકાયા અને બચાવ તરીકે જે વાત રજૂ કરી તે અગત્યની છે. તેમનો બચાવ હતો કે એક તો મુખ્યમંત્રીને બોલાવશું એટલે રાજકારણીઓ જ કાર્યક્રમમાં ચઢી બેસશે તેવી કલ્પના ન હતી. અને બીજું કે સત્તાધારી રાજકારણીને બોલાવીએ એટલે પાછળથી સરકારી કામોમાં મુશ્કેલીઓ ઓછી પડે, નાનાં મોટાં કામો માટે ધક્કા ના ખાવા પડે અને ઝડપથી પતી જાય. જમીન ખરીદી તે નામે થવામાં નડતા ૭૩અ અને બીજા પ્રતિબંધો સામે આવશ્યક પરવાનગીઓ મળી ગઇ, NA કરવા સંબંધી પરવાનગીઓ મળી ગઇ અને હવે શાળા માટેની પરવાનગીઓ પણ ઝડપથી મળી જશે. આયોજકોના બચાવ પછી ટીકાઓની ઉગ્રતા તો ઠંડી થઇ પણ ભવિષ્યમાં ધ્યાન રાખવાનું બધાએ સૂચવ્યું.

આ જ દિવસોમાં આઉટલૂક મેગેઝીને તેના માર્ચ ૨૭ના અંકમાં લોકો રાજકારણીઓને શા માટે ધિક્કારે છે? તે શીર્ષક હેઠળ સર્વે પ્રકાશિત કરેલો. અમારો તળનો અનુભવ અને આઉટલૂકનો સર્વે એકબીજાના અનુસંધાને છે, જેનાં તારણો બોક્ષમાં આપેલાં છે.

| રાજકીય પક્ષો તેમના આદર્શો વિચારસરણીને દિલથી માને છે ખરા? | | | |
|---|---|---|---|
| હા | ૧૬ | ૨૦ | ૧૮ |
| ના | ૮૪ | ૮૦ | ૮૨ |
| **વારતહેવારે રાજકારણીઓના કાર્યક્રમો અને ચળવળોમાં ભરોસો પડે છે?** | | | |
| હા | ૮ | ૨૪ | ૧૬ |
| ના | ૯૨ | ૭૬ | ૮૪ |
| **રાજકારણીઓ સામાન્ય લોકોની પરવા કર્યા વિના ટ્રાફિક જામ કરી દઇ સડસડાટ આગળ નીકળી જાય છે તે પર તમને ગુસ્સો આવે છે?** | | | |
| હા | ૮૮ | ૭૩ | ૮૦ |
| ના | ૧૨ | ૨૭ | ૨૦ |

(સંશોધન સંસ્થા $C_{fore}$ એ દેશનાં પ્રમુખ નગરો દિલ્હી, મુંબઇ, કલકત્તા અને બેંગ્લોર તથા તેની આજુબાજુનાં ગામડાઓમાં ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૭ દરમ્યાન હાથ ધરેલ સર્વેનાં તારણો. રેન્ડમ પદ્ધતિથી ૧૦૨૨ નાગરિકોએ (સ્ત્રીઓ સહિત) સર્વે ફોર્મ ભરેલ આઉટલૂક માર્ચ ૨૭,૨૦૦૭ના અંકમાંથી સાભાર.)

સમીક્ષા-બેઠક પછી મન ચગડોળે ચઢ્યું : નાગરિક સમાજનું કૌવત ક્યાં ક્યાં કેવી રીતે હણાઇ રહ્યું છે ? વ્યક્તિઓ, જૂથો, સંસ્થાઓ, ધર્મ, અખબારો, વિચારપ્રકાશનો, રૂઢિઓ, જ્ઞાતિઓમાં વહેંચાયેલા આપણા નાગરિક-સમાજને કુંઠિત કરી દે તેવા એક કરતાં અનેક જાળાઓ પાથરી દીધા અને આજે આપણે તેમાં ફસાઇ નથી ગયા? એક વખત ફસાયા પછી દરેક પોતપોતાના ગજા મુજબનું હીર નથી ગુમાવી રહ્યું ? સામાન્ય વ્યક્તિ તો એકલદોકલ પ્રસંગે રાજકારણીઓની અડફેટે આવી જાય તો દૂરથી સલામ કરી કદાચ છટકી જઇ શકે અને રાજકારણીની નજીક છે તેવો વટ પાડવા કદાચ સ્વમાન નેવે મૂકી ચાપલૂસી પણ કરી લે, પણ ધર્માચાર્યો કે સંસ્થાઓની *હાલત તો 'આખી જિંદગી ડોશીએ દળણું કર્યું અને કુલડીમાં ભેગું કર્યું'* તેવી થાય. વેંતિયા કદના રાજકારણીઓ અને તેમના અધિષ્ઠાતા દેવ-*રાજ્ય*-ને એવા વજનદાર બનાવી દેવાયા કે હવે નાગરિક સમાજનાં બધાં અંગો તેના ચુંબકીય બળથી ખેંચાઇને આમથી તેમ સમય અનુસારનું નાચ ગાન કરી રહ્યાં છે. એકલદોકલ વ્યક્તિ જ્યારે આવું કરે છે ત્યારે વધારેમાં વધારે પોતાનું સ્વમાન ગુમાવે છે પરંતુ જ્યારે ધર્માચાર્યો કે તેવી સંસ્થાઓ કે બુદ્ધિજીવીઓ, કટાર લેખકો આવું કરે છે ત્યારે નાગરિક- સમાજનું હીર દેવાળે કાઢી રહ્યા છે. નાગરિક-સમાજ કે નાગરિક-સમાજનું કૌવત ઘણે બધે અંશે નિઃસહાય સ્થિતિમાં છે. દારૂડિયા, છાકટા અને રોજ રાત્રે આવીને મારતા પતિને તેની પત્ની ગમે તેટલી ધિક્કારે તો પણ તે તેના પતિને છોડી શકતી નથી (જો કે આવા સંજોગોમાં આર્થિક-સમાજિક કમજોરી ઉપરાંત લાગણીનો આછોપાતળો દોર પણ હોઈ શકે.) તેના કરતાં પણ ખરાબ હાલત નાગરિક સમાજ અને રાજકારણીઓ કે રાજ્યસંસ્થા વચ્ચેના સંબંધની છે. પરવાનાઓ, મંજૂરીઓ, ના વાંધા પ્રમાણપત્રો (NOC) આપવા અંગેના અટપટા વિધિવિધાનનાં જંગલો અને છેવટે રાજ્ય, રાજકારણીઓ અને તેમના અનુચર અધિકારીઓના મનસ્વી એકહથ્થુ શાસને આઝાદી બાદના છ દાયકામાં નાગરિક સમાજના આત્માને હણી લીધો છે. એક ઓપરેશન સમયે

અનેક ડિગ્રી ધરાવતા ડોક્ટરના દવાખાને રોકાવાનું બન્યું. અચાનક મ્યુનિસિપાલિટીનો નિયમભંગ કે એવી કોઇ સમસ્યા ઊભી થઇ. આપણે ત્યાંનું શિક્ષણ વળી એક ઈન્દ્રિયનું અને તેમાં કાયદાભંગની બીક. હવે શું થશે તેના ડરથી ડોક્ટર હાલી ગયેલા. તરત જ વિસ્તારના આગેવાન પપ્પુભાઇને ફોન કર્યો. બાવીસ-પચીસ વર્ષના પપ્પુભાઇએ આવીને બાજી સંભાળી લીધી. પપ્પુભાઇએ ઉદ્ધારકની અદાથી ડોક્ટરને નિશ્ચિંત કરતા કહ્યું, તમે તમારે બેફિકર રહો, બધું પતાવી દઇશું. ડોકટરની આંખોમાં અહોભાવ સમાતો ન હતો. સાથેના તેમના સ્ટાફમિત્રોની તો વાત જ શું કરવી ? પપ્પુભાઇ રૂપી મસીહાએ ચમત્કાર કર્યો તેવું વાતાવરણ પળવાર ઊભું થઇ ગયું. છેક ગામ, શેરી, કે વિસ્તારના સ્તરે પપ્પુભાઇઓ, લાલાભાઇઓ; તો રાજ્ય-દેશના સ્તરે તેમનાથી મોટાભાઇઓની દયામાયા પર નાગરિક-સમાજના દરેક જણે કોઇ ને કોઇ રીતે આધાર રાખવો પડે છે. છેવટે ભારોભાર ધિક્કાર હોવા છતાં વામણા બનીને આત્માને વિરોધ કરતો અટકાવી દેવો પડે છે. સમાજના દરેક ઘટક- પછી તે મહાજન મંડળો હોય કે મજૂરીયા વર્ગ એકંદરે સૌ આપબળે, આપબુદ્ધિએ ગજુ કાઢે છે અને તે છતાં સાવ જ પરોપજીવી રાજકારણીઓ આગળ મહાજનો, અખબારી જૂથો, કટાર લેખકો, ધર્માચાર્યો-ધાર્મિક સંસ્થાના વહીવટકર્તાઓ compromised થઇ જાય છે. સમાજઘટનાના વિશ્લેષકોને પડી જ નથી, પોતાનું કરી લેવું છે, ટીવી-સીનેમાના કેફમાં જ રાચ્યા રહેવું છે, એવાં તારણો પર પહોંચી અટકી જાય છે. ■

## રોજગાર ખાતરી કાયદો - કેટલી રોજગારી મળી ?

*- તૃપ્તિ પારેખ*


રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી કાયદા ૨૦૦૫ હેઠળ સૌથી પહેલા તબક્કામાં દેશભરમાં જે ૧૦૦ જિલ્લાઓ પસંદ કરવામાં આવેલા એમાં એક જિલ્લો નર્મદા હતો. દેડિયાપાડાના સુરપાણેશ્વર અભયારણ્યના અમારા સંગઠનનાં ગામોમાં ૧૯૯૪ થી ૧૯૯૮ સુધીનો કેન્દ્રની રોજગાર ખાતરી યોજનાનો જે અનુભવ થયેલો તે અત્યંત ખરાબ હતો. તેમ છતાં, આ તો કાયદો છે અને પ્રયત્ન કર્યા વિના નિરાશાજનક અભિપ્રાય બાંધી દેવાને બદલે ફરી પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. કાયદાની જોગવાઇ મુજબ લોકોએ અરજીઓ કરી. અલબત્ત, આ કાયદો રોજગારી માંગનારને જ રોજી આપતો હોવાથી, જાણકારીના અભાવે કે અરજી કરવાના ખાસ અભિક્રમને અભાવે ઘણાં ગામોમાંથી અરજીઓ જ ન થઇ. જોબકાર્ડ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૦૬માં મળ્યાં. ત્યાર બાદ કયાં કામો કરવાં તેનો પ્રશ્ન આવ્યો. લોકોની ઇચ્છા હતી ખેતરોમાં પાળાબંધીની અને કૂવાની. પણ મોટાભાગનાં ગામોમાં તલાટીઓએ ખેતતલાવડી ચાલુ કરવાનું જણાવ્યું. એમાં તલાટી કે દેખરેખ રાખનાર અધિકારીને મુખ્ય ફાયદો એ કે દેખરેખ રાખવાનું, માપ આપવાનું, કામ માપવાનું વગેરે એક જ સ્થળે કરવાનું હોય. જો ખેતરોની પાળાબંધીનું કામ લેવામાં આવે તો ખેતરે ખેતરે ફરવું પડે. તેથી સ્વાભાવિકપણે મોટાભાગનાં ગામોમાં ગોચરની જમીનમાં ખેત તલાવડી ચાલુ કરવામાં આવી. આ ગામોમાં જયાં હજુ પાળાબંધી, જમીન સુધારણા કે ભેજ સંગ્રહનાં શરૂઆતના તબક્કામાં થવાં જોઇએ એવાં પાયાનાં જ કામો હજુ સુધી ના થયાં હોય ત્યાં ખેતતલાવડી બનાવવાથી કોઇ અર્થ ના સરે. એ બહુ બહુ તો ખાડા ખોદવા અને પૂરવા જેવું કે બાબરા ભૂતનું થાંભલે ચડવા ને ઊતરવા જેવું જ પુરવાર થાય. લોકોને રોજગારી મળે, પણ ગામમાં કોઇ ઉપયોગી અસ્કયામત ઊભી ના થાય.

બે-ત્રણ ગામોને બાદ કરતાં બીજાં ગામોમાં લોકોએ ખેતતલાવડીની ના પાડી. તલાટીઓનો પહેલો પ્રતિભાવ તો એ જ આવ્યો કે તમારા ગામ માટે આ વર્ષે ખેતતલાવડી તાલુકેથી નક્કી થઇને આવી છે. કાયદાનો અભ્યાસ કરતાં માલુમ પડ્યું કે કામોની પસંદગી ગ્રામસભાના સૂચન અનુસાર ગ્રામપંચાયતે કરવાની હોય છે, નહીં કે તાલુકા કક્ષાએ. તેથી ગ્રામસભાની કૂવા તથા પાળાબંધી માટેની પસંદગી દર્શાવતી અરજીઓ લોકોએ ઓક્ટોબર-નવેમ્બરમાં કરી. તથા કાયદાની જોગવાઇ મુજબ અરજીમાં ૧૫ ડિસેમ્બર ૨૦૦૬થી કામ ચાલુ કરવાની માંગણી કરી.

૧૫ ડિસેમ્બર આવી ને ગઇ. પાળાબંધીનું કામ કોઇ ગામમાં ચાલુ ના થયું. કૂવા માટે બે ગામોમાં તલાટીએ ખાતેદારોનાં કાગળિયાં તૈયાર કર્યાં, પણ કામ ચાલુ ના થયું. બે ગામમાં રસ્તાનું કામ ચાલુ થયું, એમાંથી એક ગામમાં બે જ દિવસ ચાલીને બંધ કરવું પડયું, કારણ કે એક ખાતેદારના ખેતરમાંથી રસ્તો જતો હોવાથી એણે વાંધો લીધો. જમીન સંપાદન કે યોગ્ય વળતર ચૂકવ્યા વગર બારોબાર રસ્તો કાઢવાનો હોવાથી ખેડૂતનો વિરોધ પણ વાજબી હતો. (અત્રે એ બાબતની નોંધ લઇએ કે આ જ ગામમાં ૧૯૯૪માં ગામલોકોએ સ્વેચ્છાથી અને વિના કોઇ મજૂરીએ લગભગ ૨૫ દિવસ કામ કરીને બસ અને વાહનવ્યવહાર માટેનો રસ્તો તૈયાર કરેલો ત્યારે એક-બે વ્યક્તિનાં ખેતરોમાંથી રસ્તો પસાર થતો હતો, જેની જમીન એમણે સ્વેચ્છાએ આપેલી.) અલબત્ત, રોજગાર ખાતરી કાયદા હેઠળ રસ્તાનાં કામો માટે જમીન સંપાદન અંગેની કોઇ ચોખવટ કે નાણાંની કોઇ ફાળવણી નથી. તેથી રસ્તાનાં કામ આ કાયદા નીચે કેટલા અંશે થઇ શકશે એ સવાલ રહે જ છે. બીજા ગામમાં તલાટી અને ગામલોકોના

ઉત્સાહ અને મનમેળ હોવાથી લગભગ ૧૫-૨૦ દિવસ કામ ચાલ્યું, પણ પછી બંધ થઈ ગયું. તલાટી અને પ્રોગ્રામ ઓફિસરે સ્પષ્ટ જણાવ્યું કે ઉપરથી પૈસા જ નથી આવ્યા. પૈસા વગર અમે કામ કેવી રીતે કરાવીએ? પૈસા ન હોવાના કારણે એક ગામમાં ખેતતલાવડીનું કામ પણ બંધ કરવામાં આવ્યું.

બાકીનાં ગામોમાં ૧૫ ડિસેમ્બરથી કામ ચાલુ ના થયું, તેથી કાયદા મુજબ લોકોએ બેરોજગારી ભથ્થું માગ્યું. તે પણ ના મળ્યું, અને કોઈ જવાબ પણ ના મળ્યો. કામ શા માટે ચાલુ ન થયું અને ક્યારે થશે તે અંગે માહિતી અધિકારના કાયદા હેઠળ માહિતી માગી ત્યારે પ્રોગ્રામ ઓફિસર તરફથી જવાબ મળ્યો કે જંગલ વિસ્તારનાં ગામોમાં રોજગારીનાં કામો ચાલુ થઈ શકે એમ નથી! (જુઓ પત્ર) વનવસાહતનાં તમામ ગામોમાં રોજગારી આપવામાં આવી નથી.


જા.નં./
એન.
તા. ડેડી
તારીખ ૨૩/૧/૦૭

શ્રી ભંગડાભાઈ રાજ્યાભાઈ વસાવા,
ગામ:- ડાબકા. (ગ્રા.પં.-સામોટ)
તાલુકા- ડેડીયાપાડા.

વિષય:- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળના કામની માહિતિ બાબત.

ઉપરોક્ત વિષયે તા. ૧૫-૧-૨૦૦૭ ની આપની અરજીના સંદર્ભમાં જણાવવાનું કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ આપના ગામના બે કુવા મંજુર થયેલ છે.

તા. ૧૦-૧-૨૦૦૭ ની આદર્શ નિવાસી શાળા ડેડીયાપાડા ખાતે અધિક જિલ્લા કોઓર્ડીનેટર શ્રી દ્વારા યોજવામાં આવેલ મીટીંગમાં સુચના આપવામાં આવેલ છે કે જંગલ વિસ્તારમાં આવતાં ગામોમાં કોઈપણ બાબતની કામગીરી એન.આર.ઈ.જી.એ. મારફત કરવાની નથી જેથી ડાબકા ગામ જંગલ વિસ્તારમાં આવતું હોય અત્રેથી કામગીરી હાથ ધરવામાં આવેલ નથી જેની જાણ થવા વિનંતી.

પ્રોગ્રામ ઓફીસર,
(એન.આર.ઈ.જી.એ.)
ડેડીયાપાડા.

આ કહાણી દેડિયાપાડાનાં ૧૮ ગામોની છે, જ્યાં રોજગારીની આ હાલત છે. સેમ્પલ સાઈઝ ખૂબ નાની છે. બીજાં ગામોની સીધી જાતમાહિતી નથી. પણ સાંભળ્યું છે કે બધે જ લગભગ આ સ્થિતિ છે. તમારા વિસ્તારમાં પણ આ કાયદો અમલી હોય તો તેના અમલના તમારા અનુભવ લખી મોકલશો.

આ કાયદો અધિકૃત રીતે ફેબ્રુઆરી ૨૦૦૫થી અમલમાં આવ્યો છે. આ માર્ચમાં એ બે વર્ષ પૂરાં કરે છે. ૨૦૦૫માં આ કાયદાનાં જ્યારે ચોફેરથી વધામણાં થઈ રહ્યાં હતાં ત્યારે માર્ચ-એપ્રિલ ૨૦૦૫ના 'ખોજ'ના પહેલા અંકમાં અમે સાવચેતીના સૂરે અને થડકતા દિલે લખ્યું હતું કે દેશની કેટલીય કલ્યાણકારી યોજનાઓના પંથે જ આ કાયદો પણ નહીં જાય એની શી ખાતરી? કરવેરા વધારતા જઈને આવી યોજનાઓ ઊભી કરવાથી પણ ખરેખર લક્ષિત જૂથોને-ગરીબોને એના લાભ નથી મળતા એ હવે દીવા જેટલી સ્પષ્ટ બાબત બની ગઈ છે. તેમ છતાં ભૂતકાળના એના અમલનું આપણે નથી આકલન કરતા કે સરવૈયું કાઢતા અને નથી એમાં કોઈ સુધારા (correctives) લાવતા. હવે ચાલુ નાણાંકીય વર્ષથી દેશના વધારાના ૧૦૦ જિલ્લાઓને અમલ નીચે આણવામાં આવ્યા છે!

અમે જ્યારે સાવચેતીનો સૂર કાઢ્યો હતો ત્યારે પણ મને ઊંડે ઊંડે આશા કે આશાસહ ઈચ્છા હતી કે એડમિનીસ્ટ્રેટીવ રિફોર્મનું વચન આપનાર મનમોહનસિંહ કે 'Outlays are not outcomes' ની સમજ સાથે બજેટ પેશ કરનાર ચિદમ્બરમ્ આ કાયદાના અમલને કડક બનાવશે. કદાચ એક દિવસ એવો આવશે કે પ્રત્યેક ગરીબ કુટુંબના હાથમાં વર્ષે દહાડે રૂ.૬૦૦૦ની સીધી આવક આવશે, કદાચ એમની જમીનો સુધરશે અને પાણીનાં તળ ઊંચાં આવશે. . .પણ એ દિવસ હજુ સુધી તો આવ્યો નથી. માત્ર આકાશ તરફ મીટ માંડીને બેઠેલા ચાતકની જેમ હજુ આપણે આશા રાખ્યા કરીએ – વો સુબહા કભી તો આયેગી. . . વો સુબહા કભી તો આયેગી. ■

# સિંહ ભૂમિ ગીરનું સંરક્ષણ

*- રેવતુભા રાયજાદા*

*[ગીરના સિંહોના શિકારથી સૌ ચોંકી ઊઠયા છે. ગીરની હાલત પણ 'સરિસ્કાવાળી' - 'વાઘવાળી' ના થઈ જાય એ માટે સૌ સાબદા થઈ ગયા છે. મુખ્યમંત્રીશ્રીએ તત્કાલ મુલાકાત લઈને વધુ નાણાં ફાળવ્યાં છે, વન વિભાગને વિજિલન્સમાં મદદ કરવા માટે સ્થાનિક લોકોની સહાય લેવાનું વિચારાયું છે. માર્ચની ૧લી અને ૩૦મીએ બે મોટા શિકારના બનાવો બની ગયા, જેમાં ૩ સિંહ, ૨ સિંહણ, ૧ સિંહનું બચ્ચું અને એક હાયનાના શિકાર થયા. ૧લી માર્ચના શિકાર બાદ શ્રી રેવતુભાએ લખીને મોકલાવેલો લેખ અત્રે આપીએ છીએ, જેમાં એમણે સ્થળ પરની વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં લઈને આવી પરિસ્થિતિ નિવારવાના વ્યવહારુ ઉપાયો સૂચવ્યા છે. - સં.]*

ગીર અભયારણ્યમાં હાલમાં માર્ચની શરૂઆતમાં ત્રણ સિંહોના શિકારની ઘટના બની. પોણા ભારતમાં ફેલાયેલ સિંહ વધતા માનવ-વસવાટને કારણે સંકોચાતા ગયા અને છેલ્લે જૂનાગઢ જિલ્લામાં આવેલ ગીર નામે ઓળખાતા વિસ્તારમાં જ રહ્યા છે.

હાલ આ રક્ષિત વિસ્તાર માત્ર ૧૪૧૨ ચો.કિ.મી. છે. ઘણા બધા ઉતાર-ચઢાવ વચ્ચે સિંહોનું અસ્તિત્વ રહ્યું છે. ભારતની આઝાદી પહેલાંના સમયમાં રાજા-મહારાજાઓ-નવાબો અને શોખીન અંગ્રેજી શિકારીઓના હાથે સિંહો મરતા રહ્યા. પરંતુ ૨૦મી સદીની શરૂઆતમાં જૂનાગઢના નવાબે આ વિસ્તારમાં સિંહોની શિકારબંધી ફરમાવી અને સિંહો કંઈક અંશે સુરક્ષિત થયા.

સિંહોનું અસ્તિત્વ ટકાવવામાં ગીર આસપાસમાં વસતા લોકોનો સિંહફાળો કહી શકાય. જંગલ છોડીને અવાર-નવાર ખેતરાઉ વિસ્તાર અને ગામડાં સુધી પહોંચતા સિંહો અને પોતાના માલ-ઢોરનાં થતાં મારણ, ખેતી-કામમાં પડતી હાલાકી સહન કરીને પણ સિંહો પ્રત્યે લાગણી રાખી 'સાવજ ઉમદા જાનવર, ભગવાન નૃસિંહનો અવતાર' ગણીને સાચવ્યા છે.

ગીર આસપાસ વસતા લોકો મોટાભાગે શાકાહારી છે અને હિંસાને મહાપાપ સમજે છે, તેથી અન્ય તૃણાહારી પશુઓ પણ સલામત રહ્યાં જે સિંહોનો ખોરાક છે. અવાર-નવાર ગીર વિસ્તારનાં ગામોની મુલાકાતમાં જ્યારે પુછાય કે, 'તમારા જાનવરોને સિંહ મારે તો તમને કેવું થાય?'

ત્યારે ઉત્તર મળતો, 'બાપા, ઈ તો એનો ખોરાક છે, અને અમે સાવજના વિસ્તારમાં રહીએ છીએ તો કર તો ભરવા પડે ને!'

આ ભાવથી સિંહો સચવાય છે. પણ આ બધું હવે ભૂતકાળ બની રહ્યું છે. ટુરિઝમના વિકાસ સાથે જ ઝાકઝમાળ વાળી કારોમાં આવતા ટુરિસ્ટ્સને તેના મોંઘા કેમેરા અને બે દિવસના તેના જલસા સાથે જોઈ લેવા આ સામાન્યજનો ભૌતિક સમૃદ્ધિનાં સ્વપ્ન જોતા શીખ્યા છે. પરિણામે પોતાના વિસ્તારની ખેવના કરવાનું વિસરાતું જાય છે. અમારા આટલાં વરસોના અનુભવે અમે જોયું અને અનુભવ્યું છે કે ભૂતકાળમાં સામાન્ય વનકર્મીઓ ગીરનાં વનો અને વન્ય જીવોની સાચવણીમાં રાત-દિવસ જોતા નહીં. હવે આવું નથી થતું. વન્યપ્રાણીઓ પ્રત્યેનો માનવીય અભિગમ બદલાતો ચાલ્યો છે.

જેમ વાઘભૂમિઓમાં થાય છે એવું આ સિંહભૂમિમાં બન્યું અને વિચિત્રતા એ છે કે અમદાવાદની કર્ણાવતી કલબમાં 'વેનીશીંગ હર્ડ ફાઉન્ડેશન' અને વનવિભાગ દ્વારા લુપ્ત થતી જાતિ પર આંતરરાષ્ટ્રીય સેમિનાર ચાલતો હતો ત્યારે જ ગીરમાં ત્રણ-ત્રણ સિંહોને મારીને શિકારીઓ તેનાં હાડકાં-નખ સહિત બધું આસાનીથી લઈ ગયા !

અમને ગીરના સંરક્ષણમાં કેટલીક ખૂટતી કડી દેખાય છે જે આ પ્રમાણે હોઈ શકે. ગીરના રક્ષિત વિસ્તારમાંથી કેટલાક રસ્તાઓ પસાર થાય છે. જેવા કે-

૧. ધારી-કોડીનારનો રસ્તો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખુલ્લો રહે છે અને લોકોની ચહલ-પહલથી ધમધમે છે, જેમાં કોઈ પ્રવેશ ફી લેવાતી નથી.

૨. સાસણ-વિસાવદરનો રસ્તો રાત-દિવસ ચાલુ રહે છે. ભૂતકાળમાં આ રસ્તો રાત્રિ દરમ્યાન બંધ કરવામાં આવેલો, પરંતુ કેટલાક રાજકીય હસ્તક્ષેપને કારણે એ ચાલુ કરી દેવામાં આવ્યો.

૩. તાલાળા-જામવાળા રસ્તો રાત-દિવસ ચાલુ છે. એ ચાલુ રાખવો પડે એમ છે કારણ કે એ રોડ પરનાં ઘણાં ગામો માટે એ જ એક રસ્તો છે.

# સિંહની વસ્તી ગણતરી

વૈજ્ઞાનિક રીતે સિંહની વસ્તી ગણતરી ૧૯૫૦થી શરૂ થઇ. રાજકુમાર કોલેજ, રાજકોટના પ્રિન્સિપાલ શ્રી એમ.એ.વિન્ટરબ્લીથ દ્વારા ''સિંહનાં પગલાંની છાપ'' પદ્ધતિ દ્વારા પ્રથમ અંદાજિત વસ્તી ગણતરી થયેલ. આમ ૧૯૫૦માં પ્રથમ વખત વૈજ્ઞાનિક રીતે સિંહની ગણતરી થઇ અને તેનો અંદાજ ૨૧૭ થી ૨૨૭ જેટલો નોંધાયેલ છે. સિંહનાં પગલાંના નિશાનમાં સુક્ષ્મ અંતર હોય છે, જે ત્યાંના 'પગી' બરાબર ઓળખી શકતા હોય છે. પગના નિશાન પરથી નર, માદા, 'પાઠડું'(તરુણ - સિંહબાળ) ને ઓળખવાનું કૌશલ્ય તેઓ પાસે સહજ હોય છે.

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા બાદ ૧૯૬૩માં ગુજરાત વન વિભાગ દ્વારા સિંહ ગણતરી અંદાજવામાં આવી. આ વખતની ગણતરી પગલાંની છાપના આધારે અને 'કલર માર્કીંગ' પદ્ધતિ દ્વારા કરવામાં આવી, જેમાં પગલાના નિશાન ઉપરાંત માચડા પર બેસીને સિંહના શરીર પર રંગ કરેલો ફુગ્ગો મારી નિશાન કરવામાં આવતું અને ગણતરીનો અંદાજ મૂકવામાં આવતો.

૧૯૬૮ની ગણતરીમાં ઉપરોક્ત બન્ને ગણતરી કરતાં વધુ વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવાઇ. આ પદ્ધતિમાં મારણ આપીને સિંહની ગણતરી કરવામાં આવી. આ ગણતરી મે માસમાં જ રખાતી. મે મહિનામાં પાણીના સ્રોતો ઓછા હોય, ચોવીસ કલાકમાં સિંહ એક વખત પાણી પીવા આવે જ. આવા તમામ વોટર પોઇન્ટ ઉપર મચાન બાંધવામાં આવે અને તેના પર ગણતરીકારો બેસે. ત્રણ દિવસ દરમ્યાન પાણી પીવા આવતાં તમામ વન્ય પ્રાણીની નોંધ નિયત ફોર્મમાં ભરતા રહે છે. ત્યારબાદ જે બ્લોકમાં સિંહ હોય તેને મારણ આપવામાં આવે. માણસની જરૂરિયાત રોટી, કપડા, મકાન છે. પણ સિંહને માત્ર ખોરાક જ જોઇએ અને એ મળી જાય પછી જે તે જગ્યાએ પડી રહે અને તે મોટેભાગે વોટર પોઇન્ટની પાસે હોય. આમ વસ્તી ગણતરી કરવામાં આવતી. ૧૯૯૫ સુધી આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો.

૨૦૦૧માં કેટલાંક કારણોસર આ પદ્ધતિ છોડી દેવામાં આવી અને ''ટોટલ કાઉન્ટ બાય ડાયરેક્ટ સાઇટીંગ ઇન બ્લોક'' પદ્ધતિ દ્વારા સિંહની વસ્તીનો અંદાજ કરવામાં આવેલ. ૨૦૦૫માં પણ આગોતરું આયોજન કરવામાં આવ્યું. એપ્રિલ ૨૦૦૫ માં થયેલી વસ્તી ગણતરીમાં એશિયાઇ સિંહની વસ્તી ૩૫૯ કરતાં વધારે અંદાજવામાં આવી. જેમાં દેવળિયા પાર્કના ૧૧ સિંહ અલગ ગણવામાં આવ્યા.

આમ ૧૯૧૧માં અપાયેલ રક્ષણથી જૂજ માત્રામાં બચેલા સિંહોની સંખ્યા ૩૫૯ સુધી પહોંચી તેનો યશ પ્રથમ તો ગીર આજુબાજુ વસતા લોકોને જાય છે. તેઓએ નુકસાની સહન કરીને પણ સિંહોને ચાહ્યા છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ, કેટલાક પ્રકૃતિ પ્રેમીઓ અને કેટલાક નિષ્ઠાવાન વન કર્મચારીઓની મહેનતથી ગીરમાં સાવજની ડણક સંભળાય છે. ■

| અનુ. | વિસ્તાર/ક્ષેત્ર | પુખ્ત નર | પુખ્ત માદા | પાઠડા સિંહ (સબ એડલ્ટ) | સિંહ બાળ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગીર અભયારણ્ય - રાષ્ટ્રિય ઉદ્યાન તથા સંલગ્ન વિસ્તાર | ૬૮ | ૧૦૦ | ૬૧ | ૬૨ | ૨૯૧ |
| ૨ | ગીરનાર વન વિસ્તાર | ૫ | ૫ | ૫ | ૨ | ૧૭ |
| ૩ | ઉના-કોડીનાર-સુત્રાપાડા દરિયાકાંઠાનો વિસ્તાર | ૭ | ૫ | | | ૧૨ |
| ૪ | મિતિયાળા અભયારણ્ય, સાવરકુંડલા લીલીયા તાલુકા તથા સંલગ્ન ભાવનગર જિલ્લાનો વિસ્તાર | ૯ | ૧૪ | ૬ | ૧૦ | ૩૯ |
| | **કુલ** | **૮૯** | **૧૨૪** | **૭૨** | **૭૪** | **૩૫૯** |
| ૫ | દેવળિયા ઈન્ટરપીટેશન ઝોન | ૧ | ૪ | ૩ | ૩ | ૧૧ |

૪. જૂનાગઢ-વેરાવળ સ્ટેટ હાઈવે છે જે બંધ ન કરી શકાય.

પરંતુ જે રાત્રિ દરમ્યાન બંધ થઇ શકે છે તેમને બંધ કરવા અને અન્ય રસ્તાઓ પર એન્ટ્રી ફી અને કડક ચેકીંગ હોવું જરૂરી છે.

**ધાર્મિક સ્થળો -** ગીર અભયારણ્યમાં કનકાઇ માતાજી, બાણેજ અને તુલસીશ્યામ જેવાં પ્રખ્યાત ધાર્મિક સ્થળો આવેલાં છે. એ ઉપરાંત વીસેક જેટલાં અન્ય નાનાં-મોટાં મંદિરો આવેલાં છે. કનકાઇ-બાણેજ જનારા માટે કોઇ ફી લેવાતી નથી. આ સ્થળોએ રાત્રી રોકાણની મનાઇ છે. મોટે ભાગે બન્ને જગ્યાએ અસંખ્ય લોકો રાત્રી રોકાણ કરે છે. આ રાત્રે રોકાનારાઓમાં શ્રદ્ધાળુઓની સંખ્યા નહીંવત્ છે પણ સાથે દારૂ લઇને જુગાર રમનારની સંખ્યા મોટી હોય છે. અમને ત્યાંથી અવાર-નવાર આવા પુરાવા મળ્યા છે.

આવાં સ્થળોમાં જનારા પાસેથી એન્ટ્રી ફી લેવી જોઇએ અને રાત્રી રોકાણ નિષેધનું કડક પાલન થવું જોઇએ. કોઇ વ્યક્તિ સાસણમાં ટુરીસ્ટ તરીકે આવે તો તેને ૨૫-૩૦ કી.મી.ની એક ટ્રીપમાં લગભગ બેથી અઢી હજારનો ખર્ચ થાય છે. પણ મધ્ય ગીરમાં આવેલ કનકાઇ-બાણેજ જવામાં કોઇપણ જાતનો ખર્ચ થતો નથી. આપણી કહેવત અનુસાર ‘ખાળે ડુચા અને દરવાજા ખુલ્લા’ જેવી સ્થિતિ છે.

**અપૂરતો સ્ટાફ -** ગીરની જાળવણી માટે જેટલા વનકર્મીઓ જોઇએ એટલા નથી. અસંખ્ય જગ્યાઓ ખાલી પડી છે.

વન વિભાગનું વ્યવસ્થાપન કંઇક આવું હોય છે. બીટ-રાઉન્ડ-રેન્જ. કેટલીક બીટનો એક રાઉન્ડ બને છે. દરેક બીટ ઉપર નજર રાખવા એક બીટગાર્ડ હોય છે. કેટલાક રાઉન્ડની એક રેન્જ બને છે. દરેક રાઉન્ડની જવાબદારી રાઉન્ડ ફોરેસ્ટની હોય છે અને દરેક રેન્જની જવાબદારી રેન્જ ફોરેસ્ટ ઓફિસર ઉપર હોય છે. તેની ઉપર આસીસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, તેની ઉપર ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ. તેના અધિકારી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ હોય છે.

આ બધામાં બીટગાર્ડ એ અગત્યની વ્યક્તિ ગણાય કારણ કે વન પર તેની સીધી દેખરેખ હોય છે. હવે ગીરમાં બીટગાર્ડની ઘણી બધી જગ્યા ખાલી પડી છે એટલે કે રેઢો પટ છે. લાંબા સમયથી નવી ભરતી થયેલ ન હોવાથી મોટા ભાગનો સ્ટાફ ૫૦ની ઉંમર વટાવી ગયો છે. તેથી સ્વાભાવિક રીતે તેઓની કાર્યક્ષમતા ઘટી હોય. આમાંના કેટલાક ડાયાબીટીસ અને હૃદયરોગ અને અન્ય રોગથી પીડાય છે. જેથી પોતાની જવાબદારી નિભાવવામાં ઊણા ઊતરે તે સ્વાભાવિક છે. આવા કર્મચારીઓને કોઇ અન્ય જગ્યાએ બદલી કરી નવા લોકોને સંરક્ષણની જવાબદારી સોંપવાની જરૂરિયાત છે.

**નાયબ વન સંરક્ષકનું મથક -** ગીર અભયારણ્યને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે, પૂર્વ ગીર અને પશ્ચિમ ગીર. બન્ને વિભાગના વડા નાયબ વન સંરક્ષક કક્ષાના અધિકારી છે. બન્નેના મથક અભયારણ્યથી દૂર છે. પૂર્વના વડાનું મથક અમરેલી જિલ્લાના ધારી ગામમાં છે, તો પશ્ચિમ વિભાગના વડાનું મથક જૂનાગઢમાં છે. ખરેખર તેઓનું મથક ગીરમાં જ હોવું જોઇએ.

**પ્રકૃતિ શિક્ષણ શિબિર -** વન વિભાગ દ્વારા દર વરસે ધો. ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓની જાગૃતિ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાય છે. આવી શિબિરોના પ્રશિક્ષકો માટે ૧૯૮૮માં જુદા-જુદા વિસ્તારમાં ટ્રેનીંગ કેમ્પ થયેલા. આ લખનારે પણ એ તાલીમ લીધેલ છે. તે પ્રમાણે આ શિબિરો થાય છે પણ તેમાં યાંત્રિકતા અને કંઇક સ્થગિતતા આવી હોય એવું લાગે છે. જેથી નવા પ્રશિક્ષકો તૈયાર કરવાની જરૂરિયાત છે. આ શિબિરો જન જાગૃતિમાં અગત્યની પુરવાર થાય છે. અમે કેટલાક મિત્રો માનીએ છીએ કે આ પ્રમાણેનું કંઇક કરાય તો ગીર અને સિંહને સલામતી મળે. જો યોગ્ય પગલાં નહીં લેવાય તો ગીરને સરિસ્કા થતાં વાર નહીં લાગે. ■

[પ્રશ્ન ખૂબ ઊંડો, મહત્ત્વનો અને તાકીદનો છે, જેની સામે તાકીદે પગલાં લેવાં જોઈએ. લાંબા ગાળાનું વિચારીએ તો, સિંહના નહોર, દાંત કે અંગોની સામાન્ય રીતે બજારમાં માંગ નથી હોતી. પરંતુ, વાઘના દાંત, નહોર કે અંગોની માંગ (ખાસ કરીને ચીનમાં દવા તરીકે) ખૂબ છે. વાઘ ઓછા થઇ ગયા છે અને એના પરનો જાપ્તો પણ વધી ગયો છે. તેવા સંજોગોમાં સિંહનાં અંગોને કપટથી વાઘનાં હોય એમ બતાવવાનો કારસો કદાચ બની રહ્યો છે, જેમાં પાવરધા લોકો દ્વારા સિંહનો શિકાર વધી રહ્યો હોય એવી પણ એક આશંકા છે. એવા સંજોગોમાં સિંહનો શિકાર અટકાવવા માટે વાઘનો શિકાર અટકાવવો જરૂરી છે. વાઘના સંરક્ષણના મુદ્દે ટાઈગર રિઝર્વ બનાવીને, વન વિભાગને વધુ નાણાં, વધુ શસ્ત્રો, વધુ સત્તા આપવાનો આપણે જે અભિગમ લીધો છે, તેના પરિણામે ‘વાઘવાળી’ / ‘સરિસ્કાવાળી’ બનવા પામી છે. (ખોજ ઓગસ્ટ-સપ્ટે. ૨૦૦૫) અને જંગલના વાઘ બચાવવા માટે ખાનગી પાળેલા વાઘ (captive breeding) ઉછેરને ઉપાય તરીકે ગંભીરતાપૂર્વક વિચારવો જોઈએ એવી રજૂઆત (ખોજ ઓગસ્ટ-સપ્ટે. ૨૦૦૬) કરી છે. વન વિભાગની કેન્દ્રીકૃત એકહથ્થુ સત્તાને સ્થાને અન્ય ઉપાયો પણ વિચારવા જરૂરી છે. - સં.]

# વાણી-અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે

*- પીયુસીએલ ગુજરાત*

અમે નિસબત ધરાવતા ગુજરાતના નાગરિકો અને નિમ્નલિખિત સંગઠનો ગુજરાતના નાગરિકોની વાણી અને અભિવ્યક્તિની મૂળભૂત સ્વતંત્રતા પર ઝનૂની પરિબળોના એક નાના જૂથ દ્વારા જે બિનલોકશાહી પ્રહારો થઇ રહ્યા છે, તે પ્રત્યે રાજ્ય સરકારની નિષ્ક્રિયતા અથવા તેમની સાથેના મેળાપીપણા પ્રત્યે ઊંડા દુઃખ અને વિરોધની લાગણી આપના ધ્યાન પર લાવવાની રજા લઇએ છીએ.

૨૦૦૨ના કોમી હત્યાકાંડ બાદ મુસ્લિમ સમુદાય અને પાયાના માનવહકો માટે સંઘર્ષ કરતાં સામાજિક-લોકશાહી પરિબળો પ્રત્યે અસહિષ્ણુતા, ધિક્કાર, દુશ્મનાવટ અને હિંસાનું જે વાતાવરણ ગુજરાતમાં પ્રવર્તે છે તે ઊંડી ચિંતાનો વિષય છે. અને વધારે કમનસીબ હકીકત તો એ છે કે ખુદ સરકાર અને તેની સાથે સંલગ્ન રાજકીય-સામાજિક જૂથો આ ફાસીવાદી પદ્ધતિઓને ઉત્તેજન અને સમર્થન આપે છે, તેમની સાથે મેળાપીપણું સાધે છે અથવા એ બધા પ્રત્યે આંખ આડા કાન કરે છે.

તેનો તાજેતરનો દાખલો, ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ નરોડા પાટિયા હત્યાકાંડનો ભોગ બનેલા એક પારસી કુટુંબની કરુણ ઘટના ઉપર આધારિત ફિલ્મ **'પરઝાનિયા'**નું પ્રદર્શન રોકવા અંગેનો છે. બેકાબૂ ટોળાની હિંસામાં ઘેરાઇ ગયેલા એક નિર્દોષ પારસી કુટુંબની કરુણ અને સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મ છે. બધી રીતે આ એક સુંદર ફિલ્મ છે. કળાની દૃષ્ટિએ, માનવીય સંવેદનાની દૃષ્ટિએ તેમજ સામાજિક અને રાજકીય રીતે તે એક સમતોલ ફિલ્મ છે. એનું સામાજિક ધ્યેય નિરર્થક હિંસા, નિર્દોષ લોકોની કત્લેઆમ, ઝનૂનીઓની ઉશ્કેરણી, પોલીસનું મેળાપીપણું, સરકારની ઉપેક્ષા અથવા છૂપો ટેકો, અદાલતોની નિષ્ફળતા અને બહુમતીના મીંઢા મૌન વગેરેની ગુજરાતના લોકોને યાદ દેવડાવવાનું છે, જેથી આપણે ઇતિહાસ ભૂલી ન જઇએ અને એનું પુનરાવર્તન ન થાય તે દિશામાં કટિબદ્ધ થઇએ.

અમે દૃઢપણે માનીએ છીએ કે બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ ભારતના દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે. માનવહક્કોના વૈશ્વિક ઘોષણાપત્ર (૧૯૪૮) અને નાગરિક તેમજ રાજકીય હકો સંબંધી આંતરરાષ્ટ્રીય સમજૂતી (૧૯૬૬) માં તેને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતની સર્વોચ્ચ અદાલતે તેનું અર્થઘટન પણ વિસ્તૃત રીતે કર્યું છે. આ સ્વતંત્રતામાં સમાજ, અર્થકારણ અને રાજકારણની તમામ સાર્વજનિક બાબતો જાણવાના અને તેનાથી માહિતગાર રહેવાના અધિકારનો સમાવેશ થઇ જાય છે. ઉપરાંત, લેખકોના, ફિલ્મ નિર્માતાઓના પ્રકાશિત કરવાના અને પ્રદર્શિત કરવાના અને થિયેટર માલિકોના તે ફિલ્મો બતાવવાના હકનો સમાવેશ પણ તેમાં થઇ જાય છે. લોકોનો આ અધિકાર મુક્ત સમાજ અને લોકશાહી અને રાજ્યપ્રથામાંથી સીધે સીધો પાંગરે છે. આ સ્વતંત્રતા લોકશાહી સમાજ અને ૨૦મી તેમજ ૨૧મી સદીના માહિતીયુગના હાર્દ સમાન છે. આથી, એ સ્વયંસ્પષ્ટ છે કે કોઇને લોકોની આ સ્વતંત્રતા છીનવી લેવાનો કે તેનાથી વંચિત રાખવાનો અધિકાર નથી. બંધારણે આંકેલી મર્યાદાઓની લક્ષ્મણરેખાઓની અંદર રહીને જ રાજ્ય આ સ્વતંત્રતાનું નિયમન કે નિયંત્રણ કરી શકે, અન્યથા નહીં; અને તે પણ માત્ર રાજ્ય જ કરી શકે, અન્ય કોઇ વ્યક્તિ કે જૂથ નહીં. ખરેખર તો રાજ્યની એ જવાબદારી બને છે કે તેણે બધી રીતે નાગરિકોની આ સ્વતંત્રતાનો આદર કરવો અને તેનું રક્ષણ કરવું. નાણાંશક્તિ અને સ્નાયુબળ ધરાવતાં જૂથો સામે નાગરિકોની આ સ્વતંત્રતાનું રક્ષણ કરવાની રાજ્યની ફરજ બને છે.

અમે માનીએ છીએ કે કેટલાંક ઝનૂની જૂથોએ જેઓ આ ફિલ્મ પ્રદર્શિત કરવા ઇચ્છે છે અને જે લોકો જોવા ઇચ્છે છે તેમની સામે ભય, ધાકધમકી અને આતંકનું વાતાવરણ ઊભું કર્યું છે અને સરકાર કાં તો તેમની સાથે મળી ગયેલી છે અથવા મૂક પ્રેક્ષક બની રહેવાનું તેણે નક્કી કર્યું છે. નાગરિકોના મૂળભૂત માનવહકનો એ ઉઘાડેછોગ ભંગ છે, જે નિંદનીય છે અને તે કોઇપણ રીતે અટકવું જોઇએ. આજે એક નાની ફિલ્મનો પ્રશ્ન છે, કાલે બીજી કોઇપણ બાબત હોઇ શકે. આગળ જતાં એ સમગ્ર સમાજને ઘેરી વળે અને આપણે એવો સમાજ બની જઇએ કે જે સંપૂર્ણપણે બંધિયાર હોય અને કોઇ 'બીગ બ્રધર' સૌની પર ચાંપતી નજર રાખતો હોય! જલદી નજરે ન ચઢતો અને તસુ તસુ આગળ વધતો અને છેવટે આખા સમાજને ગળી જતો આ એક મોટો ખતરો છે. પણ ત્યારે ઘણું મોડું થઇ ગયેલું હશે. આથી આ અનિષ્ટને ઊગતું જ દાબી દેવું અત્યંત જરૂરી છે. અને રાજ્ય સમર્થિત ખાનગી સેન્સરશીપના દૈત્યને આગળ વધતો અટકાવવાનાં અસરકારક પગલાં આજે જ ભરવાં જોઇએ.

અમે એ પણ જાણીએ છીએ કે રાજ્યના રાજપાલ રાજ્યના બંધારણીય

વડા છે અને શાસન કરવાની સત્તા પ્રધાનમંડળમાં નિહિત છે. એ પણ એટલું જ સાચું છે કે રાજ્યના રાજ્યપાલે બંધારણનું રક્ષણ, સંગોપન અને જતનના સોગન લીધેલા છે. ઈંગ્લેન્ડના રાજા કે રાણી જેવા કેટલાક વિશેષાધિકારો જેવા કે સરકારને સલાહ આપવાના, પ્રોત્સાહન આપવાના અને ચેતવણી આપવાના, રાજ્યના રાજ્યપાલ પણ ધરાવે છે. રાજ્યના ગૌરવભર્યા ઉચ્ચ પદેથી આ સત્તા કે વિશેષાધિકારનો ઉપયોગ સત્તાધારી સરકારને તેની ફરજો યોગ્ય રીતે બજાવવામાં જાગૃત કરશે અને નાગરિકોની આ સ્વતંત્રતા પર મુકાતા કાપને અટકાવવામાં મદદરૂપ થશે. આપના દ્વારા આ સત્તા કે વિશેષાધિકારનો ઉપયોગ સરકારના રોજ-બ-રોજના કામકાજમાં બંધારણીય, કાનૂની, રાજકીય કે નૈતિક રીતે દખલગીરી નહીં ગણાય. ખરેખર તો એ ઉચ્ચ પદાધિકારી દ્વારા કરવામાં આવેલ કોઈ અવરોધ નહીં પણ ગુજરાતના નાગરિકોના વ્યાપક લોકશાહી હિતમાં કરવામાં આવેલી ઉપકારક દરમ્યાનગીરી ગણાશે.

આથી અમે આપ મહોદયને આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ કે આપ આ સરકારને તેની બંધારણીય ફરજોની યાદ દેવડાવો અને જે લોકો પોતાની આ સ્વતંત્રતા ભોગવવા ઈચ્છે છે, તેઓ તેમ કરી શકે તે માટે તે સામેના અવરોધો સરકાર દૂર કરે, એવું અમે દૃઢપણે માનીએ છીએ.

આપની આ દરમ્યાનગીરી બંધારણીય રીતે, કાનૂની રીતે, રાજકીય રીતે સાચી દિશાની, નૈતિક રીતે સાચી છે, એવું અમારું માનવું છે. બંધારણ અને તેનાં ઉદાત્ત મૂલ્યો પ્રત્યેની આપની પ્રતિબદ્ધતામાં અમને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. ■

*પ્રકાશ ન. શાહ (તંત્રી, નિરીક્ષક), કિરણ ત્રિવેદી અને યશવંત મહેતા (ગુજરાતી લેખક મંડળ), ગૌતમ ઠાકર (મંત્રી, પીયુસીએલ) દ્વારા ગુજરાત પીયુસીએલ તરફથી તા. ૪. એપ્રિલ ૨૦૦૭ના રોજ ગુજરાતના રાજ્યપાલશ્રીને આપવામાં આવેલું આવેદનપત્ર.*

## અનિલભાઈ શાહની દુઃખદ વિદાય

'ખોજ' પ્રેસમાં જતું હતું ને જ મુરબ્બી અનિલભાઈ શાહના દુઃખદ અવસાનના સમાચાર મળ્યા. વર્ષો સુધી સંનિષ્ઠ સરકારી અધિકારી રહ્યા પછી પણ એમનો અંદરનો માંહ્યલો હંમેશા લોકો તરફી રહ્યો. ગરીબોના પ્રશ્નો અને ઉકેલો એમની જિંદગીભરની મથામણો રહી. સાથે જ માત્ર ભાવના આધારિત અભિગમને બદલે રેશનલ અભિગમ વિકસે તથા વ્યક્તિની સર્જનાત્મકતા પાંગરે એમાં પણ એમની ઊંડી આસ્થા રહેલી.

'ખોજ'ના પ્રથમ અંકના પ્રતિભાવ રૂપે એમણે લખેલું : *"પ્રચલિત 'ફીસ્સા' ભાવના આધારિત અભિગમને સ્થાને ઠોસ વૈજ્ઞાનિક રેશનલ અભિગમ મને વધારે અનુકૂળ છે. . . મુદ્દાની વાત આ સમાજનું સ્વાસ્થ્ય માનવીની સર્જનાત્મક સ્ફૂર્તિને સંકોરવામાં, ટેકો આપવામાં રહેલું છે. દોરવણી ઉપયોગી થાય, પરંતુ જડ આદેશો નહિ. વિકાસના મારા કાર્યક્ષેત્રમાં આ સમજને લીધે જ પ્રગતિ અને સંતોષ બન્ને પ્રાપ્ત થયાં છે. 'સમાજવાદ એ જ તરણોપાય'ના વાતાવરણમાં ૧૯૪૫ના અરસામાં અર્થશાસ્ત્ર વગેરે વિષયોનો અભ્યાસ કરતાં મારું માનસ ઘડાયેલું. પ્રો. હાયેકની અમે હાંસી ઉડાવતા. સમાજશાસ્ત્રના અભ્યાસે મનને થોડું ઉદાર બનાવ્યું. પરંતુ ૧૯૫૫ પછી ચુસ્ત કેન્દ્રીય આયોજનના સાર્વત્રિક લાભ અંગે મનમાં પ્રશ્નો ઊઠવા લાગ્યા. સામ્યવાદની અને ભારતીય સમાજવાદની નિષ્ફળતાથી રહ્યું સહ્યું સમાજવાદ તરફી વલણ ખતમ થયું. સામાજિક સ્વાતંત્ર્ય અને મુક્ત બજાર અભિન્ન છે એ સમજાયું. સવાલ રહ્યો મુક્ત બજારના સીમાડા વિસ્તારવાનો અને તેનાં દૂષણોને નાથવાનો, તેની સર્જનાત્મક્તાને ટૂંપો દીધા સિવાય. સૃષ્ટિને સમજવામાં એમ.એ.ના અભ્યાસમાં સમાજશાસ્ત્રના એક વિષય તરીકે સોશીયલ બાયોલોજીમાંથી ઉત્ક્રાંતિ અભ્યાસ બહુ કામમાં આવ્યો. ધીમે ધીમે રેશનાલીસ્ટ વલણ દૃઢ થતું ગયું."*

આપણે એક સંવેદનશીલ, કલ્પનાશીલ અને રેશનલ તપસ્યા કરતા માનવીને ગુમાવ્યા. સામાજિક - આર્થિક જાહેર જીવનની સમસ્યાઓ અંગે મથતાં સંગઠનો - વ્યક્તિઓ - સૌને તેમની કાયમી ખોટ સાલશે. મુ. ઈન્દુબેન તથા કુટુંબીજનોને 'ખોજ' અને આર્ચ પરિવાર તરફથી હૃદયપૂર્વકની દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

# આવું તે કાંઈ હોતું હશે ?

*- તૃપ્તિ પારેખ*

થોડા સમય પહેલાં પ્રો. કેન સ્કુલેન્ડની અર્થશાસ્ત્રના પાયાના સિદ્ધાંતોને કથામાં વણી લેતી એક નાની અને રસાળ ચોપડી 'The Adventures of Jonathan Gullible – A Free Market Odyssey' વાંચેલી. દરિયાકિનારાના એક નાનકડા શહેરનો એક હોંશિયાર, કલ્પનાશીલ યુવાન જોનાથન ગલીબલ એક દિવસ પોતાની નાની નાવડી લઈને ખાડીમાંથી સમુદ્રમાં પહોંચી ગયો ત્યારે સાગરમાં આવેલા તોફાનમાં એની નાવડી તૂટી ગઈ. તોફાન શમ્યા પછી પણ કેટલાય દિવસ સુધી ઘેરું ધુમ્મસ છવાયેલું હતું. ધુમ્મસ વિખેરાતાં દૂર કોઇ ટાપુનો કિનારો દેખાયો. ઊંચી, લીલીછમ પહાડીઓ જોઇને એણે તૂટીને ભંગાર થઇ ગયેલી નાવડી છોડી દીધી અને એ તરતો તરતો ટાપુ પર પહોંચી ગયો.

થાકેલો-પાકેલો, ભૂખ્યો-તરસ્યો જોનાથન માંડમાંડ કેડી પકડીને ટાપુ પર આગળ વધ્યો ત્યારે એણે બે માણસોને એક સ્ત્રીને પકડીને ગડદા-પાટુ મારતા અને ખેંચીને લઇ જતા જોયા. કોઇની મદદ મેળવવા એ ઝડપથી આગળ વધ્યો. ત્યારે એક મોટા ઝાડને થોડા માણસો લાકડીઓ વીંઝતા હતા. એણે સ્ત્રીને બચાવવાની મદદ માગી. ત્યારે લોકોએ કહ્યું, ''એના માટે ફિકર ના કર. એ બાઈની તો ધરપકડ કરી છે.''

''ધરપકડ! પણ એ ગુનેગાર જેવી તો નહોતી લાગતી.'' જોનાથને ધીરેથી કહ્યું.

''ધરપકડ કેમ કરી છે એનું કારણ જ તારે જાણવું છે ને ? તો સાંભળ, એણે અહીં કામ કરતા બધા લોકોની રોજગારીને જોખમમાં મૂકી દીધી'તી.'' ''એ કઇ રીતે ?''

મુકાદમે એની સામે તુચ્છકારભરી નજર નાખી ને એને લોકો લાકડીઓની મદદથી ઝાડ કાપતા'તા ત્યાં લઇ ગયો. ''જો, અમે કઠિયારા છીએ. અને આ લાઠીઓથી ઝાડને કાપીએ છીએ. ક્યારેક સો માણસો મળીને એક મહિનાથી ઓછા સમયમાં રાત-દિવસ કામ કરીને એક મોટા ઝાડને ઢાળી પાડીએ છીએ. ને પેલી સ્ત્રી એક દિવસ એની લાઠી સાથે તીક્ષ્ણ ધાતુનો ટુકડો લગાડીને આવી. એણે એક ઝાડ એક કલાકમાં કાપી નાખ્યું - ફક્ત એકલીએ! વિચાર તો કરો! અમારી પરંપરાગત રોજગારી સામે કેવડું મોટું જોખમ! એને રોકવું જ પડે.''

જોનાથન વિસ્ફારિત નયને જોતો જ રહી ગયો. એ સ્ત્રીને એની સર્જનાત્મકતા માટે દંડવામાં આવી રહી હતી! પોતાના શહેરમાં તો બધા જ કુહાડી અને લાકડા કાપવાની યાંત્રિક કરવતનો ઉપયોગ કરે છે!

''પણ એણે જે શોધી કાઢ્યું છે એને લીધે તો કેટલા બધા નાના-મોટા, દૂબળા-પાતળા સૌ લોકો ઝાડ કાપી શકશે. એને લીધે તો ઝડપથી લાકડું કાપી શકાશે.''

''તું કહેવા શું માગે છે ? આટલું અગત્યનું કામ કોઇપણ ચલતા-પૂર્જા આવીને પોતાના નવા વિચાર પ્રમાણે કેવી રીતે કરી શકે ?''

''પણ સર, આ સારા કઠિયારાઓ પાસે કુશળ હાથ અને મગજ છે. તેઓ ઝાડ કાપવામાંથી સમય બચાવીને વધેલા સમયમાંથી ટેબલ, ખુરશી, કબાટ, નાવડી વગેરે ના બનાવી શકે?''

''જો, સાંભળી લે.'' પેલા માણસે બરાડીને કહ્યું, ''કામનો હેતુ પૂરેપૂરી અને સુરક્ષિત રોજગારી મળે એ છે - નવી (*અને વધુ*) વસ્તુઓ મળે એ નહીં! તું ધમાલ કરે એવો લાગે છે. તું કયાંથી આવે છે?''

જોનાથનને લાગ્યું કે વધુ ઊભા રહેવામાં જોખમ હતું. એણે ત્યાંથી ચાલતી પકડી. . . .

વાર્તા તો આગળ ચાલે છે. પણ આપણે અહીં અટકીએ. (આખી ચોપડી ખૂબ મજેદાર છે અને સૌએ વાંચવા જેવી છે.) જો કે આ પ્રકરણ વાંચતી વખતે આ તો અતિશયોક્તિ ભરેલું જ લાગેલું. એમ પણ વિચાર આવેલો કે આવું તે કાંઈ હોતું હશે ? અને એ પણ આજના સમયે ? પણ, 'ઇન્ડિયન એક્સપ્રેસ' (૧૦/૪/૦૭)માં કેરાલાના એક સમાચાર વાંચીને ખ્યાલ આવ્યો કે હજુ આજે પણ આવું બની શકે છે.

એક સમયે ડાંગર પકવવામાં આગળ પડતા ગણાતા કેરાલામાં આપણા ડાબેરી (CPMના) કોમરેડોએ ફતવો બહાર પાડીને પોતાના દાદાઓ વાપરતા હતા એવાં જૂનાં દાતરડાંઓથી જ ડાંગર વાઢવાનું અને તમામ આધુનિક 'બુર્ઝવા ફાર્મ મશીન'થી દૂર રહેવાનું ખેડૂતોને ફરમાવ્યું છે. દેશમાં બીજા કોઇપણ વિસ્તારમાં ખેડૂતે ક્યારે વાવવું, ક્યારે કાપવું, શેની મદદથી કાપવું - એ અંગે કોઇ જ પ્રતિબંધ નથી. પણ, આ સમાચાર પ્રમાણે તો હાલમાં પણ કેરાલામાં હાર્વેસ્ટિંગ મશીનનો ઉપયોગ કોઇપણ ખેડૂત કરી ના શકે - સિવાય કે કોમરેડની મંજૂરી હોય! માની ના

શકાય એવા સમાચાર છે. એક ક્ષણ તો વિચાર આવી ગયો કે ૧૯૬૦ના દાયકાના ચીનમાં પણ જે સ્થિતિ હતી તેવી આજે ત્યાં નહીં રહી હોય!

પણ, વાત આટલેથી અટકતી નથી. દરેક ખેડૂતે કેરાલાના ખેતમજૂરોના યુનિયનના સ્થાનિક એકમને અરજી કરવાની. યુનિયન એક પછી એક અરજીને ધ્યાનમાં લેશે અને પોતાની પરીક્ષણ ટુકડીને એના ખેતર પર મોકલશે. કોમરેડ-ઈન્સ્પેક્ટરો એ પાક્કું કરશે કે પોતાના યુનિયનના મજૂર સભ્યો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી, અને તો જ મશીનની મદદ લેવાની પરવાનગી આપશે.

જે કામ મશીનની મદદથી ખૂબ ઝડપથી અને ખૂબ સસ્તામાં થાય એ કામ માટે મજૂરો રાખવાનું અને યુનિયન ઠરાવે એ વેતન આપવાનું ફરજિયાત બનાવશે. જો કોઇ ખેડૂત યુનિયનની પરવાનગી વગર મશીન વાપરવાની હિંમત પણ કરશે તો એણે એનાં પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે! અને આ પરવાનગી પણ મફત નહીં હોય. જેમને પરવાનગી મળી હશે એમણે કામની દેખરેખ માટે કોમરેડોને પૈસા (Nokkukooli) ચૂકવવાના રહેશે.

યુનિયન (TKTU)ના મહામંત્રી શ્રી બોધાનંદન કહે છે : ''ફાર્મ મશીન માત્ર ખેડૂતો માટે જ સારું છે, જેનાથી એમને તગડો નફો થાય છે. પણ તેનાથી મજૂરોને કોઇ ફાયદો નથી.'' યુનિયનની પરવાનગીની વાત તો હજી કાંઇકે સારી છે. કારણ કે ત્રણ વર્ષ પહેલાં તો સીપીએમ અને એના યુનિયને એક લાખ કરતાં વધુ વિસ્તારનાં ડાંગરનાં ખેતરો માટે મશીનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હતો. આઠ વર્ષ પહેલાં ખેડૂતો ભેગા મળીને સૌથી પહેલી વાર ત્યારે થ્રેશર લાવેલા ત્યારે કોમરેડોની એ તોડી નાખવાની ધમકીને કારણે તત્કાલ પાછાં મોકલી આપેલાં.

યુનિયનો ખેતમજૂરોની દુહાઇ દઇને જ્યારે મશીનો સામે ઉપાડો લઇ રહ્યાં છે ત્યારે સ્થળ પરની વાસ્તવિકતા તો એ છે કે ખેડૂતોને હકીકતમાં ઘણું કરીને મજૂરોની તંગી જ રહેતી હોય છે. એનું એક કારણ એ છે કે કેરાલામાંથી ઘણા મજૂરો બીજાં રાજ્યોમાં સ્થળાંતર કરી ગયા છે અથવા વધુ સારાં ને નિયમિત કામો - રસ્તા કે મકાનોના બાંધકામ - તરફ વળી ગયા છે.

પરિણામ એ આવ્યું છે કે કેટલાય ખેડૂતો ડાંગરને બદલે મજૂરોની ઓછી જરૂરિયાતવાળા રોકડિયા પાકો તરફ વળી રહ્યા છે અથવા જમીનો પડતર છોડીને અન્ય રાજ્યોમાં કામની શોધમાં જતા રહ્યા છે કે જઇ રહ્યા છે. રાજ્યમાં ડાંગરનું વાવેતર અને ઉત્પાદન વર્ષોવર્ષ ઓછું ને ઓછું થતું ગયું છે. ૧૯૬૧-૬૨માં રાજ્યના ૭.૫૩ લાખ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થતું, જે ગયા વર્ષે ૨.૭૫ લાખ હેક્ટરમાં જ થયું હતું, જે ૬૩ ટકા ઘટ્યું. ૧૯૮૧માં ૧૩.૩૯ લાખ ટન ડાંગર પાકેલી, જે ગયા વર્ષે ૬.૩ લાખ ટન જ પાકી. આજે રાજ્ય ડાંગરની પોતાની જરૂરિયાતના ૮૦ ટકા માટે પડોશી રાજ્યો પર આધારિત છે. એમાં નવાઈ ખરી ? યુનિયનની આટલી જોહુકમી સામે ખેડૂતો ડાંગર વાવે જ શા માટે ? હકીકતમાં નવાઈ આટલી ડાંગર પાકે છે એની હોવી જોઈએ.

અને હદ તો હવે આવે છે. આખા પ્રશ્નનો ઉપાય શો? યુનિયને ઉપાય નક્કી કરી નાખ્યો છે : બધા જ ખેડૂતોએ ફરજિયાત ડાંગરની જ ખેતી કરવી. કોણે ક્યારે વાવવું અને ક્યારે લણવું એ યુનિયન નક્કી કરશે. કારણ કે તો જ બધા જ મજૂરોને વારાફરતી બધાં ખેતરોમાં મજૂરી મળી શકે, અને ખેડૂતોએ મશીનને બદલે મજૂરો જ રાખવા પડે.

યુનિયનના મહામંત્રીએ જણાવ્યું છે : ''અમે બધા જ ખેડૂતો માટેનું કેલેંડર તૈયાર કરી રહ્યા છીએ, જે બની જવાની તૈયારીમાં છે. આવતા વર્ષથી કેલેન્ડરમાં દરેક ખેડૂતને ફાળવી આપેલા સમયે જ તેમણે વાવવું અને લણવું પડશે, જેથી દરેકને પૂરતા મજૂરો મળી રહેશે. તેથી તેમણે અમારી પાસે મશીન માટેની પરવાનગી લેવા આવવું નહીં પડે''.

કોણ કહે છે કે સામ્યવાદ ખતમ થઇ ગયો છે ? રશિયા અને ચીનમાં તો કદાચ થઇ ગયો હશે, પણ આપણા જ કેરાલામાં એ હજી જીવિત છે એટલું જ નહીં, વિકસી રહ્યો છે એમ લાગ્યા વગર ના રહે ! ■

***The common features of all collectivist systems may be described, in a phrase ever dear to socialists of all schools, as the deliberate organisation of the labours of society for a definite social goal. That our present society lacks such "conscious" direction towards a single aim, that its activities are guided by the whims and fancies of irresponsible individuals, has always been one of the main complaints of its socialist critics.***

***- F.A. Hayek - The Road to Serfdom (1944)***

# શિક્ષણ કૂપન વિકલ્પ – બાળકને શાળા પસંદગીનો હક્ક

*- રાજેશ મિશ્રા*

❖ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં દેડિયાપાડાનાં સુરપાણેશ્વર અભયારણ્ય વિસ્તારનાં ઘણાં ગામોમાંથી એક ફરિયાદ વારંવાર આવતી કે શિક્ષકો ગામ પર રહેતા નથી અને પહેલી તારીખે થોડા કલાક માટે આવીને જતા રહે છે. નક્કી કર્યું કે આવી છૂટક ફરિયાદને બદલે સર્વે કરીને પાક્કું કરીએ. આઠથી દસ ગામોમાં આવી પરિસ્થિતિ હતી. શિક્ષણાધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ)ને અરજીઓ કરી. તે વખતનાં ડીડીઓ ખૂબ સંનિષ્ઠ અને પ્રામાણિક. આ દરેક ગામમાં શિક્ષકો હાજર રહે છે અને સંસ્થાની ફરિયાદમાં કોઈ વજૂદ નથી એવા એમને રિપોર્ટ મળ્યા. પણ અમારા આગ્રહથી અચાનક સ્થળ મુલાકાતનો કાર્યક્રમ ગોઠવવાનું નક્કી થયું. કમનસીબે એ પછીના અઠવાડિયે જ એમની બદલી થઈ ગઈ. બીજી બાજુ, સંસ્થાની ફરિયાદ બાદ ગેરહાજર રહેનાર શિક્ષકોનો ઉપરી અધિકારીઓને આપવાનો મહિને રૂ. ૧૦૦નો હપ્તો વધીને રૂ. ૧૫૦ થઈ ગયાનું જાણવા મળેલું !

❖ પોતાનાં છોકરાંઓ ભણે એ માટેની લોકોની તીવ્ર ઈચ્છા અને માંગને લીધે આ ગામોના જ ૮ થી ૧૦ ધોરણ જેટલું ભણેલા છોકરાઓને તાલીમ આપીને શિક્ષક બનાવવાનું નક્કી કર્યું. વિદ્યાર્થી દીઠ વાલીએ રૂ. ૫-૧૦ આપવાના. દસ ગામોમાં આ પ્રયોગ લાંબા સમય સુધી સારી રીતે ચાલ્યો. વાંદરી ગામના શના માસ્તરના છોકરાઓ આજે પણ ભણવામાં ખૂબ આગળ છે અને દેડિયાપાડાની ઝેવિયર્સ શાળામાં એડમિશન મેળવેલ છે.

❖ નર્મદાથી વિસ્થાપિત માંકડખડા ગામના ભીલ સમુદાયના પુનર્વસવાટ વખતે એક અનુભવ થયો. જમીનના દસ્તાવેજો થયા ન થયા અને માંકડખડાના અસરગ્રસ્તો તરસવા જઈને વસવાની શક્યતાઓ તપાસવા લાગ્યા. પહેલાં ગામમાં કોઢિયા ભાડે રાખીને અને તે પછી થોડા સમય બાદ ટીનશેડ અપાયા પણ હજુ કોઇ સુવિધા અપાઈ ન હતી તે છતાં લોકો જઈને રહેવા માંડ્યા. આ લોકો એટલે ગામના બે ત્રણ વડીલો અને બાકીનાં નિશાળિયાં છોકરાંઓ. વ્યવસ્થા એવી ગોઠવી હતી કે બે ત્રણ વડીલ કુટુંબો આ છોકરાઓનું રહેવા, જમવાનું સંભાળે અને છોકરાંઓ ભણવા જાય. તેથી એક વરસ બગડે નહીં. બધા જવાના ન હતા, કેમકે ખેતીની જમીન દસ્તાવેજ થઇ સોંપાયેલી, પરંતુ પહેલું વરસ હોઇ ભાગે આપવાની હતી.

❖ એક આશ્રમશાળામાં આદિવાસી છોકરાઓ રહે અને ટ્રસ્ટની શાળામાં ભણવા જાય. છોકરાઓને ભણવાની ફરિયાદો તો ખરી જ, પણ જમવાનું પણ સરખું ના મળે, પૂરતું પેટ પણ ના ભરાય. સાંજે કઠોળમાં ચણાવટાણા શોધવા પડે તેવો નકરો રસો હોય. અમે ફરિયાદ કરી એટલે આશ્રમશાળાના સંચાલક મળવા આવ્યા. તેમણે વાત કરી કે તમારી ફરિયાદ છે એટલે જમવાનું તો સારું આપીશ પણ તમને ખબર છે, આ છાત્રાલય મંજૂર કરાવવાના ચાર લાખ તો એકલા પ્રધાનને જ આપવા પડેલા ? અને અધિકારીઓને અને છેક નીચેથી પોઝિટિવ રિપોર્ટની ફાઇલ તૈયાર કરાવી મોકલવાનો બીજો બે લાખનો ખર્ચો જુદો. અને તેમ કરતાં દોઢેક વરસના ધક્કા બાદ મંજૂરી મળી છે! આ બધું મારે ક્યાંથી કાઢવાનું?

❖ બાળપણના દોસ્તારોએ પોતાનાં છોકરાંઓ માટે અને ગામના વિકાસ માટે ટ્રસ્ટ બનાવી પ્રાથમિક શાળા શરૂ કરી. નોન-ગ્રાન્ટેડ શાળા છે તે છતાં વહેવાર તો કરવો જ પડે છે. ફી લઇને ભણાવે છે. એક વાર ફી વધારવાની જરૂર પડી. તે માટે જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી પરવાનગી લેવી પડે. નર્મદા પુનર્વસવાટને કારણે એક અધિકારી સાથે ઓળખાણ. શિક્ષણાધિકારી તેમના મિત્ર. અમે તેમને વાત કરી. તેઓએ કહ્યું, ફોન પર વાત કરીશ એટલે પરવાનગી તો તરત આપી દેશે પણ frankly સલાહ આપું કે ત્યાં જે વહેવાર હોય તે પતાવી દેજો, નહીં તો એક વાર મારી શરમે નહીં લે પણ પછી તમારા દરેક કામ ઘોંચમાં નાંખી દેશે. મારી સાથેના મિત્રો માટે તો આ નોર્મલ વાત હતી. તેઓ કહે, એ તો જોવાનું જ નહીં. દરેક કચેરીની જેમ શિક્ષણાધિકારીની કચેરીમાં પણ એક બે જણ frank હતા અને તેઓએ frankly કહી દીધું કે તમારી પરવાનગી તો આજે જ તૈયાર થઇ જશે પણ અમે પણ મહેનત કરીએ છીએ, જોખમ પણ લઇએ એટલે કંઇક તો કરવું પડે ને! તેની વાત પતે તે પહેલાં જ અમારામાંના એક મિત્ર જે પતાવટ-નિકાલની syntaxના જાણકાર અને *સેટીંગ*

કરવાના અનુભવી હતા તેમણે કહ્યું, તમને ખુશ કરી દેવાના યાર! અમે પણ તમારી સ્થિતિ સમજીએને, કશો વાંધો નહિ. તમે ખુલ્લી વાત કરો. કચેરીના માણસે કહ્યું, બધા કેસોમાં ૧૨-૧૫માં પતે પણ આ કેસમાં તો પાંચેક હજાર જ લઇશું. પેલા મિત્રે ફરી કહ્યું, કશો વાંધો નહીં પણ તમે ખુશ તો છો ને ? એકદમ frankly કહેજો યાર. . . . .! ના ના બરાબર છે, તમે જેમનો ફોન કરાવેલો તે તો અમારા વડીલ કહેવાય એટલે અમારે તેમનું પણ માન સાચવવું પડેને!

❖ છઠ્ઠા પગાર પંચ દ્વારા રાજ્યોની તિજોરીઓ તળિયાઝાટક થવાને આરે આવી ગઇ. અન્યોની જેમ શિક્ષકોના પણ તોતિંગ પગારવધારા થયા. આજે ગામડાંઓમાં નાણાં ધીરધારમાં શિક્ષકો મુખ્ય જવાબદારી નિભાવે છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે ભણાવો કે ના ભણાવો, પગાર તો આવશે જ, એટલે સાઇડ ઇન્કમ પર વધારે ધ્યાન આપો.

❖ તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અંતર્ગત ગુજરાત વાલી મંડળની ચૂંટણીઓ યોજાઇ ગઇ. વાત એવી જાણવા મળી છે કે ઊભા રહેલા ઉમેદવારોએ ૫૦-૬૦ લાખથી માંડી ૧ કરોડ સુધીનાં નાણાં ખર્ચ્યાં છે. વાલીમંડળના પ્રમુખ કે હોદ્દેદારો હોવું એટલે રાજયની તમામ માધ્યમિક શાળાઓમાં શિક્ષકો-વાલીમંડળના પ્રતિનિધિ તરીકેની ભરતી સમયે પસંદગી સમિતિમાં બેસી શકાય. આ ઉપરાંત શિક્ષણ બોર્ડના દરેક નાના મોટા આર્થિક નિર્ણયમાં ભાગ લઇ શકે છે.

❖ કવાંટ તાલુકાના બોર્ડર પર આવેલ મધ્યપ્રદેશના કંથારી ગામે સત્યશોધકના કાર્યક્રમ આપવા ગયેલા ત્યારે જેમને ત્યાં રોકાયેલા તે જયંતીભાઇએ વાત કરી, તમે સવારે નીકળી જજો. મારે તો વહેલા કકરાણા જવા નીકળવું પડશે. કકરાણા તે ગામથી આશરે ચાલીસેક કિલોમીટર થાય, વળી તે અડધું તો નર્મદામાં ડૂબી ગયું. અને આમ પણ રાસ્તી વિભાગનો કોઇ ડુંગર બાજુ જાય જ શા માટે? જયંતીભાઇએ કહ્યું કે ત્યાં છોકરાને ભણવા મૂકેલો છે. વળી પાછું આશ્ચર્ય કે ડુંગરાળ વિસ્તારવાળાઓ તો આશ્રમ અને એવું તેવું શોધતા શોધતા રાસ્તી વિભાગમાં ફરતા હોય છે તો વળી આ નવું કયાંથી ? પછી તો ઊંઘવાનું બાજુ પર મુકાયું અને તેની જ વાત નીકળી. કકરાણા નર્મદા કાંઠે છે, એનબીએનો 'જીવનશાલા' કાર્યક્રમ ડુંગરના દરેક ગામમાં હાથ ધરેલ. આ કાર્યક્રમ ઘણાં ગામોમાં ચાલ્યો, તો ઘણાંમાં પડી ભાંગ્યો. પણ કકરાણાના કેમતને તે કાર્યક્રમની બરાબર લગની લાગી. શરૂઆતમાં ઝૂંપડામાં, પછી કોમ્યુનિટી હોલમાં અને હવે બિનડુબાણ વિસ્તારની જમીન ખરીદી તે પર કાચાંપાકાં બાંધકામ કરી નિશાળ કમ છાત્રાલય ચલાવે છે. કંથારી જેવાં દૂરદૂરનાં ગામોનાં ૧૧૦ જેટલાં છોકરાં ત્યાં રહીને જ ભણે છે. જ્યારે કકરાણા તથા આજુબાજુનાં ગામોનાં બીજાં સો એક છોકરાં આવે છે. દિવસે ઓરડાઓ સ્કુલમાં ફેરવાઇ જાય, રાત્રે શયનકક્ષો બની જાય. શિક્ષકો ગામના જ. કેમત ખુદ ૧૦ ધોરણ પાસ. અન્ય શિક્ષકો પણ આઠથી દસ ધોરણ પાસ. હમણાં એક બી.એ. થયેલ જોડાવા આવેલ છે. જીવનશાલાએ સરકારની કોઇ પરવાનગી-માન્યતા લેવાની નથી હોતી. ગામમાં તથા આજુબાજુનાં ગામોમાં અને અમે જે ગામે હતા ત્યાં કંથારીમાં સરકારી શાળાઓ તો ચાલે જ છે પરંતુ સ્થાનિક આદિવાસીઓએ પસંદ કર્યું કે સરકારી નિશાળે નહીં પણ કેમતની નિશાળે છોકરાં ભણવા જશે. કેમતની નિશાળમાં વિદ્યાર્થી દીઠ વાર્ષિક ૧૦૦૦થી ૧૩૦૦ રૂપિયાનો ફાળો લેવાય છે અને ત્યાં રહીને ભણતા વિદ્યાર્થીઓએ વરસે ૧૫૦ કિલો અનાજ (મકાઇ, જુવાર, બાજરી, જે પાકે તે) અને ૧૦ કિલો કઠોળ (ચણા, તુવેર ઇ.) આપવાના. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળીને રસોડું કરે પછી આખો દિવસ ભણવામાં ગાળે. પાંચમા, આઠમા, દસમા ધોરણે આવે ત્યારે સરકારી પરીક્ષા વિદ્યાર્થીઓ આપી શકે તે માટે અલીરાજપુરની ખાનગી શાળા મારફતે વિદ્યાર્થીઓને બેસાડવાની ગોઠવણ કેમતે કરી છે. જેમને માટે એવું કહેવાય છે કે અબૂધ, અજ્ઞાન, છોકરાઓને ભણાવે નહીં, મજૂરીએ મોકલી દે તેવા આદિવાસીઓ મફત સરકારી નિશાળનું ભણવાનું હોવા છતાં કેમતને ત્યાં પૈસાફાળો તથા અનાજ આપીને છોકરાઓને મોકલે તે શાળા શિક્ષકના સ્તર વિષે હું તો શું કહું? કેમતને ત્યાં જવાનો કાર્યક્રમ કર્યો. વચ્ચે સોડવાઇ ગામ આવે. તે દિવસે હાટ હતો. કલાકેક રખડયા. ફોટા પાડયા. હાટના લીધે પોલીસ હોય અને એનબીએનાં ગામો બાજુના રસ્તે જીપ મૂકેલી હોય એટલે પોલીસ અધિકારી તો પૂછયા વિના જવા દેવાનો ચાન્સ જ ના લે. જીપ પાસે આવી ને પી.એસ.આઈ.એ પૂછયું, કોણ છો? કયાં જાવ છો? જયંતીએ કહ્યું કે અમારા છોકરાઓ કકરાણા ભણવા મૂકેલા છે, તે આમને બતાવવા લઇ જઇએ છીએ. પોલીસ અધિકારીએ સામેથી કહ્યું, કેમત સર કે વહાં ? મેં ગર્વથી કહ્યું, હાં કેમત સર કે વહાં.

આ દાખલાઓ આપવા પાછળનો એક હેતુ તો જાણે જેટલી વાસ્તવિક્તા જાણીએ છીએ તેની માહિતી આપવાનો છે. બીજું કારણ એ એ કે આ લેખમાં તેમજ આની પછીના લેખમાં જે વિકલ્પની ચર્ચા કરવા ધારી છે

મેનેજરીયલ સોલ્યુશન જેવી દેખાય પણ તેની પાછળ સમાજના લગભગ છેવાડાના કહી શકાય તેવા આદિવાસીઓની શિક્ષણભૂખ, છટપટાહટ અને હવાતિયાં જે સાંભળ્યાં છે, જોયાં છે અને ઉદ્વેગ અનુભવ્યો છે તે દર્શાવવાનો પણ છે. જંગલજમીનો ઝૂંટવાતી હોય, અડધું વરસ ગામ છોડી મજૂરીએ રઝળવાનું હોય અને તે છતાં એક બે નહીં, અનેક લોકો અમને શિક્ષણનું કામ હાથ પર લેવા કહે છે. શાળા-આશ્રમશાળાઓ શરૂ કરો, અમારા ગામે શિક્ષક મૂકો તેવી માંગણીઓ સતત થઇ રહી છે.

શિક્ષણજગતમાં ઝાઝું પડયા નથી. દૂર રહીને ઘણું બધું સમજેલા છીએ. દૂર ડુંગરના વિસ્તારોમાં માત્ર મધ્યાહ્ન ભોજન લેવા આવતા છોકરાઓને તો રોજેરોજ જોઇએ છીએ. વેડફાતું બાળપણ અને ભવિષ્યના હળવદ, મોરબી, સચિન માટે ઊછરી રહેલા *મામાઓ*ને જોતાં જોતાં 'ખોજ'ની શિક્ષણ-નિસ્બત તમારા આઘાત-પ્રત્યાઘાત, સમર્થનો-ટીકાઓ તેમજ અન્ય વિકલ્પો સાંભળવા રજૂ કરી છે.

## શિક્ષણ કૂપનનો વિકલ્પ - સરકારી ગ્રાંટ શાળાને નહીં, પણ બાળકને. બાળકને શાળા પસંદગીનો હક્ક

શિક્ષણ કૂપન વિકલ્પ એ સરકાર દ્વારા શિક્ષણ માટે ગરીબોને નાણાં પૂરાં પાડવાનો એક બીજો રસ્તો છે. વાલી કે બાળક પોતાની પસંદગી મુજબનાં શાળા-શિક્ષક પસંદ કરે અને સરકાર દ્વારા તેને અપાયેલ શિક્ષણ-કૂપન ફી તરીકે આપે. આ રીતે ગરીબ વાલીઓને સારા શિક્ષક, સારી નિશાળ પસંદ કરવાનો હક્ક અને આર્થિક પરિભાષામાં કહીએ તો સારું શિક્ષણ ખરીદવાની ખરીદશક્તિ મળે છે. ઉપરના કકરાણા ગામના સંદર્ભમાં સમજીએ તો કંથારીના જયંતીભાઇ કે જેમણે પોતાના ગામની સરકારી શાળાના વિકલ્પે કેમતસરની જીવનશાળા પસંદ કરી છે, તેઓ હાલ વાર્ષિક ફી પેટે બાળક દીઠ રૂ. ૧૩૦૦ ચૂકવે છે અને છાત્રાલયમાં રહેવા-જમવા પેટે ૧.૫ કિવન્ટલ અનાજ, ૧૦ કિલો કઠોળ ચૂકવે છે. હવે ધારો કે સરકારની બાળકને ફરજિયાત મફત પ્રાથમિક શિક્ષણ આપવાની બંધારણીય ફરજ અંતર્ગત સરકાર જયંતીભાઇના બાળકને નામે દર મહિને ૨૦૦ રૂ.નું વાઉચર આપે અને જયંતીભાઇ કેમતસરને તે કૂપનો આપી દે, જે કેમતસર પોતાના બેન્ક ખાતામાં જમા કરાવી દે. તેમાં પણ વળી, ગરીબો માટે આશ્રમશાળા અંતર્ગત વિદ્યાર્થી દીઠ સરકાર આશ્રમશાળાને જમવા-રહેવાના ખર્ચ માટે માસિક પાંચસોથી લઇ ૬૫૦ રૂ. સુધી આપે છે તે પણ જો જયંતીભાઇને કૂપનના રૂપમાં આપી દેવાય તો કેમતસર હાલમાં બાળકોને ટકી રહેવા પૂરતું પરંતુ પેટ ભરીને સવાર સાંજ રોટલા, દાળ, ભાત અને વચ્ચે વચ્ચે શાક આપે છે તેના બદલે દરરોજ દૂધ, શાકભાજી, ઉપરાંત અઠવાડિયે એક વાર મીઠાઇ પણ આપી શકશે. શિક્ષણ કૂપનો ખાનગી શાળામાં પણ વટાવી શકાય અને હાલની જે સરકારી શાળાઓ છે તેમાં પણ વટાવી શકાય. અર્થાત્ આ રીતે દર મહિને સરકારી શાળાના શિક્ષકોના પગાર જિલ્લા પંચાયત મારફતે કે સરકાર તરફથી ગ્રાંટ તરીકે શાળા પર સીધા નહીં આવે પરંતુ વાલીઓએ જમા કરાવેલ કૂપન દ્વારા આવશે.

## શાળા સંચાલનમાં વાલી-બાળકની ભાગીદારી

શાળા સંચાલન અને શિક્ષણકાર્યમાં વાલીઓના હક્કનો સ્વીકાર કર્યા બાદ તેનો અસરકારક અમલ કઇ રીતે શક્ય બને? સરકારી કે ખાનગી શાળા સંચાલનમાં વાલીઓની ભાગીદારી હોવી જોઇએ તે વાતનો કોઇ ઈન્કાર કરતું નથી. દરેક નિશાળમાં વાલીમંડળ હોય છે. પરંતુ સવાલ હંમેશા રહે જ છે કે વાલીમંડળ હસ્તક્ષેપ કરી શકે છે ખરું? અસરકારક રીતે સંચાલનમાં કોઇ ભૂમિકા ભજવી શકે છે ખરું? કોઇ બાળક પર અત્યાચાર કે જાતીય સતામણી જેવા આત્યંતિક બનાવોને બાદ કરતાં વાલીમંડળ કે ગામ શિક્ષણ સમિતિઓ ખાસ સક્રિય હોતી નથી. પ્રાથમિક કક્ષાએ અને તે પણ સરકારી શાળાઓમાં તો હોતું જ નથી. શિક્ષણ હક્ક વિધેયક મુજબ શિક્ષણ સમિતિ બને છે તે કે વાલીમંડળના તાલુકા, જિલ્લા, રાજ્ય સ્તરનાં વાલીમંડળો કે તેના હોદ્દેદારો કોઇ જાગૃત ભૂમિકા ભજવતા હોવાનું જાણવામાં નથી.

શિક્ષણ કૂપનમાં આ મહત્ત્વની કડી શક્ય બને તેવી નિહિત સંભાવના દેખાય છે. એક તો વાલીને નિશાળ ત્યાગવાનો અધિકાર મળે છે. બીજું, દર મહિને કે ત્રણ મહિને કૂપન સ્કુલમાં જમા કરાવવી પડે જેથી શાળાએ વાલીને સાંભળવો પડે એવી વાલી માટે તક રહે છે. નિશાળ પર એક રીતે જવાબદારી આવી પડે છે કે તેમનાં બાળકો સારું ભણે, સારું શીખે અને તે પ્રદર્શિત પણ કરે. બાળકો નિશાળ છોડી ના જાય તે શાળા-સંચાલકોની ચિંતા બનશે સાથે જ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવાની અને ઉત્તરોત્તર સુધારતા જવાની હોડ લાગશે. વાલીઓ સશક્ત (empower) થશે તે તો ખરું જ પણ બાળકના નામે નાણાં કૂપનો આવતાં બાળકની અસ્મિતા, સ્વમાન અને ગરિમા પર શું અસરો થશે તે અઘરો પરંતુ રસપ્રદ અભ્યાસનો વિષય બને.

## શિક્ષણ કૂપન - બે પ્રતિભાવો

ડિસેમ્બર ૨૦૦૫માં માંગરોળમાં દિલ્હીના પાર્થ શાહની સંસ્થા - સેન્ટર ફોર સીવીલ સોસાયટી સાથે મળીને દેડિયાપાડા-કવાંટનાં ત્રીસેક ઉત્સાહી આદિવાસી યુવક-યુવતીઓનો એક શિબિર રાખેલો. તેમાં એક સત્ર

શિક્ષણ પર હતું, જે પાર્થે લીધેલું. શરૂઆત શિક્ષણની એમને સતાવતી સમસ્યાઓ કઈ એ સવાલથી થઈ. અને જવાબમાં શિબિરાર્થીઓએ એ જ જૂની અને જાણીતી સમસ્યાઓ ગણાવવા માંડી - છોકરાં ભણાવવાં છે, પણ નિશાળ નથી, નિશાળ હોય તો માસ્તર આવતા નથી અને આવે તો ભણાવતા નથી. ફરિયાદો કરીએ તો પણ કંઈ થતું નથી. ખાનગી સ્કૂલોમાં સારું ભણવા મળે, પણ એની ફી વધારે જે પોસાય નહીં, વગેરે.

પછી પાર્થે શિક્ષણ કૂપનના વિકલ્પની વાત મૂકી. કોલેજોના વિદ્યાર્થીઓ માટે એણે જે પ્રેઝન્ટેશન તૈયાર કરેલું તે જ ભાંગી તૂટી ગુજરાતીમાં રજૂ કરેલું. શરૂઆતમાં તો અમને એમ જ લાગ્યું કે શિબિરાર્થીઓને તો આ વાતોમાં કોઈ જ રસ નહીં પડે. વાત આગળ વધતી ગઈ તેમ તેમ એમનો ઉત્સાહ પણ વધતો ગયો અને એક પછી એક સવાલો પૂછાવા લાગ્યા.

કૂપનની વાત એટલે શું એ એકવાર સમજાઈ ગયું ત્યારે તો એમની આંખોમાં જે ચમક આવી ગયેલી એ તો જિંદગીભર ભુલાય એમ નથી. પછી તો શિબિર પૂરો થયો ત્યાં સુધી સૌ એક જ વાત કરતા રહ્યાં - ગમે તે કરો પણ આપણે ત્યાં પણ આ કૂપન પ્રથા ચાલુ થાય એવું કંઈ કરો, એ માટે જે કરવું પડે તે કરવા અમે તૈયાર છીએ.

બીજી બાજુ, એ શિબિરના બીજા દિવસે જ વડોદરાની એમ.એસ. યુનિવર્સીટીના શિક્ષણ વિભાગના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સમક્ષ પણ પાર્થે શિક્ષણ કૂપનની આ વાત મૂકેલી. અને ત્યારે જે ઉગ્ર પ્રતિભાવ આવ્યો તે પણ માન્યામાં આવે એવો નથી - આ તો શિક્ષણના વ્યાપારીકરણની વાત છે. અમીરો માટે એક પ્રકારનું શિક્ષણ અને ગરીબો માટે બીજા પ્રકારનું - એવા કાયમી ભેદભાવો ઊભા કરશે, આ તો ચલાવી જ ના શકાય, વગેરે. પાર્થ બિચારો કહેતો રહ્યો કે આવા ભેદભાવ તો અત્યારની વ્યવસ્થામાં છે, આમાં તો એ ઊલ્ટાના ઓછા થશે, પણ એની એ વાતો સાંભળવા કોઈ તૈયાર નહોતું.

કેન્દ્ર સરકારે પણ આ વિચારને પ્રાયોગિક ધોરણે એક બે સ્થળે અમલ કરીને ચકાસી જોવાની પણ ચોખ્ખી ના પાડી દીધી છે. કારણ એ બતાવ્યું છે કે એ સફળ થવાની શક્યતા નથી. અને બીજું એ કે આ રીતે તો જાહેર નાણાં ખાનગી સંચાલકોના હાથમાં જતાં રહેશે.

શિક્ષણ સાથે નિસ્બત ધરાવતા ઘણા રાજકારણીઓ, અધિકારીઓ અને શિક્ષણવિદો એવી પણ વાત કરે છે કે આ રીતે તો શિક્ષણનું ખાનગીકરણ થઈ જશે અને રાજ્ય પોતાની જવાબદારીમાંથી છટકી જશે.

જો કે આ વિચારમાં આવાં ભયસ્થાનો નથી કેમ કે શિક્ષણ કૂપન સરકારી શાળામાં પણ વટાવી શકાય છે.

આમ, ગરીબો અને ગરીબોની વાતો કરનારાઓના પ્રતિભાવોમાં આસમાન જમીનનો તફાવત જોવા મળે છે.

પાર્થની સંસ્થા સેન્ટર ફોર સિવિલ સોસાયટીએ શિક્ષણ કૂપનના આ વિચારના પ્રસાર માટેની ઝૂંબેશ ઉપાડી છે. એ માટે એ.સી. નેલ્સન ઓ.આર.જી માર્ગ સંસ્થા સાથે મળીને એણે આજનાં શિક્ષણમાળખાં, ખર્ચા, પરિણામો વિષે લોકમાન્યતા શું છે તેનો સર્વે પણ કરાવ્યો છે.

દિલ્હીના પરા વિસ્તારનાં આર્થિક-સામાજિક રીતે નબળા, ૫૦૦૦થી ઓછી માસિક આવક ધરાવતા નાના વેપારીઓ અને મેટ્રીક કે બારમા સુધી ભણેલા વાલીઓ, નાના વેપારી પરંતુ ચાર-પાંચ ચોપડી ભણેલા વાલી અને અભણ વાલીઓ - કુટુંબોની વચ્ચે આ સર્વે કરવામાં આવેલ છે. મહિને વધુમાં વધુ રૂ. ૬૦૦ પ્રાથમિક માટે અને રૂ. ૧૦૦૦ માધ્યમિક માટે ફી તરીકે લેતી શાળાઓનો આ સર્વેમાં સમાવેશ કરવામાં આવેલો.

### સર્વેનાં કેટલાંક રસપ્રદ તારણો

- ખાનગી શાળામાં પોતાના ખર્ચે બાળકને મોકલતા વાલીઓ સરેરાશ ૧૪ ટકા, નાના વેપારીઓ અને મેટ્રીક કે બારમા સુધી ભણેલા વાલીઓ વર્ગના વાલીઓ ૨૮ ટકા.
- સરકારી શાળામાં બાળકો જતાં હોય અને ખાનગી ટ્યુશન કરતાં હોય તેવાં બાળકો ૪૫ ટકા.
- બાળકોને ટ્યુશન માટેનો સરેરાશ ખર્ચ વાર્ષિક ૨૨૦૦ રૂપિયા.
- બાળકોને ટ્યુશન માટેનો સરેરાશ વાહન ખર્ચ વાર્ષિક ૧૧૦૦ રૂપિયા.
- ખાનગી શાળાઓમાં પોતાનાં બાળકોને મોકલતા હોય તેવા (વાલી) શિક્ષકો ૩૭ ટકા.
- ખાનગી શાળાઓમાં લેવાતી માસિક ફી સરેરાશ ૨૪૧ રૂ. દર મહિને, જેમાંની ૪૨ ટકા શાળાઓની ફી રૂ. ૧૦૦-૨૦૦

કેટલાક સવાલો અને તેના જવાબો જોઈએ :

પ્રશ્ન : આપના અંદાજ મુજબ સરકાર દર મહિને બાળક દીઠ કેટલો ખર્ચ કરે છે ?

જવાબ - જાણકારી કે ધારણા પ્રતિ માસ રૂ. ૧૦૦ (૩૭ ટકા લોકોની ધારણા રૂ. ૫૦) છે; જ્યારે વાસ્તવિક ખર્ચ રૂ. ૮૦૦ સરેરાશ છે.
પ્રશ્ન : સરકારી શાળામાં હાલમાં અપાતા શિક્ષણ માટે જો તમારી કિંમત ચૂકવવાની હોય તો કેટલી આપો ?

જવાબ - સરેરાશ રૂ. ૬૬ માસિક.

પ્રશ્ન :શિક્ષણ કૂપનના વિચારથી વાકેફ થયા બાદ આપના બાળક માટે સરકાર પાસેથી વધારેમાં વધારે વાર્ષિક કેટલા રૂપિયાની શિક્ષણ કૂપન આપ ઇચ્છશો?

જવાબ - સરેરાશ રૂ. ૫૨૩૨ વાર્ષિક મહત્તમ.

હવે નવાઈની વાત.

નવી દિલ્હી મહાનગરપાલિકા દ્વારા બાળકદીઠ થતો વાર્ષિક ખર્ચ ૫૦૦૦ રૂપિયા. દિલ્હી સરકાર દ્વારા બાળકદીઠ થતો વાર્ષિક ખર્ચ ૯૬૦૦ રૂપિયા.

### ખાનગી શાળાઓ નફો રળે છે? કેટલો?

સર્વે મુજબ ખાનગી શાળાઓમાં શિક્ષણ ફી ઓછી છે જેમ કે આ કિસ્સામાં રૂ. ૨૪૧ દર મહિને, જ્યારે સરકારી શાળામાં માસિક ખર્ચ બાળક દીઠ રૂ. ૮૦૦ (જે ફી જ કહી શકાય) છે. ખાનગી શાળામાં ફી ઓછી હોવાનું કારણ એ છે કે ખાનગી શાળામાં શિક્ષકોનાં પગારધોરણ નીચાં છે. સર્વે મુજબ ખાનગી શાળા કરતાં અંદાજે સાતગણો વધારે પગાર સરકારી શાળામાં ચૂકવવામાં આવે છે. વળી, નીચાં પગારધોરણ હોવાના કારણે ખાનગી શાળામાં શિક્ષકો વધારે રાખી શકાય છે. જે કારણે વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર પણ નીચો છે. વળી આ કારણે એક શિક્ષક એક સાથે બે-ત્રણ ધોરણના છોકરાઓને સાથે બેસાડીને ભણાવી દે તેવું પણ ઓછું બને છે.

ખાનગી શાળાઓમાં ખર્ચાતાં નાણાંની ઉત્પાદકતા ઊંચી હોય છે. પરંતુ નફાનું પ્રમાણ સામાન્ય માન્યતાથી વિપરીત એટલું બધું ઊંચું નથી.

હાવર્ડ યુનિવર્સિટીના કાર્તિક મુરલીધરના સંશોધન મુજબ ભારતનાં ગામડાંઓમાં ખાનગી શાળાઓનો સરેરાશ માસિક નફો, સરકારી શાળાઓના એક શિક્ષકના માસિક પગાર જેટલો જ છે.

### ખાનગી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા

સામાન્યતઃ માન્યતા એવી છે કે ખાનગી શાળાઓમાં બાળકોનું ભણતર સારું હોય કેમ કે ત્યાં તો પગાર સારા હોય જ્યારે સરકારમાં તો મફતિયા ભણવાનું એટલે એવું જ હોય ને! ૩૫૦૦ બાળકોના ટેસ્ટ લીધા બાદ જણાયું છે કે સરકારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓના મુકાબલે ખાનગી શાળાઓનાં બાળકોએ વિજ્ઞાન અને ગણિતમાં ૭૨ ટકા વધારે ગુણ, જ્યારે હિન્દીમાં ૮૩ ટકા વધારે ગુણ અને અંગ્રેજીમાં તો ૪૬ ટકા વધારે ગુણ મેળવ્યા છે.

સરકારી શાળામાં ભણતાં બાળકોનું શિક્ષણસ્તર નબળું હોય છે તે વાત સાચી પણ કારણો બીજાં જ છે. સરકારી શાળાકીય શિક્ષણ વિષે સામાન્ય માન્યતા એવી જ છે કે ગરીબો માટે મફતિયું શિક્ષણ આપવાનું હોય એટલે સરકાર તો વળી કેટલો ખર્ચ કરે ? બાળકના વાલી પણ એવું માને કે સરકારી એટલે તો એવું જ ને. દાનની ગાયના વળી દાંત ગણવાના હોય!

દિલ્હીના દાખલા પરથી વાત સાવ જ જુદી બહાર આવે છે. આ મફતિયા શિક્ષણ પાછળ સરકાર દર મહિને ૫૦-૧૦૦ રૂપિયા ખર્ચતી હશે તેમ લોકો સમજીને (કદાચ) તે પ્રમાણેના જ શિક્ષણની ગુણવત્તાની અપેક્ષા કે કલ્પના કરતા હશે પરંતુ હકીકતમાં તો તે ગુણવત્તાનું શિક્ષણ તેમની ધારણાથી વિપરીત ૧૦૦-૫૦નું નહીં પણ માસિક ૮૦૦ રૂ. નું છે.

આપની પાસેથી અપેક્ષા છે કે આ વિચાર, અમલીકરણ કે અન્ય વિકલ્પોના ચઢિયાતાપણા કે ઊતરતાપણા વિષે આપના વિચારો ખોજ માટે મોકલો. તે પ્રતિભાવોની આસપાસ એસી નેલસન ઓરજી માર્ગ, જેમ્સ તુલીનાં સંશોધનો, બાંગ્લાદેશ સહિતના અન્ય ૧૧ જેટલા દેશોના શિક્ષણ કૂપનના નોંધાયેલા અનુભવો, આ તમામની વધુ વિગતો આવતા અંકમાં આપવા ધાર્યું છે. બાળક દેશનું ભવિષ્ય છે તે સૂત્ર સાર્થક કરવા અનેકસ્તરીય મથામણો હાથ ધરવી પડશે. ■

*(દિલ્હીની સેન્ટર ફોર સીવીલ સોસાયટીના શિક્ષણ કૂપન પ્રોગ્રામના આધારે)*

# સૌને અને ગુણવત્તાવાળા શિક્ષણનો એક ઉપાય - શિક્ષણ વાઉચર

*- પાર્થ શાહ*

ભારત સરકાર તરફથી ભરચક પ્રયત્નો કરવા છતાં આપણી શિક્ષણ-વ્યવસ્થા સૌને શિક્ષણ આપવામાં અને ગુણવત્તાવાળું શિક્ષણ આપવામાં નિષ્ફળ ગઇ છે. આ સમસ્યા હલ કરવા માટે વર્ષોથી આપણે જુદાં જુદાં પગલાં ભર્યાં છે, પણ એકપણ પગલું કારગર નથી નીવડ્યું. એ તમામ નિષ્ફળ જવાનાં કારણો અનેક છે, પણ એનું પરિણામ આજે એ આવ્યું છે કે શિક્ષણમાં દ્વિસ્તરીય વ્યવસ્થા–સરકારી અને ખાનગી શાળાઓની વ્યવસ્થા –એના તમામ આનુષંગિક, સામાજિક, રાજકીય અને આર્થિક પ્રશ્નો સાથેની, પેદા થઇ છે. જેમને પરવડે છે તેઓ ખાનગી શાળાઓમાં જાય છે; જેમને નથી પરવડતું તેઓ સરકારી શાળાઓમાં જાય છે. ગરીબોનાં બાળકોને સાવ ખરાબ રીતે ચાલતી સરકારી શાળાઓમાં જવા સિવાય કોઇ ચારો નથી. તકોની આવી ઘોર અસમાનતા શિક્ષણ તરફના આપણા અભિગમનું જ પરિણામ છે. આ અસમાનતાને દૂર કરવા તાકીદે મથવું પડશે.

## પરંપરાગત સુધારાઓ :

સૌને પ્રાથમિક શિક્ષણ મળી રહે એ માટેના છેલ્લા પ્રયાસ તરીકે સરકારે અને શિક્ષણ નિષ્ણાતોએ શિક્ષણ અધિકાર ખરડો ૨૦૦૫ (The Right to Education Bill 2005) તૈયાર કર્યો છે. આ બીલમાં થોડી બાબતો સારી છે, પણ એનું પાયાનું વલણ જૂની પુરાણી વિચારણાને જ પ્રતિબિંબિત કરે છે અને દેશની આજની સ્થાનિક વાસ્તવિકતા સાથે એને કોઇ લેવાદેવા નથી. એ તો દેશને કોમન સ્કુલ વ્યવસ્થા તરફ દોરી લઇ જવાનો પ્રયત્ન કરે છે, જેમાં સરકાર નક્કી કરે કે ક્યા વિદ્યાર્થીએ કઇ સ્કુલમાં જવું; જેનું અંતિમ લક્ષ્ય એ છે કે એક વિસ્તારના બધા જ વિદ્યાર્થીઓ એક 'કોમન' સ્કુલમાં જ જાય.

એ કોમન સ્કુલવ્યવસ્થા તો એવી વ્યવસ્થા છે જેને ઘણા પશ્ચિમી દેશોએ એક સદી પહેલાં ઊભી કરેલી. આ આખી સદી દરમ્યાન ગુણવત્તાવાળું શિક્ષણ કેવી રીતે આપવું એ અંગેની આપણી સમજણ શું બિલકુલ બદલાઇ નથી? શિક્ષણવ્યવસ્થા સુધારવા માટે એ દેશોએ સદી પહેલાં શું કરેલું અને આજે શું કરી રહ્યા છે એ આપણે તપાસવું ન જોઇએ ? રેજિમેન્ટલ માનસિકતાવાળી અને નોકરશાહીથી ઘેરાયેલી વ્યવસ્થા, જે વિદ્યાર્થીઓનાં હિતોને બદલે શિક્ષકોનાં યુનિયનો અને વહીવટદારોનાં હિતોને જ પ્રાધાન્ય આપે છે, તેવી વ્યવસ્થાથી તો આ દેશો આજે ઊલટા દૂર જઈ રહ્યા છે. આપણે એમણે કરેલી ભૂલોમાંથી શીખીએ, એનું પુનરાવર્તન ના કરીએ.

બીજી દરખાસ્ત હતી, શિક્ષણ પરના સરકારી ખર્ચને કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) ના ૬ ટકા જેટલો વધારવાની. સરકારી ખર્ચને લગભગ બમણો કરી દેવાથી થોડીક સકારાત્મક અસર તો જોકે થવાની; પણ સવાલ એ છે કે એ અસર ખર્ચના વધારા જેટલી હશે ખરી ? એ તો સ્વયંસ્પષ્ટ છે કે જ્યાં સુધી આપણે શિક્ષણ આપવાની ડીલીવરી વ્યવસ્થા સુધારીશું નહીં ત્યાં સુધી પૈસા વધારતા જવા માત્રથી આપણી અપેક્ષા મુજબની સુધારણા થવાની કોઈ સંભાવના નથી. બીજા વિશ્વયુદ્ધ પછી જે દેશો ઊંચી સાક્ષરતાના ધોરણ પર પહોંચ્યા છે તેમાંના ભાગ્યે જ કોઇ દેશે પોતાના કુલ ઘરેલુ ઉત્પાદનના ૬ ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કર્યો છે. સાઉથ કોરિયાએ ૩.૨ ટકા વાપર્યા છે; જાપાન ૩.૮ ટકા વાપરે છે, અને ચીન ૨.૬ ટકા. અમેરિકામાં વિદ્યાર્થી પાછળ થતો ખર્ચ દુનિયામાં સૌથી વધુ થતા ખર્ચ જેટલો છે તેમ છતાં દુનિયાના સ્તર કરતાં ત્યાંના વિદ્યાર્થીઓની ગુણવત્તા ઘણી ઓછી છે. દેશવિદેશના અનુભવો તપાસીએ તો ખ્યાલ આવે છે કે શિક્ષણની ગુણવત્તા સરકાર કેટલો ખર્ચ કરે છે તેના પર નહીં, પણ કઇ રીતે ખર્ચે છે એના પર આધાર રાખે છે.

ઉત્તરપ્રદેશના શિક્ષણનો ગીતા ગાંધી કિંગ્ડને કરેલો અભ્યાસ (The Quality and Efficiency of Private and Public Education: A Case study in Urban India: Oxford Bulletin of Economics and Statistics 1996) એ દર્શાવે છે કે વિદ્યાર્થી દીઠ ખર્ચ સરકારી ગ્રાંટ વગરની ખાનગી સ્કુલોમાં માસિક રૂ. ૯૯૯ હતો, સરકારી ગ્રાંટવાળી ખાનગી સ્કુલોમાં રૂ. ૧૮૨૭ હતો અને સરકારી સ્કુલોમાં રૂ. ૨૦૦૮ હતો. અને શિક્ષણપ્રાપ્તિ એનાથી બિલકુલ ઊંધા પ્રમાણમાં હતી. સરકારી ગ્રાંટ વગરની ખાનગી શાળાઓ કરતાં સરકારી શાળાઓમાં બમણાથી વધુ ખર્ચ થાય છે અને છતાં બાળકોને શિક્ષણ એના કરતાં અડધું મળે છે. આવાં જ પરિણામો દિલ્હી અને પંજાબમાં થયેલા અભ્યાસોમાં પણ જોવા મળ્યાં છે.

સરકારી નિશાળોની ગુણવત્તા જોઇને કોઇ પણ એવું જ માનવા પ્રેરાય કે એ નિશાળોમાં આપણે પર્યાપ્ત ખર્ચ કરતા નથી. પણ હકીકત એકદમ જુદી છે : બેંગલોર મ્યુનિસિપલ કોર્પોરેશન દર મહિને કોર્પોરેશનની સ્કુલોમાં વિદ્યાર્થી દીઠ ૧૭૦૦ રૂપિયા ખર્ચે છે! આપણે રૂપિયા તો ખૂબ ખર્ચીએ છીએ, માત્ર પરિણામો મળતાં નથી!

### સુધારાઓનો નવો એજન્ડા :

ભારતના આર્થિક સુધારાઓની સફળતા આપણી શિક્ષણ વ્યવસ્થાને સુધારવાનો એક અગત્યનો માર્ગ સૂચવી જાય છે : લાયસન્સ અને નિયંત્રણો દૂર કરો; અને એને બિનરાજકીય અને વિકેન્દ્રિત બનાવો. સ્કુલ-કોલેજો ને શિક્ષણસંસ્થા સાથે જોડાયેલી નોકરશાહી (લાયસન્સ આપનારાઓ)ને નહીં, પણ વાલીઓ અને વિદ્યાર્થીઓ (ગ્રાહકો)ને ઉત્તરદાયી બનાવો. આર્થિક બાબતોમાં આપણે જેમ પસંદગી અને સ્પર્ધા વધારી તેવું જ શિક્ષણમાં પણ કરીએ.

આજે જંગી ટ્યુશન ફી અને પ્રવેશ માટેની લાંબી કતારો તથા તગડાં ડોનેશનની માંગ જોવા મળે છે, એ તંગીની નિશાની છે. ૧૯૯૧થી શરૂ થયેલા ઉદારીકરણ પહેલાં ઉપભોક્તા ચીજોમાં પણ આવી જ તંગી વર્તાતી હતી. આપણે ઉદ્યોગોમાંથી લાયસન્સ પરમીટ-ક્વોટા રાજને તિલાંજલિ આપી અને તંગી દૂર કરી. પણ એવી જ લાયસન્સ-પરમીટ-ક્વોટા રાજ પ્રથા આપણી શિક્ષણવ્યવસ્થાને ગળાટૂંપો દઇ રહી છે. નવી નિશાળ ખોલવી હોય તો સૌ પ્રથમ તો શિક્ષણખાતા પાસેથી Essentiality Certificate મેળવવું પડે છે. એ અરજીનો નિકાલ કરતાં પહેલાં તંત્ર એ વિસ્તારમાં કેટલી નિશાળો છે અને શિક્ષણ માટેની વધારાની માંગ છે કે નહીં એ બાબતો તપાસે છે. આ લાયસન્સ પ્રથા જેટલી બોઝિલ છે એટલી જ બિનજરૂરી છે.

એસેન્સીયાલીટી સર્ટિફિકેટ ઉપરાંત વર્ગની સાઇઝ, રમતગમતનું મેદાન, સ્ટાફ અને શિક્ષકોના પગાર તેમજ એમને નોકરીએ રાખવા અને હટાવવા વગેરે બાબતો અંગે સરકારના વિગતવાર નિયમો હોય છે. આ બધા નિયમો પાછળ ઇરાદો સારો છે એમાં શંકા નથી. પણ એનું પરિણામ ઘણું કરીને વિપરીત આવે છે.

દિલ્હીમાં ઝૂંપડપટ્ટીઓનાં બાળકો માટે એક શાળા 'દીપાલય' ૧૦ થી પણ વધુ વર્ષોથી ચાલે છે. પણ હજુ સુધી સરકારે એને માન્યતા નથી આપી. એનું કારણ એ આપવામાં આવે છે કે એ શિક્ષકોને નિયત પગાર આપતી નથી. નાની ખાનગી કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગરીબો માટે ચાલતી સ્કુલોને મોટા પગારો આપવા પરવડે નહીં. આજે મોટાભાગની આવી સ્કુલો જેટલો ચૂકવી શકે એટલો પગાર ચૂકવીને શિક્ષકો પાસેથી સરકારે નિયત કરેલી રકમ પર સહી લે છે. દીપાલયે અપ્રામાણિક બનવાનું નકારી નાખ્યું અને તેથી સરકારી માન્યતા મેળવી શકતી નથી. એના વિદ્યાર્થીઓ માન્યતાવાળી બીજી સ્કુલોમાં રજિસ્ટર થઇને બોર્ડની પરીક્ષામાં બેસે છે. શું આ બધા નિયમોથી ગરીબોનાં હિતો સચવાય છે? ઉદ્યોગક્ષેત્રમાં જે લાયસન્સ-પરમીટ-ક્વોટા રાજનો આપણને અનુભવ હતો તે હજુ પણ આપણી શિક્ષણવ્યવસ્થાને દમી રહ્યો છે.

સરકારી આંકડા મુજબ શાળાએ જવાની ઉંમરનાં બાળકોમાંનાં ૪૦ ટકા બાળકો શાળાએ જતાં નથી. અત્યંત ચોંકાવનારા આંકડા છે! પણ પછીથી ખબર પડે છે કે સરકારી માન્યતા વગરની ખાનગી નિશાળોનો સર્વે સરકાર કરતી નથી, તેથી દીપાલય જેવી શાળાઓના વિદ્યાર્થીઓની ગણતરી થતી નથી. ઘરોમાં ફરીને કરેલા મોટાભાગના સર્વે એ દર્શાવે છે કે ૬થી ૧૦ ટકા વિદ્યાર્થીઓ શાળાએ જતાં નથી. એનો અર્થ એ થયો કે ૩૦ કે તેથી વધુ ટકા બાળકો માન્યતા વગરની ખાનગી સ્કુલોમાં જાય છે. આવી નિશાળો બે કે ચાર ઓરડાની હોય છે અને મહિને ૫૦ થી ૨૦૦ રૂપિયા ફી લે છે. આવી નિશાળોમાં મોટાભાગે ઘરોમાં કામ કરનાર કે સાઇકલ, રિક્ષા ચલાવનારનાં બાળકો ભણે છે. આ નિશાળોને રમતગમતનાં મેદાનો રાખવા કે સરકારે ઠરાવેલા પગાર ચૂકવવા ક્યારેય ના પોસાય.

નિયમોનો ઉદ્દેશ સારો હોય છે, પણ તેઓ એ વાસ્તવિકતાને નજરઅંદાજ કરે છે કે કાયદો પસાર કરવાથી પણ સરકાર પૂરી હાજરી કે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણની ગેરંટી આપી શકતી નથી. મોટાભાગના શુભ આશય ધરાવતા આવા નિયમોનાં અણધાર્યાં પરિણામો (unintended consequences) એ આવે છે કે જેઓ અપ્રામાણિક છે તેમને શિરપાવ મળે છે અને જેઓ પ્રામાણિક છે તેમને શિક્ષા થાય છે. નફો ન કરતું ટ્રસ્ટ કે સોસાયટી (સોસાયટી એક્ટ મુજબની) જ શૈક્ષણિક સંસ્થા ચલાવી શકે એવી જોગવાઇ નિયમોમાં હોવાને લીધે પણ આવાં પરિણામો આવે છે. સુપ્રીમ કોર્ટે જેને વધારાનું (surplus) કહ્યું છે તેને છુપાવવા માટે વધુ સમય આપવો પડે છે અને વધુ પ્રયત્નો કરવા પડે છે. આપણે ત્યાં રોટી, કપડા કે મકાન વેચીને વ્યક્તિ નફો રળી શકે છે, પણ શિક્ષણ આપીને નહીં.

આપણે ખાનગી અને જાહેર ક્ષેત્રોની નિપુણતાઓને જોડવી જોઇએ. ખાનગી ક્ષેત્રને શિક્ષણ પેદા કરવા દઇએ એટલે કે શાળા-કોલેજો બાંધીને એનો વહીવટ કરવા દઇએ અને જેઓ પૈસા ભરવા તૈયાર હોય એમને શિક્ષણ મેળવવા દઇએ. જેમને પૈસા ખર્ચવાનું પરવડતું ના હોય એમના શિક્ષણનો ખર્ચ સરકાર સ્કોલરશીપ, શિક્ષણનાં વાઉચર અને લોન દ્વારા

ઉપાડી લે. સરકાર શિક્ષણના ગેરન્ટર તરીકે ફરજ બજાવે - શિક્ષણ આપીને નહીં પણ એનો ખર્ચ આપીને. શિક્ષણમાં input આપવાને બદલે સરકારે એના પરિણામ - output પર એટલે કે અર્થપૂર્ણ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ ઊભું થાય - એના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. આવો અભિગમ ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતા અને ઉત્તરદાયીત્વપણાને જાહેર ક્ષેત્રની સમતા અને સ્વતંત્ર દેખરેખના સિદ્ધાંત સાથે જોડે છે.

સરકારની ભૂમિકા પુરવઠાને ખુલ્લો કરવાની, પૈસા પૂરા પાડીને ગરીબોની માંગ પૂરી કરવાની અને શિક્ષણમાં પ્રવેશ અને ગુણવત્તા પર નજર રાખવાની છે. ખાનગી અભિક્રમ અને સાહસિકતા દ્વારા - નફા સાથે કે નફા વગરની - આપણી શાળાઓ અને કોલેજો ચલાવવા દો. પસંદગી કરવાની જે સ્વતંત્રતા આજે પૈસાદારો ભોગવે છે તેવી જ સ્વતંત્રતા ગરીબોને સ્કોલરશીપ, શિક્ષણવાઉચરો અને લોન દ્વારા ભોગવવા દો.

## શિક્ષણમાં સુધારા

- શિક્ષણનો વ્યાપ વધારવા માટે લાયસન્સ - પરમીટ રાજ દૂર કરવામાં આવે.
- અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને પરીક્ષા અંગેની નિર્ણય પ્રક્રિયાને વિકેન્દ્રિત અને બિનરાજકીય બનાવવામાં આવે. બીજા શબ્દોમાં આ નિર્ણય પ્રક્રિયામાં રાજ્યની ભૂમિકા ના રહે.
- સરકારી શાળા/કોલેજોને સ્વાયત્તતા આપવામાં આવે.
- તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં અપાતી સરકારી ગ્રાંટને એના performance સાથે જોડવામાં આવે.
- શાળાઓનું મૂલ્યાંકન કરનાર અને સર્ટીફિકેટ આપનાર સ્વતંત્ર એજન્સીઓ ઊભી કરવામાં આવે.
- શાળા/સંસ્થાને બદલે વિદ્યાર્થીને નાણાં આપવામાં આવે : ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, વાઉચર કે લોન આપવામાં આવે.
- નફા માટે કામ કરતી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને પણ માન્યતા આપવામાં આવે.

## શિક્ષણ વાઉચરો : વિદ્યાર્થીઓને પૈસા, શાળાઓને નહીં

આજની શિક્ષણ વ્યવસ્થામાં ગરીબોને સરકારી નિશાળોમાં જવા સિવાય અન્ય કોઇ ચારો નથી. ગરીબોના શિક્ષણ પર સરકારની ઈજારાશાહી છે. અને અન્ય ઈજારાશાહીની જેમ જ એ ગ્રાહકોનાં હિતોને સાચવતી નથી. તો પછી ગરીબોને સારી કક્ષાનું શિક્ષણ મળે એ કેવી રીતે પાક્કું કરી શકીએ? ગરીબો પરના સરકારના ઈજારાને કઇ રીતે તોડીએ?


## ગરીબો અને પૈસાદારોને સમાન તક :


શિક્ષણના વાઉચર (કૂપનો) પાછળનો વિચાર ગરીબો પણ પોતાની પસંદગીની શાળામાં પ્રવેશ લઇ શકે એ છે. ગરીબોને પણ પૈસાદારો જેવી જ પસંદગીની તક હશે અને બધી શાળાઓ બધા જ વિદ્યાર્થીઓ માટે હોડમાં ઊતરશે. જે વિદ્યાર્થી આજે સરકારી શાળામાં જાય છે એ સરકાર પાસેથી વાઉચર મેળવશે અને પોતાની પસંદગીની શાળામાં જશે. શાળાની પસંદગી કરવાની વિદ્યાર્થીની આ ક્ષમતાને લીધે શાળાઓ વધારે વિદ્યાર્થીઓને આકર્ષવા અને જાળવી રાખવા સ્પર્ધા કરશે. (કારણ કે જેટલા વિદ્યાર્થીઓ, એટલા શિક્ષણ વાઉચર એમને મળશે.) આમ, પસંદગી અને સ્પર્ધા બન્ને ભેગાં મળીને શાળાઓમાં સાર્વત્રિક ભરતી અને સૌને માટે ઉચ્ચ કક્ષાના શિક્ષણનાં દ્વાર ખોલી આપશે.

આમાં પાયાની બાબત એ છે કે જે પૈસા સરકાર આજે સરકારી શાળાઓ પાછળ ખર્ચે છે એ પૈસા શિક્ષણના વાઉચરમાં પરિણમશે અને એ સીધા જ ગરીબ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. સરકાર શાળાઓને ફંડ આપવાને બદલે વિદ્યાર્થીઓને ફંડ આપશે.

વિદ્યાર્થીએ પસંદ કરેલી શાળાના શિક્ષણનો પૂરો અથવા આંશિક ખર્ચો ભરપાઇ કરતી કૂપન એટલે શિક્ષણ વાઉચર. શાળા વિદ્યાર્થીઓ પાસેથી આવા વાઉચર ઊઘરાવીને બેંકના પોતાના ખાતામાં જમા કરાવે, અને બેંક તેમના ખાતામાં એટલા પૈસા જમા કરે અને સરકારના ખાતામાંથી એટલા પૈસા ઉધારે. એટલે પૈસા સીધા તબદીલ નથી થતા, માત્ર વાઉચર જ વિદ્યાર્થી પાસેથી શાળા પાસે અને ત્યાંથી સરકાર પાસે જાય છે.

આજની વ્યવસ્થામાં શાળાઓ સરકારને જવાબ આપવા બંધાયેલી છે.






વાઉચરપ્રથાને કારણે શાળાઓ વિદ્યાર્થીઓને જવાબ આપવા બંધાયેલી રહેશે. કારણ કે તેઓ પોતાના શિક્ષણના પૈસા વાઉચર દ્વારા તેમને ભરે છે. જો વિદ્યાર્થીને એ શાળા પસંદ ન પડે તો તે પોતાના વાઉચર લઈને બીજી નિશાળમાં જઈ શકે છે. વાઉચરપ્રથામાં પૈસો વિદ્યાર્થીને અનુસરે છે. આજની વ્યવસ્થામાં પૈસો શાળાને અનુસરે છે. સાથે આપેલી બન્ને રૂપરેખા આજની વ્યવસ્થા અને વાઉચરપ્રથા વચ્ચેનો તફાવત સારી રીતે બતાવે છે.

### શિક્ષણ વાઉચરના લાભો કયા છે ?

❖ **વિદ્યાર્થીઓને પસંદગીનો મોકો :** આજે ગરીબ વિદ્યાર્થી સારા શિક્ષણનો લાભ મેળવી નથી શકતો કારણ કે કાં તો તે શાળામાં જ જઈ નથી શકતો અથવા તેણે સાવ ફાલતુ શાળામાં જવું પડે છે. જ્યારે વાઉચર એને પૈસા આપે છે અને તેથી પસંદગીની શાળામાં જવાની સવલત પૂરી પાડે છે.

❖ **તકોની સમાનતા :** નાણાં, ન્યાત કે ધર્મને ધ્યાનમાં રાખ્યા વગર બધાં બાળકો સાથે સમાન વર્તન અને શિક્ષણની સમાન તકના પાયાનો માનવઅધિકાર આ યોજના પૂરો પાડે છે.

❖ **શાળાઓને ભરતી તથા ગુણવત્તા વધારવા માટેનાં પ્રોત્સાહકો (incentives) :** શાળાની આવકનો આધાર જેઓ સીધા પૈસા ભરે છે અને જેઓ વાઉચર મારફત ભરે છે તેમ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓની સંખ્યા પર રહે છે. તેથી દરેક શાળા વધુ ને વધુ વિદ્યાર્થીઓ - ગરીબ (વાઉચરવાળા) વિદ્યાર્થીઓ સહિતને - પોતાને ત્યાં બોલાવશે. એનાથી શાળાઓ વચ્ચે જે હોડ લાગશે એના કારણે દરેક શાળા પોતાની શિક્ષણ આપવાની પદ્ધતિ, સવલતો અને શિક્ષણેતર પ્રવૃત્તિઓ વધારવા પ્રયત્ન કરશે. વિદ્યાર્થીઓને આકર્ષવા અને જાળવી રાખવા માટે શાળાઓ મધ્યાહ્ન ભોજન, લાવવા-લઈ જવાની વ્યવસ્થા, વધારાના ટ્યુશન, સ્કુલ સમય બાદ બાળકોની સાચવણી જેવી, વિદ્યાર્થીઓ અને વાલીઓને જેનું મૂલ્ય છે એવી વિવિધ પ્રકારની સેવાઓ ઓફર કરશે. શાળાઓ આ પ્રકારની વિશેષ સગવડો આપશે એ એટલા માટે નહીં કે એમને માટે એ સગવડો આપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, પણ એટલા માટે કે એ રીતે તેઓ પોતાના ગ્રાહકો-વિદ્યાર્થીઓ-ને પોતાની પાસે ટકાવી રાખવા માગે છે. વધુ અગત્યનું એ છે કે પોતાના વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ મૂલ્યવાન શું છે એ સમજીને એ ઓફર કરવાનું શાળાઓને incentive હોય છે. કેટલાક કિસ્સાઓમાં એ મધ્યાહ્ન ભોજન હોય, કોઈકમાં એ મફત ટ્રાન્સપોર્ટ હોય કે શાળાના સમય પછીની બાળકોની સાચવણી હોય.

કોઈપણ જાહેર વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર અને લીકેજ - વચ્ચેથી ખવાઈ જવું - તરફ હંમેશા ચિંતા અને નિસ્બત રહે છે. તેમ છતાં આજની વ્યવસ્થાની સરખામણીમાં વાઉચર વ્યવસ્થામાં ઓછા લીકેજની શકયતા છે, કારણ કે એ એમના હાથમાં સીધા પૈસા મૂકે છે, જેઓ પોતે વાપરે છે અને એનો સીધો લાભ મેળવે છે.

વિવિધ પ્રકારની વાઉચર વ્યવસ્થા જુદા જુદા દેશો - સ્વીડન, ચીલી, કોલમ્બીયા, હોલેન્ડ, યુએસએ, યુકે, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, ઝેક રિપબ્લિક અને કોટે ડી આઈવરીમાં અમલી કરવામાં આવી છે. આ તમામ દેશોમાં એનાં વિવિધ પરિણામો જોવા મળ્યાં છે. એ બધાના અભ્યાસોને ચકાસવાથી વાઉચર પ્રથાની સફળતા અને નિષ્ફળતા પાછળ અમુક ઘટકો કારણભૂત હોવાનું જોવા મળ્યું છે. (મૂળ લેખમાં ઉપર જણાવેલા દેશોની વાઉચર પ્રથાને વિગતે ચર્ચી છે.)

### વાઉચરપ્રથાની સફળતા અને નિષ્ફળતા પાછળનાં કારણો :

અમુક ઘટકોને કારણે વાઉચરપ્રથા શિક્ષણની ગુણવત્તા સુધારવામાં ખાસ કામિયાબ નથી નીવડી.

૧. સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું કરીને શાળાની ગુણવત્તા સુધારવાનો વાઉચરપ્રથાનો આશય હોય છે. પણ જો એવી જાતનો નિયમ હોય કે જ્યાં સુધી જે તે વિસ્તારની હયાત નિશાળોમાં વિદ્યાર્થીઓની જગ્યા ખાલી હોય ત્યાં સુધી નવી નિશાળ ચાલુ ન કરી શકાય,

તો એના લીધે સ્પર્ધા મર્યાદિત થઇ જાય છે. આવું ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડમાં બનવા પામ્યું છે.

૨. ચીલીની વાઉચર વ્યવસ્થા જ એવી રીતે ઘડાઇ છે જેના લીધે સ્પર્ધા પર કાપ આવે છે. ત્યાં સરકારી શાળાઓની સરખામણીએ ખાનગી શાળાઓ પર વધારે સરકારી નિયંત્રણો લાગુ પડે છે અને વિદ્યાર્થી દીઠ સરકારી સહાય ઓછી મળે છે, જેને લીધે ગ્રાહકો (વિદ્યાર્થી અને વાલીઓ)ની માંગને જેટલે અંશે પહોંચી વળવી જોઇએ એટલે અંશે તેઓ પહોંચી વળતા નથી. બીજું, સરકારી શાળાઓમાં વધારે સહાય મળે છે એટલું જ નહીં, જે શાળા સારી રીતે ચાલતી ન હોવાથી વિદ્યાર્થીઓ શાળા છોડી જતા હોય ત્યાં શિક્ષકોના પગાર ચૂકવવા માટે ઊલટી વધુ સહાય કરવામાં આવે છે. વાઉચરપ્રથાને લીધે સુધારો કરવાના ઇન્સેન્ટીવ પર આને કારણે મોટો ફટકો પડે છે.

૩. આ વ્યવસ્થાથી સ્પર્ધા તો જ ઊભી થાય જો અમુક વિસ્તારોમાં વિદ્યાર્થીઓ જઇ શકે એટલા અંતર પર, પસંદગી કરવાનો મોકો મળી રહે એટલી સંખ્યામાં શાળાઓ હોય. તેથી કાં તો હયાત શાળાઓ પૂરતી સંખ્યામાં હોય અથવા નવી શાળાઓ ખૂલે તો જ આ અવધારણા સફળ જાય. ચીલીના ગ્રામીણ વિસ્તારોમાં ભાગ્યે જ ખાનગી શાળાઓ છે. અને વાઉચર વ્યવસ્થાએ પણ નવી શાળાઓ ખોલવા માટે ખાસ ઇન્સેન્ટીવ પૂરો ન પાડ્યો. તેથી ચીલીના આ વિસ્તારોમાં વાઉચરવ્યવસ્થા ખાસ કોઇ અસર ન કરી શકી.

જ્યારે અમુક ઘટકો એવાં છે જેને કારણે વાઉચરવ્યવસ્થા શિક્ષણની ગુણવત્તા સુધારવામાં મોટું યોગદાન આપી શકે છે.

૧. સરકાર કે કોઇ સ્વતંત્ર એજન્સી દ્વારા જો દરેક શાળાનું મૂલ્યાંકન કરવામાં આવતું હોય અને એની પ્રસિદ્ધિ કરવામાં આવતી હોય તો વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઘણું કરીને વધુ ગુણવત્તાવાળી શાળાને પસંદ કરે છે. એને કારણે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવા માટે પ્રોત્સાહન મળે છે. ઈંગ્લેન્ડ અને ફ્લોરિડામાં આ પ્રકારનાં મૂલ્યાંકન પ્રસિદ્ધ કરવાને કારણે શિક્ષણની ગુણવત્તા સુધરી છે.

૨. વાઉચરનાં નાણાં મેળવનાર શાળાઓના લચીલાપણાને બાધ ન આવે તેમ અમુક પાયાના મૂલ્યો સંબંધી સ્પષ્ટ નિયમો (દાખલા તરીકે, ધર્મ અને વિજ્ઞાનને અલગ રાખતા અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો હોવાં જોઇએ એવો નિયમ) હોય તો ખાનગી શાળાઓની સ્વતંત્રતા જળવાવાની સાથે વાઉચરવ્યવસ્થાની વિશ્વસનીયતા પણ ટકી રહે છે. સ્વીડન અને નેધરલેન્ડમાં અમુક કડક નિયમો લાદવામાં આવ્યા છે.

૩. ગરીબ વિદ્યાર્થીઓના વાઉચરનું મૂલ્ય વધારવાને લીધે કે વાઉચર માત્ર ગરીબ વિદ્યાર્થીઓ પૂરતા સીમિત રાખવાને લીધે શાળાઓ માત્ર ઉપલા સામાજિક-આર્થિક વર્ગના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાને બદલે વાઉચર ધરાવનાર ગરીબ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવા ઉત્સુક બને છે.

૪. વાઉચરવ્યવસ્થામાં જોડાતી શાળાઓની સંખ્યા જેટલી વધુ એટલી સ્પર્ધા વધુ થશે. જો ઉચ્ચ ગુણવત્તાવાળી શાળાઓ વધુ જોડાશે તો શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા વધશે. સ્વીડન અને નેધરલેન્ડમાં મોટાભાગની બધી જ ખાનગી તથા સરકારી શાળાઓ આમાં જોડાઇ છે જ્યાં વાઉચર કાર્યક્રમ સફળ ગયો છે. બીજી બાજુ, ઈંગ્લેન્ડમાં આ કાર્યક્રમ માત્ર સરકારી શાળાઓ પૂરતો મર્યાદિત હોવાથી કે ચીલી કે કોલમ્બીયામાં ઘણી ખાનગી શાળાઓ એમાં જોડાઇ ન હોવાથી આ કાર્યક્રમ એટલો સફળ નથી ગયો.

ટૂંકમાં, દુનિયાભરમાં વાઉચર પ્રયોગનાં વિવિધ પરિણામો આવ્યાં હોવા છતાં એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે એના લીધે વિદ્યાર્થીઓની શિક્ષણપ્રાપ્તિમાં કયાંય પણ ઘાટો પડ્યો નથી, ઊલટું, ખાસ્સો સુધારો થયો છે. જે તે દેશ કે વિસ્તારની શિક્ષણની ગુણવત્તા સુધારવામાં વાઉચરની સફળતા, અલબત્ત, આપણે ઉપર જોયું તે મુજબ ત્યાંની વાઉચરયોજનાનાં ખાસ લક્ષણો અને ત્યાંની શિક્ષણવ્યવસ્થાની સામાન્ય પરિસ્થિતિ પર આધારિત રહી છે.

છેલ્લે આ યોજના વિષે સામાન્ય રીતે જે સવાલો ઊઠાવવામાં આવે છે તે તપાસીએ.

### વાલીઓ વાઉચરનો દુરુપયોગ કરે તો ?

મફત લાભ આપતી કોઇપણ વ્યવસ્થા એવી નહીં હોય જેનો બિલકુલ દુરુપયોગ ન થતો હોય. સવાલ હકીકતમાં એ છે કે કઇ વ્યવસ્થા એવી છે જેમાં ઓછો દુરુપયોગ જોવા મળે છે અને દુરુપયોગ હોવા છતાં લક્ષિત લોકો પાસે થોડા તો થોડા પણ લાભો પહોંચે છે. એ રીતે વાઉચર-વ્યવસ્થામાં સરકારી પૈસાની તબદીલી પ્રમાણમાં વધુ પારદર્શી અને

ઉત્તરદાયી રહે છે. એ માત્ર શિક્ષણ માટે જ વાપરી શકાય છે. વિદ્યાર્થીઓ પાસેથી શાળા વાઉચર મેળવીને પોતાના બેંકના ખાતામાં જમા કરાવે છે, જે પ્રમાણે સરકારી ખાતામાંથી એટલા પૈસા ઉપાડીને બેંક શાળાના ખાતામાં જમા કરે છે. આમ, કોઈ સ્તરે નાણાંનો સીધો વ્યવહાર નથી, બેંક મારફત જ બધો વ્યવહાર થાય છે, અને તેથી કોઈ વિવાદ ઊભો થાય તો એની તપાસ સારી રીતે થઈ શકે છે.

સૌથી વધુ અગત્યનું એ છે કે ગરીબ વાલીઓ પણ એ સમજે છે કે ગરીબીમાંથી બહાર નીકળવાનો રસ્તો શિક્ષણ પૂરો પાડે છે. આજે તેઓ પોતાનાં બાળકોને નજીકની સરકારી શાળાઓ હોવા છતાં ખાનગી શાળાઓમાં મોકલે છે. શિક્ષણવાઉચર તેમને વધુ સારી શાળા પસંદ કરવા માટે સક્ષમ કરે છે.

### શું સરકારી શાળાના શિક્ષકો તેમની નોકરી ગુમાવશે ?

ચોતરફ જોવા મળતી લાંબી કતારો અને પ્રવેશ માટે લેવામાં આવતાં જંગી ડોનેશનો એ હકીકત સ્પષ્ટ રીતે દર્શાવે છે કે દેશમાં બધે જ સારી શાળાઓની તંગી છે. શાળાઓ શિક્ષણની આજની માંગને પહોંચી વળે એટલી પર્યાપ્ત નથી. શિક્ષણવાઉચરો આ માંગને વધારે છે અને માંગ-પુરવઠા વચ્ચેની ખાઈને વધારે છે. તેથી શાળાઓ બંધ થાય કે શિક્ષકો પોતાની નોકરીઓ ગુમાવે એને બદલે વધુ શાળાઓ ખૂલશે અને સારી ગુણવત્તાના શિક્ષણની માંગ વધતી જવાથી વધુ શિક્ષકો લેવા પડશે. શિક્ષણકાર્ય લેબર-ઈન્ટેન્સીવ સેવા છે અને તેથી વધુ સારી સેવા માટે વધારે અને વધુ સારા શિક્ષકોની જરૂર પડશે. વળી, વાઉચર- વ્યવસ્થા એનો માહોલ ઊભો કરે છે જ્યાં શિક્ષકો જાતે જ વધુ ધ્યાન આપશે અને સારાં પરિણામો માટે મથશે. વાઉચરવ્યવસ્થામાં સારું શિક્ષણ આપવા માટે શિક્ષકોને વધુ સ્વતંત્રતા અને સ્વાયત્તતા આપવામાં આવશે.વાઉચરો આખી શિક્ષણ- વ્યવસ્થાને બદલી નાખે છે - માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, શિક્ષકો માટે પણ વાઉચરવ્યવસ્થા સફળ પુરવાર થઇ છે.

### શિક્ષણ વાઉચરોને લીધે શું સરકારી શાળાઓ બંધ થઈ જશે ?

આ સવાલ શિક્ષકોએ નોકરી ગુમાવવાને લગતા આગલા સવાલ જેવો જ છે. એક સીધી સાદી વાત યાદ રાખવા જેવી છે : વાઉચરવ્યવસ્થામાં આપણને વધુ શાળાઓ અને વધુ શિક્ષકોની જરૂર પડશે. હા, શાળાઓએ પોતાની વિચારસરણી, કાર્યપ્રણાલી અને પદ્ધતિ બદલવાં પડશે. તેમણે વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓની વિશિષ્ટ જરૂરિયાતોને પહોંચી વળતા શીખવું પડશે. પણ એ નક્કી કે આજે જેટલી છે તેથી વધુ શાળાઓ આપણને વાઉચર- વ્યવસ્થામાં જોઈશે.

ટેલિફોન, એરલાઈન અને બેંકનાં સેવા-ક્ષેત્રોમાં આજે જે ફેરફાર થયા છે એવું જ સરકારી શાળાઓના કિસ્સા માટે પણ છે. સરકારી ટેલિફોન કંપની, એરલાઈન અને બેંકો હજુ પણ ચાલે છે; તેનું ખાનગીકરણ નથી થયું કે બંધ નથી પડી. માત્ર એમની ઈજારાશાહી દૂર કરી છે અને ખાનગી સાહસિકો માટે એમાં પ્રવેશવાનો માર્ગ ખુલ્લો કર્યો છે, અને એ પાકું કર્યું છે કે તે એકસરખા નિયમોને આધીન રહીને સ્પર્ધામાં ઊતરે. આનાં આશ્ચર્યચકિત પરિણામો આવ્યાં છે. એવી જ રીતે શિક્ષણવાઉચરો પણ ગરીબોના શિક્ષણ પરની સરકારની ઈજારાશાહી દૂર કરે છે. તે ગરીબોને શાળાની પસંદગી કરવા માટે સક્ષમ બનાવે છે.

### ખાનગી શાળાઓ શા માટે વાઉચરવ્યવસ્થામાં ભાગ લેવો પસંદ કરે ?

સામાન્ય માન્યતા એ હોય છે કે ગરીબોના શિક્ષણની જવાબદારી રાજ્યની હોય છે. પણ હકીકતમાં ગરીબોને શિક્ષણ પૂરું પાડતી ઘણી ખાનગી બિન-માન્યતાપ્રાપ્ત શાળાઓ છે. દાખલા તરીકે, દિલ્હીના ઉત્તર શહાદરા વિસ્તારનો સર્વે બતાવે છે કે એ વિસ્તારની કુલ ૨૬૫ શાળાઓમાંથી ૭૧ સરકારી છે. ૧૯ સરકારી ગ્રાન્ટ મેળવતી ખાનગી શાળાઓ છે અને બાકીની ૧૭૫ ગ્રાન્ટ વગરની ખાનગી શાળાઓ છે. આમાંની ૧૦૨ માન્યતાપ્રાપ્ત છે, અને ૭૩ માન્યતા વગરની છે. આમ, આ ગરીબ વિસ્તારમાં સરકારી શાળાઓ કરતાં ખાનગી, ગ્રાન્ટ વગરની, માન્યતા વગરની શાળાઓ વધુ છે.

વાઉચરનાં નાણાંથી આ શાળાઓ પોતાની સેવા-સવલતો વધારી શકશે, વધુ શિક્ષણેતર પ્રવૃત્તિઓ ઓફર કરી શકશે અને એમનાં ધોરણો ઊંચાં લાવી શકશે. ગરીબો વધુ સારું શિક્ષણ મેળવી શકશે. શાળાઓ વિદ્યાર્થીઓ અને વાલીઓ જે જરૂરિયાતો પૂરી નથી કરી શકતા તે જરૂરિયાતો પૂરી પાડવા સક્ષમ બનશે. એ માનવાજોગ છે કે એલીટ ખાનગી શાળાઓ કદાચ આ વ્યવસ્થામાં ભાગ લેવાનું પસંદ ના કરે. જો એમ બને તો પણ ગરીબોને આજે મળે છે તેના કરતાં વધુ પસંદગીનો મોકો રહેશે.

■ *(Policy Review No. 1 : Education Vouchers : Global Experience and India's Promise'; સેન્ટર ફોર સિવિલ સોસાયટી દ્વારા પ્રકાશિત; ફેબ્રુઆરી ૨૦૦૬માંથી સારવીને. ભાવાનુવાદ તૃપ્તિ પારેખ)*

# ગ્લોબલ વોર્મિંગ : સ્ટર્ન રિપોર્ટ

*યોગેન્દ્ર માંકડ*

### પૂર્વભૂમિકા :

પર્યાવરણ અને તેની સાથે સંકળાયેલી અનેક બાબતો અને પ્રશ્નો વિશે સમજ અને સભાનતા એ લગભગ છેલ્લા ચારેક દાયકાનું પરિણામ છે. ગઇ સદીના લગભગ સાતમા દાયકા સુધી આર્થિક વિકાસ, તેની દિશા, તેનું વિષયવસ્તુ અને તેના નકશા વિશે ચોક્કસ ખ્યાલો પ્રવર્તતા હતા. તેમાં આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે બે મુખ્ય ધારાઓ હતી : (૧) મૂડીવાદ અને (૨) સમાજવાદ. વાંચ્છિત આર્થિક વિકાસ અને કયાં સાધનો દ્વારા તે સાધી શકાય તે વિશે બન્નેના સ્પષ્ટ ખ્યાલો હતા. સોવિયેટ યુનિઅનનું પતન થયું ત્યાં સુધી આ બન્ને વિચારધારાઓ વચ્ચે એક પ્રકારનું દ્વંદ્વ ચાલતું રહ્યું. વાસ્તવમાં જ્ઞાનપ્રકાશ યુગ (Age of Enlightenment) અન્વયે પશ્ચિમમાં આર્થિક/ભૌતિક સમૃદ્ધિ અને પ્રગતિના ખ્યાલને કુદરત પરના નિયંત્રણ સાથે સાંકળવામાં આવ્યો છે. એમાં પણ ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ અને મૂડીવાદી વિચારધારાના ભાગ રૂપે આર્થિક વિકાસનો જે "paradigm" અસ્તિત્વમાં આવ્યો તેમાં કેટલાક ચોક્કસ ખ્યાલો પડેલા છે. દા.ત. તેમાંનો એક ખ્યાલ એ છે કે પૃથ્વીનાં સંસાધનો અમર્યાદ છે અને તેમનું અવિરત, તીવ્રાતિતીવ્ર અને ઇચ્છો તેટલું શોષણ થઇ શકે છે. બીજું, આર્થિક/ભૌતિક વિકાસની કોઇ સીમા નથી, જરૂર છે કેવળ વિકાસના માળખાને અનુરૂપ ટેકનોલોજી વિકસાવવાની. ત્રીજું, ઔદ્યોગિકીકરણ એ ઝડપી, અવિરત અને કાયમી વિકાસની ચાવી છે. ચોથું, સ્પર્ધા દ્વારા વસ્તુ કે પેદાશની ગુણવત્તા અને વિકાસમાં મહત્તમમાં મહત્તમ વધારો થઇ શકે અને પાંચમું, જેટલે અંશે રાજય કરતાં બજાર આર્થિક વ્યવહારોનું માધ્યમ બની શકે તેટલે અંશે સંપત્તિનું વધુ નિર્માણ થાય અને સમૃદ્ધિ વધે. એ રીતે જોતાં કુદરતને નાથીને તેને મનુષ્યના વિકાસમાં - ખાસ કરીને ભૌતિક સંપત્તિ/સમૃદ્ધિમાં વૃદ્ધિના સંદર્ભમાં - જોતરી શકાય તે ખ્યાલ સમય જતાં બળવત્તર બન્યો. આજના વૈશ્વિકીકરણના યુગમાં આનો પ્રભાવ કદાચ સવિશેષ છે કારણ કે સમગ્ર જગત આજે સંકુલ અને સર્વવ્યાપી મૂડીવાદના ઓથાર નીચે જીવે છે. સંસ્થાનવાદ સમાપ્ત થયા પછી મોટા ભાગના ત્રીજા વિશ્વના દેશોએ રાજયકેન્દ્રિત આર્થિક વિકાસનું માળખું અપનાવ્યું પરંતુ પશ્ચિમમાં કલ્યાણવાદ હોવા છતાં મૂડીવાદી વિચારધારાનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

### ક્લબ ઓફ રોમનો રિપોર્ટ

૧૯૭૨માં "Limits to Growth" નામનો Club of Rome" નો રિપોર્ટ પ્રકાશિત થયો, જેની અંદર વૈશ્વિક નિસબતની દૃષ્ટિએ વધતું જતું ઔદ્યોગિકીકરણ, ઝડપી વસ્તીવધારો, પોષણના વધતા જતા અભાવ સાથે સંકળાયેલા પ્રશ્નો, non-renewable resourcesનો વધતો જતો વ્યય તેમજ ઘસારો અને કથળતું જતું પર્યાવરણ તેના મુખ્ય વિષયો હતા. તેમાં દર્શાવેલાં તારણોએ મૂડીવાદ/સમાજવાદ આધારિત ઊભા થયેલા વિકાસ, પ્રગતિ, આર્થિક વ્યવસ્થા વગેરે વિશેના પ્રવર્તમાન ખ્યાલો વિશે કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઊભા કર્યા. તેમાંનો સૌથી મહત્ત્વનો ખ્યાલ એ હતો કે પૃથ્વીનાં સંસાધનો અમર્યાદ નથી. તેનો ઇચ્છીએ તેટલા લાંબા સમય સુધી વ્યય થઇ શકે નહિ. આથી તેમનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ થવો જોઇએ. સ્વાભાવિક રીતે આ રિપોર્ટ અને તેણે દર્શાવેલ ભયસ્થાનો અને ભવિષ્યમાં ઊભી થનારી પરિસ્થિતિ - ખાસ કરીને પર્યાવરણ અને કુદરતની બાબતમાં - અને પ્રશ્નોની વિશ્વ સરકારો કે અન્યો દ્વારા જરૂરી ગંભીરતાથી નોંધ લેવાઇ નહિ. અલબત્ત, આને કારણે economics of environment, politics of environment, environment and sustainable development વગેરે જેવાં નવાં અભ્યાસક્ષેત્રો અસ્તિત્વમાં આવ્યાં અને એ દ્વારા વિકાસ વગેરે જેવી બાબતો વિશે વિશ્વમત ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ અમુક હદથી વધારે પ્રગતિ થઇ શકી નહિ.

બીજી બાજુ યુનાઇટેડ નેશન્સે પણ Intergovernmental Panel on Climate Change ની સ્થાપના કરીને પોતાના રિપોર્ટ પ્રકાશિત કરી આ અત્યંત મહત્ત્વના પ્રશ્ન તરફ વિશ્વ સરકારોનું ધ્યાન ખેંચવાનો સંનિષ્ઠ પ્રયાસ આદર્યો, જેનો છેલ્લો રિપોર્ટ થોડાક દિવસો પહેલાં જ પ્રકાશિત થયો છે. બન્ને રિપોર્ટમાં તત્ત્વતઃ ઘણું સામ્ય છે પણ સ્ટર્નનો રિપોર્ટ ખૂબ વિગતસભર અને સર્વગ્રાહી છે. તેનાં ૫૭૯ પાનાંઓ છે અને પર્યાવરણમાં આવેલા અને આવી રહેલા ફેરફારોને કારણે લોકો, અર્થકારણ, પૃથ્વી, ઓઝોન પડ, વગેરે પર શી સંભવિત અસરો પડી શકે તેનું અત્યંત વિચાર કરતા કરી મૂકે તેવું ચિત્ર દોરવામાં આવ્યું છે.

આપણે જાણીએ છીએ તે પ્રમાણે બ્રિટિશ સરકાર દ્વારા આ રિપોર્ટ ગયે વર્ષે પ્રકાશિત કરવામાં આવ્યો છે. નિકોલસ સ્ટર્ન મોટા ગજાના અર્થશાસ્ત્રી ગણાય છે અને ગોર્ડન બ્રાઉને તેમના વડપણ નીચે પર્યાવરણ માટેની કમિટિનું ગઠન કર્યું હતું. આ રિપોર્ટને પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારો અંગેના એક પ્રકારના landmark report તરીકે ગણવામાં આવે છે. તેમાંથી નીકળતો સૂર બહુ સ્પષ્ટ છે : માનવજાત એક પ્રકારના "પ્રલય"ની સંભાવનાનો સામનો કરી રહી છે અને તે માટે સમય હાથમાંથી ઝડપથી સરતો જાય છે. પર્યાવરણીય પરિવર્તનો પૃથ્વીનું કલેવર મૂળભૂત રીતે બદલી રહ્યાં છે અને સમયસર જરૂરી પગલાં જો નહિ લેવામાં આવે તો ઊભાં થનારાં જોખમોની અકલ્પ્ય કિંમત ચૂકવવી પડશે.

### આ રિપોર્ટની સમરી નીચે પ્રમાણે છે :

મનુષ્યએ આદરેલી પ્રવૃત્તિઓને પરિણામે વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસિસમાં વધારો થયો છે. (યુનાઇટેડ નેશન્સનો રિપોર્ટ પણ આ જ વાત કહે છે.) સ્ટર્ન રિપોર્ટ પ્રમાણે આ ગેસિસનું પ્રમાણ જે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં 280 parts per million (ppm) હતું, તે વધીને 380 ppm થયું છે. આ ગેસને કારણે ગરમી trap થાય છે જેને કારણે પૃથ્વીનું તાપમાન half a degree c* વધ્યું છે અને આવનારા કેટલાક દાયકાઓમાં બીજા અર્ધા અંશનો વધારો થવાની સંભાવના છે. કાર્બનનું ઉત્સર્જન (emission) જો આ જ પ્રમાણે ચાલુ રહેશે તો બહુ જ ઝડપથી તે 2050ની સાલ સુધીમાં 550 ppm સુધી પહોંચી જવાની સંભાવના છે. આથી વિજ્ઞાનીઓ એવું માને છે કે વિશ્વનું સરેરાશ તાપમાન 2c* સુધી જઇ શકે. જો આમ બને તો જેને permafrost ( વિશ્વના ઠંડા પ્રદેશોમાં કાયમને માટે થીજેલું રહેતું પડ ) કહેવામાં આવે છે તેમાંથી પણ કાર્બનનો સ્ટોક છૂટો પડે અને તો પરિસ્થિતિ ભયંકર રીતે વકરે.

આથી વિશ્વસનીય વૈજ્ઞાનિક પુરાવાઓને આધારે રિપોર્ટ એવી ચેતવણી આપે છે કે આ પરિસ્થિતિને વકરવા દેવાથી અને ઉત્સર્જનની બાબતમાં (emission) business as usual (bau)નું વલણ રાખવાથી પર્યાવરણીય પરિવર્તનને કારણે ઊભી થયેલી અસરોમાંથી પાછા ફરી શકાશે નહિ. જો આ પ્રક્રિયા અવિરત રીતે ચાલુ રહે તો ૨૧મી સદીના અંત સુધીમાં આ ઉત્સર્જનનું સ્તર 750 ppm સુધી પહોંચી શકે તેવી સંભાવના રહેશે અને તો તાપમાન 5c* સુધી વધી શકે.

2000ની સાલમાં ગ્રીન હાઉસ ગેસિસનું ઉત્સર્જન 42 billion tonnes જેટલા કાર્બન ડાયોક્સાઇડ જેટલું હતું. આનો સૌથી મોટો જથ્થો (૨૪%) અશ્મિભૂત ઇંધણ (fossil fuel) માંથી આવે છે તેમાં વીજળી પેદા કરવા માટે કોલસો, તેલ અને ગેસ વાપરતાં પાવર સ્ટેશન્સનો સમાવેશ થાય છે. ઊર્જા તરીકે ૧૪% ઇંધણ ટ્રાંસપોર્ટ અને ૧૪% ઇંધણ ઉદ્યોગોમાં વપરાય છે. લગભગ ૧૪% ખેતીમાં વપરાય છે અને ૧૮% ઉપયોગમાં લેવાતી જમીન, ખાસ કરીને જંગલો કાપવામાં વપરાય છે. રિપોર્ટ પ્રમાણે જંગલો કપાવાથી પણ ઉત્સર્જનમાં દર વર્ષે વધારો થાય છે.

### પૃથ્વી પર અસરો

અતિશય ગરમીને કારણે પૃથ્વી માટે પણ કેટલાંક લાંબા ગાળાનાં પરિણામો આવી શકે.

૧. આની સૌથી મોટી અસર water cycle પર પડે. ઘણા વિસ્તારોમાં દુકાળ અને પૂરમાં ભીષણ વધારો થાય. ઊંચાઇવાળા વિસ્તારોમાં વરસાદમાં વધારો થાય અને subtropics માં વધુ પડતો ઘટાડો થાય. ગરમ જમીનને કારણે બાષ્પીભવનમાં વધારો થાય અને તેથી જરૂર કરતાં વધુ વરસાદ અને અચાનક પૂર આવવાની સંભાવના વધી જાય. ગરમીને કારણે પ્રાદેશિક હવામાનની પેટર્નમાં બદલાવ આવે જેમ કે દક્ષિણ એશિયામાં વરસાદ અથવા El Nino effect ઊભી થાય.

૨. વિશ્વના જુદાજુદા પ્રદેશો વચ્ચે પાણીના મોટા પ્રશ્નો ઊભા થાય. જો તાપમાન 2c* ઊંચું જાય તો મધ્યપૂર્વ, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ અમેરિકામાં પાણીના જથ્થામાં લગભગ ૩૦% જેટલો ઘટાડો થાય. તેની સામે દક્ષિણ એશિયા, રશિયા અને યુરોપના કેટલાક ભાગોમાં પાણીમાં 10% વધારો થાય અને તેથી નદીના કિનારાઓમાં ગાબડાં પડે.

૩. હિમનદીઓ (glaciers) ઓગળી રહી છે. દક્ષિણ અમેરિકાની એન્ડિસની પર્વતમાળાઓનો 30% હિસ્સો 1979થી લગભગ અદ્રશ્ય થઇ ગયો છે. અને અત્યારનો trend જો ચાલુ રહે તો આવતા દાયકામાં નાનીનાની હિમનદીઓ અદ્રશ્ય થઇ જવાની સંભાવના છે.

૪. તાપમાનમાં સામાન્ય વધારો થાય તો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને ચીનના કેટલાક ભાગોમાં ઘઉં કે ચોખાના પાકમાં વધારો થાય પરંતુ જો તાપમાન 3-4 c* જેટલું વધે તો અનાજના ઉત્પાદનમાં 10 % જેટલો ઘટાડો થાય અને ઘણા પ્રદેશોની

જમીનની ફળદ્રુપતાનું મોટું ધોવાણ થાય. આમાં પણ આફ્રિકા અને સેન્ટ્રલ અમેરિકાના પ્રદેશોને વધુ સહન કરવાનું આવે.

૫. વધારાનો કાર્બન ડાયોક્સાઈડ જો દરિયામાં ઓગળે તો તેના પાણીમાં એસિડનું તત્ત્વ વધે. જો આમ બને તો સ્વાભાવિક રીતે દરિયાઈ જીવો પર તેની અસર થાય અને કૅલ્સિયમ કાર્બોનેટમાંથી shell and skeleton બનાવવાની પ્રક્રિયા અટકી જાય. સ્ટર્નના મત મુજબ "it would disrupt life irreversibly, halting the growth of corals with knock-on effects up the ocean food chain as far as salmon and whales."

૬. જો પૃથ્વીનું તાપમાન 3-4 c* વધે તો દરિયાના પાણીની સપાટીમાં 20-80 cm નો વધારો થાય અને તો દરિયાકાંઠાના પ્રદેશો માટે જોખમ ઊભું થાય. જો આમ બને તો આત્યંતિક કુદરતી ઘટનાઓ જેવી કે ઝંઝાવાતો અને તોફાનોમાં અતિ વધારો થાય.

૭. એક વૈજ્ઞાનિક આધાર ટાંકીને રિપોર્ટ એમ કહે છે કે ગરમીમાં 1c* માં વધારાને કારણે 10 % જીવોને extinction નો સામનો કરવાનો વારો આવે. 2 c* નો વધારો 15-40 % જમીન પર રહેનારા જીવો માટે ખતરારૂપ બને જેમાં આફ્રિકાના સ્તનધારી જીવો અને ઓસ્ટ્રેલિયાનાં 15-25 % પતંગિયાંનો સમાવેશ થાય છે. ટુંડ્રનાં અર્ધાં જંગલો અને conifer forestsનો ચોથો ભાગ નાશ પામે.

## લોકો પર અસર :

૧. ક્લાઈમેટ ચેઈન્જની સૌથી માઠી અસર સૌથી પહેલી, સૌથી ઘેરી અને સૌથી વધુ ગરીબ દેશો અને લોકો પર પડે. ગરમીના પ્રમાણમાં 2 c*નો વધારો અબજો લોકો માટે પાણીની અછત ઊભી કરે. આ રિપોર્ટ પ્રમાણે ઓગળતી હિમનદીઓ શરૂઆતમાં પૂર લાવે અને પછી પાણીના પુરવઠા પર માઠી અસર કરે જે દુનિયાની છઠ્ઠા ભાગની વસ્તી માટે ખતરારૂપ બને - ખાસ કરીને ભારતીય ઉપખંડ, ચીન અને એન્ડિસની પર્વતમાળાઓ માટે.

૨. 2-3 c*નો વધારો ૩૦ લાખથી ૨૦ કરોડ લોકોને, 3 c* નો વધારો ૨૫થી ૫૫ કરોડ અને 4 c* અથવા તેનાથી વધુ તાપમાન તેથી પણ વધુ સંખ્યામાં લોકોને અને અનાજના વૈશ્વિક ઉત્પાદનને અત્યંત માઠી અસર કરે.

૩. આત્યંતિક તાપમાન અને પ્રદૂષણને કારણે શહેરોમાં ગરમીનાં મોજાં ઘણાં વધુ જોખમી બને - 4 c* નો વધારો 1.5 to 2.5 % લોકોને ડેન્ગીનો ભોગ બનાવે.

૪. રિપોર્ટમાં ઉલ્લેખિત એક અંદાજ પ્રમાણે એકવીસમી સદીના અર્ધ ભાગમાં દરિયાના પાણીની સપાટી ઊંચી આવવાને કારણે લગભગ 20 કરોડ લોકો કાયમને માટે વિસ્થાપિત થશે. બાંગલાદેશ, વિયેટનામ, કરિબિઅન ટાપુઓ અને દરિયાકિનારે આવેલાં ટોકયો, ન્યુયોર્ક, લંડન વગેરે શહેરો માટે ડૂબી જવાનું જોખમ વધશે. રિપોર્ટ એમ પણ કહે છે કે તોફાન જેવી પ્રમાણમાં સામાન્ય ઘટનાઓમાં પણ જો થોડીક પણ તીવ્રતા આવે તો પણ infrastructure ને મોટું નુકસાન થવાની સંભાવનાઓ વધી જશે. દુકાળ અને permafrost ઓગળવાને કારણે મકાનોની સ્થિરતા પર દુષ્પ્રભાવ પડશે.

## અર્થતંત્ર પર અસર

સ્ટર્ન રિપોર્ટ પ્રમાણે જો કશું જ નહિ કરવામાં આવે (bau) તો global per capita consumption માં તાત્કાલિક અને હંમેશને માટે ઓછામાં ઓછો 5% નો ઘટાડો થશે.

બીજું, પર્યાવરણીય પરિવર્તનની કુલ કિંમત અંદાજે global per capita consumption ના 5 % થી વધીને 11 % જેટલી થશે. અલબત્ત રિપોર્ટ એ વાત સ્વીકારે છે કે આ અસરોનું માપન મુશ્કેલ છે.

ત્રીજું, જેને carbon sinks કહેવામાં આવે છે તેની ગ્રીન હાઉસ ગેસિસ શોષી લેવાની ક્ષમતાની મર્યાદા આવી ગઈ હોવાને પરિણામે તેની અસરકારકતા ઓછી થઈ ગઈ છે. જો આ બાબત ધ્યાનમાં લેવામાં આવે તો climate changeની કિંમત global consumptionના 14% જેટલી વધી જાય.

ચોથું, અગાઉ કહેવાયું છે તેમ અમર્યાદ અને અનિયંત્રિત ઉત્સર્જન માટે સમૃદ્ધ દેશો મુખ્યત્વે જવાબદાર હોવા છતાં પર્યાવરણમાં થતા ફેરફારની માઠી અસર દુનિયાના સમૃદ્ધ પ્રદેશો કરતાં ગરીબ પ્રદેશો પર વધારે પડે તેમ છે.

આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં bau ની દૃષ્ટિએ climate change ની મોટી કિંમત ચૂકવવી પડશે જેમ કે માથાદીઠ consumptionમાં ભવિષ્યમાં 20% ઘટાડો થવાની સંભાવના ઊભી થાય.

## સમાપનના મુદ્દાઓ

૧. કાર્બન ઉત્સર્જનને કારણે વિશ્વના તાપમાનમાં already 0.5c*નો વધારો થયો છે.
૨. ગ્રીનહાઉસ ગેસિસનું પ્રમાણ ઘટાડવા માટે કશું જ કરવામાં નહિ આવે તો આવતાં ૫૦ વર્ષમાં પૃથ્વી પર ગરમીનું પ્રમાણ 2-3c* વધવાની સંભાવના છે.
૩. તાપમાનમાં વધારો પૃથ્વીની ભૂગોળ અને આપણી જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન લાવશે.
૪. પૂર, રોગો, તોફાનો, ઝંઝાવાતો, અનાજ અને પાણીની અછતમાં વધારો થશે.
૫. ગરીબ દેશોને સૌથી વધુ સહન કરવાનો વારો આવશે.
૬. Climate change ને પરિણામે વિશ્વની GDP ના 5 to 20 % કિંમત ચૂકવવી પડશે.
૭. કાર્બન ઉત્સર્જન અને global warming માં ઘટાડો કરવાની કિંમત GDP ના 1% જેટલી થશે.
૮. જો કશું જ કરવામાં નહિ આવે તો કાર્બન ઉત્સર્જનથી થતા નુકસાનની કિંમત અંદાજે ટન દીઠ 85 $ જેટલી થશે.
૯. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધુમાં વધુ 450-550 ppm જેટલું હોવું જોઇએ.
૧૦. આથી આ માટે જે કોઇ પગલાં લેવામાં આવે તેમાં કાર્બનની કિંમત નક્કી કરવી, નવી ટેકનોલોજી અને સરકારોને પક્ષે જરૂરી આંતરરાષ્ટ્રીય કરારો અને તેમનો અમલ પૂરેપૂરી પ્રતિબદ્ધતા સાથે કરવો વગેરેનો સમાવેશ થાય છે.

વિયેતનામના યુદ્ધ વખતે ભીષણ બૉમ્બમારા પછીની વ્યાપક અસરોની ચર્ચા કરતાં એક અમેરિકન અખબારે એવું નિરીક્ષણ કરેલું કે 'હવે એવી પરિસ્થિતિ ઊભી થશે કે જેમાં, જેઓ જીવતા છે તેમને મૃત્યુ પામેલાની ઈર્ષા આવશે.' જો કશું જ ન કરવામાં આવે તો 2050-70 અને ત્યાર પછીના સમયમાં આવી પરિસ્થિતિ ઊભી થવાનો નિર્દેશ આ રિપોર્ટ કરે છે. આ બધું આપણને આપણા ethics વિશે જુદી રીતે વિચારવાની ફરજ પાડે છે. જ્ઞાનપ્રકાશ યુગ, ઔદ્યોગિક ક્રાંતિ અને અન્ય સંજોગો અન્વયે આપણાં જે મૂલ્યો ઘડાયાં તેમાં સમુદ્રોની જેમ પર્યાવરણને પણ એક અમર્યાદ સંસાધન તરીકે માનવામાં આવતું હતું અને તેની સાથે ચેડાં કરવા માટે જવાબદાર લોકો અને નુકસાન વિશે સ્પષ્ટ સમજ હતી. કોઇએ કોઇને નુકસાન પહોંચાડયું હોય તો કોણે શું કર્યું તેનો સ્પષ્ટ ખ્યાલ હતો. આજે એવી પરિસ્થિતિ છે કે ઓઝોન લેયરમાં કાણું અને તેને કારણે ઊભા થતા અનેક પ્રકારના પર્યાવરણીય પ્રશ્નો માનવજીવનના સરવાઇવલ સાથે જોડાયેલા હોવા છતાં નવું ethics ઊભું કરવાની જે તૈયારી કે સભાનતા એટલે કે પર્યાવરણને પણ અન્ય સંસાધનોની જેમ મર્યાદિત સંસાધન ગણવું જોઇએ અને તેનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ થવો જોઇએ તે ઊભી નથી થઇ. "પડશે એવા દેવાશે"નું વલણ વિશેષ જોવા મળે છે. રાષ્ટ્રો અને સરકારોને પક્ષે આ પ્રકારની સમજપૂર્વક કે સહેતુક ઉદાસિનતા કે આત્મસંતોષ આત્મઘાતી નીવડશે કે કેમ એવો પ્રશ્ન પણ કયારેક એમાંથી ઊભો થાય છે.

બીજો મુદ્દો રાષ્ટ્રીય સાર્વભૌમત્વ સાથે સંકળાયેલો છે. એ નિર્વિવાદ બાબત છે કે અત્યારના પર્યાવરણના પ્રશ્નો માટે ઔદ્યોગિક રાષ્ટ્રો મહદ્ અંશે જવાબદાર છે. છતાં એ વાત પણ એટલી જ સાચી છે કે મોટા ભાગનાં ઔદ્યોગિક રાષ્ટ્રોએ જરૂરી પગલાં લેવાની તૈયારી બતાવી હોવા છતાં માત્ર અમેરિકા જ એવું રાષ્ટ્ર છે જે સૌથી મોટું પ્રદૂષક છે અને છતાં "preservation of American way of life" ને નામે પર્યાવરણ અને global warming ની બાબતમાં ઘટતું કરવા તૈયાર નથી. રિઓમાં તેણે લીધેલું વલણ અને પછી કયોટો કરારમાંથી નીકળી જવું એ આ બાબતનો પુરાવો છે. માટે જયાં સમગ્ર માનવજાતના ભાવિનો કે સરવાઇવલનો પ્રશ્ન સંકળાયેલો હોય ત્યાં સાર્વભૌમત્વ/રાષ્ટ્રહિતને નામે અસહકાર કેટલો વાજબી ગણાય તે મોટો પ્રશ્ન છે. જો કથિત સમૂહ-સંહારનાં શસ્ત્રો અને અણુશસ્ત્રો સામે શાંતિ અને સ્થિરતાને નામે પ્રતિબંધો લાદી શકાતા હોય તો માણસજાતના સરવાઇવલ માટે વાતાવરણનું રક્ષણ કરવાની જવાબદારીમાંથી છટકી જવા માટે પ્રતિબંધો લાદી શકાય કે કેમ ?

છેલ્લે, વૈશ્વિકીકરણ વિશેની સમજ પણ થોડીક બદલવાની જરૂર છે એમ લાગે છે. સામાન્ય રીતે વૈશ્વિકીકરણના આર્થિક પાસાને - ચીજવસ્તુઓનો મુકત વ્યાપાર, બજારાધારિત/મૂડીવાદી વૈશ્વિક અર્થવ્યવસ્થા, રાજ્યની ન્યુનતમ ભૂમિકા વગેરેને કેન્દ્રમાં રાખી તેનું અર્થઘટન અને મૂલ્યાંકન થાય છે. આ મહત્ત્વનું છે. પરંતુ વૈશ્વિકીકરણનો બીજો મહત્ત્વનો અર્થ એ છે કે અંતે તો સમગ્ર માનવજાતના પ્રશ્નો અને જરૂરિયાતો સરખાં છે અને તેમની નિયતિ એક છે જે રાષ્ટ્રીય સરહદો, સાંસ્કૃતિક સીમાડાઓ અને ભૌગોલિક મર્યાદાઓને અતિક્રમે છે. જાણે કે એક community of fate આકાર લઇ રહ્યો છે અને કેટલાક - ખાસ કરીને પર્યાવરણ અને અણુશસ્ત્રોના પ્રસારને સ્પર્શતા પ્રશ્નો એવા છે જે એકલદોકલ રાષ્ટ્રથી ઊકલે એવા નથી, અથવા જેના ઉકેલ માટે રાષ્ટ્રો વચ્ચે સંમતિ અને સહકાર અનિવાર્ય છે. વૈશ્વિકીકરણના આ અર્થ માટે સર્વસંમતિ સધાવી જોઇએ અને તો કદાચ climate change અને global warmingના પ્રશ્નો ઉકેલવામાં મદદ મળે. ■

# દલિત સ્ત્રીઓની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલની દિશા

- *મંજુલા ડાભી*

દલિત સ્ત્રીની વાત કરતા પહેલાં સ્ત્રીની વાત કરવી જરૂરી છે, જેમણે અડધી પૃથ્વી અને અડધું આકાશ ઓઢેલું છે તેમ છતાં તેમનો દરજ્જો 'દ્વિતીય' (second citizen)નો રહ્યો છે. વૈશ્વિક સ્તરે સ્ત્રી-પુરુષ વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા દોરવામાં આવી છે, જે જૈવિક કરતાં સામાજિક વ્યવસ્થા અને સંસ્કૃતિ દ્વારા વધુ પ્રભાવિત છે. આમ કહી શકાય કે તેમની વચ્ચેની અસમાનતા માનવસર્જિત છે. એમ કહી શકાય કે સ્ત્રી એટલે એવી ઉપેક્ષિતા કે જેના હક્કો અને અધિકારોની સાપેક્ષમાં ફરજો અને જવાબદારી વધુ છે.

ભારતમાં સામાજિક વ્યવસ્થાનો આધાર ધર્મ રહ્યો છે. સામાજિક સ્તરીકરણમાં વર્ણવ્યવસ્થા મુખ્ય પાયો બની. વંશ, નાત-જાતના આધારે સામાજિક વર્ણવ્યવસ્થા અને તેના દ્વારા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, અને રાજકીય સત્તાની વહેંચણી થઇ. સામાજિક રીતે ઉચ્ચ સ્તરે બિરાજતા વર્ગ પાસે સત્તાની લગામ આવી, ત્યારે સત્તાવિહીન પર પરાધિનતા બળજબરીથી લાદવામાં આવી. ધર્મશાસ્ત્રોમાં મુખ્યત્વે ઉચ્ચસ્તરે સ્થિત વર્ગની સત્તાને ટકાવી રાખવાના ઉલ્લેખો વિશેષ હતા. સામાજિક વર્ગીય માળખું અસમાનતાના પાયા ઉપર ઊભું હતું જેમાં જન્મના આધારે એક મનુષ્યને શ્રેષ્ઠ અને બીજા મનુષ્યને નિર્મમ રીતે અસ્પૃશ્ય બનાવી દેવાયો. સત્તા અને અધિકારની આ લડાઇમાં સ્ત્રીઓની સ્થિતિ તો ઓર ઉપેક્ષિતાની રહી.

### સ્ત્રીની પરાધીનતા

ગર્ભાવસ્થા અને બાળકોના સંવર્ધને સ્ત્રીને હથિયારને બદલે ઘર આપ્યું. એટલે જ તે 'ગૃહલક્ષ્મી' તરીકે ઓળખાય છે. શારીરિક તફાવત (નહીં કે નબળાઇ)ને કારણે સ્ત્રી માટે ઘર જવાબદારી બન્યું. એની સાથે તેનો દરજ્જો નિશ્ચિત થયો, જે પુરુષપ્રધાન સમાજમાં દ્વિતીયનો બન્યો. અલબત્ત, સ્ત્રીના દરજ્જામાં પરિવર્તનો આવતાં રહ્યાં છે. જેમ કે પ્રાચીન વેદકાળ પૂર્વે સ્ત્રીને પુરુષોની સમકક્ષ માનવામાં આવતી હતી. તેના અને પુરુષોને મળતા અધિકારો સમાન હતા. પરંતુ મનુસ્મૃતિના સમયમાં સ્ત્રીના ગૌરવયુક્ત સ્થાનમાં પરિવર્તન આવ્યું.

પુરાણો, ધાર્મિક મહાકાવ્યો અને સ્મૃતિઓ દ્વારા સ્ત્રીનો દરજ્જો નિમ્ન રાખવામાં આવ્યો, જેમાં મનુસ્મૃતિમાં વિશેષરૂપે. સામાજિક વર્ણવ્યવસ્થામાં જેમ શૂદ્રોને સત્તા, સંપત્તિ અને અધિકારવિહીન કરવામાં આવ્યા તેવી જ સ્થિતિ સ્ત્રીઓની થઇ. જાતિગત ભેદભાવના આધારે, પુરાણો અને મહાકાવ્યોમાં સ્ત્રીને ભૌતિક સંપત્તિ સાથે સરખાવવામાં આવી. તેમાં એમ કહેવામાં આવ્યું કે, સ્ત્રી અને સંપત્તિને સાચવી રાખવાં જરૂરી છે. એટલે કે સ્ત્રીને અસ્થાયી સંપત્તિ ગણવામાં આવતી. આથી સંપત્તિ પર તેના કોઇ અધિકાર ન હતા. સ્ત્રી અને સંપત્તિને સાંસારિક આસક્તિનું મૂળ ગણવામાં આવતાં બ્રહ્મવૈવત પુરાણમાં જણાવ્યા મુજબ, ''આદર્શ ભક્ત તેને માનવામાં આવે છે જેણે પોતાના પુત્રો, પત્નિઓ, રાજ્ય અને ઐશ્વર્યનો ત્યાગ કરી પોતાની જાતને ભગવાનને સમર્પિત કરી હોય.'' સ્ત્રીને ભેટ આપવી, દાનમાં આપવી અને જુગારમાં દાવ પર લગાવવામાં આવતી હતી. સ્ત્રી અને શૂદ્ર ધાર્મિક વિધિ ન કરી શકે તેવા કડક નિયમો બનાવવામાં આવ્યા. આમ, મનુસ્મૃતિએ શૂદ્ર અને સ્ત્રીની સ્થિતિ એક રીતે ન્યૂનતમ કક્ષાએ લાવી દીધી. ફરક એટલો કે સ્ત્રીઓને માત્ર અસ્પૃશ્ય ગણવામાં આવતી ન હતી; સિવાય કે તે રજસ્વલા થાય, આમ સ્ત્રી અને શૂદ્રોને કોરાણે મૂકવામાં આવ્યાં.

### વર્તમાનમાં સ્ત્રીની સ્થિતિ

સ્ત્રી માટે વંશવર્ધન અને પરિવારની જવાબદારી મુખ્ય ગણવામાં આવે છે. સામાજિક નીતિ નિયમોનું પાલન કરવું, ઘર માટે ઘસાઇ જવું અને હરફ સુધ્ધાં ન ઉચ્ચારવો તેમાં તેના જીવનની સાર્થકતા ગણાય છે. સમાજમાં તેનું વર્તન નિયંત્રિત, સંયમિત રહે તેવી અપેક્ષા રખાય છે અને એવી જ શીખ પણ આપવામાં આવે છે. આ અપેક્ષાઓમાં જો તે ઊણી ઊતરે તો તેના પર નિંદાની પસ્તાળ પડે છે. સમાજ, પરિવાર હંમેશા પોતે ઘડેલ માળખામાં યોગ્ય ઠરતી સ્ત્રીને આ સ્થાન પર બેસાડે છે (ઉપમાઓ દ્વારા), આથી વિપરીત સામાજિક માળખામાં અનુકૂળ ન થાતી સ્ત્રીને નીચી પાડવાના પ્રયાસો થાય છે.

સામાજિક દૃષ્ટિએ સ્ત્રી-પુરુષ અસમાનતાનાં બીજ સ્ત્રીના જન્મ પહેલાં આરોપિત થઇ જાય છે. ગર્ભ- પરીક્ષણમાં ગર્ભસ્થ કન્યાની ખબર પડે તો તરત જ તેના જન્મ પર રોક પડે છે. ૨૦૦૧ મુજબ દેશમાં દર લાગે ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીની સંખ્યા ૯૩૩ છે, જે ચિંતાની બાબત છે. પરિવારમાં જો કન્યાનો જન્મ થઇ જાય તો તેના પાલનપોષણમાં અસમાનતા રાખવામાં આવે છે. કુમારની સાપેક્ષમાં કન્યા શિક્ષણ પર

બહુ ભાર અપાતો નથી. પોષણ અને કાર્યબોજના સંદર્ભે પણ ભેદભાવ રાખવામાં આવે છે. આમ, સ્ત્રી સામાજિક શોષણનો ભોગ તો બને જ છે, સાથે શારીરિક શોષણનો પણ ભોગ બને છે. પરિવારજનો કે નજીકના સંબંધીઓ દ્વારા ઘરની અંદર કે ઘરની બહાર તે શોષણનો ભોગ બને છે.

૧૯૫૧માં દેશની કુલ વસ્તીમાં સ્ત્રી પ્રમાણ ૪૮.૬૩ ટકા અને કુલ શિક્ષણનું પ્રમાણ ૧૬ ટકા હતું તેમાં સ્ત્રી શિક્ષણ પ્રમાણ ૭.૯૩ ટકા હતું. જોકે આર્થિક રીતે સંપન્ન અને મધ્યમ બૌદ્ધિક વર્ગમાં સ્વતંત્રતા અને ઉદાર વિચારસરણી (યુરોપના પ્રબુદ્ધવાદની અસર તળે)ના કારણે સ્ત્રીઓને વિકસિત થવાની તક મળતી હતી. આ પરિવર્તન અતિ મર્યાદિત સ્તરે હતું. સામાજિક રીતે પછાત તેમજ ગરીબ ગ્રામીણ અને શહેરી સમુદાયમાં તો સ્ત્રીની સ્થિતિ 'જૈસે થે'ની જ હતી. ૨૦૦૧ મુજબ દેશની કુલ વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ વધીને ૬૫.૩૮ ટકા થયું છે, જેમાં સ્ત્રી શિક્ષણ ૫૪.૧૬ ટકા અને પુરુષ શિક્ષણ ૭૫.૮૫ ટકા છે. આર્થિક વિકાસની પ્રક્રિયાઓએ અમુક વર્ગોને ચોક્કસ રીતે પ્રભાવિત કર્યા છે. જેમાં ઉચ્ચ, ઉચ્ચ મધ્યમ, અને શહેરી શિક્ષિત વર્ગનો સમાવેશ થાય છે. આ વર્ગની સ્ત્રી શિક્ષણ મેળવી શકે છે. વ્યવસાય કરી શકે છે. પરિવારને આર્થિક સહયોગ પણ આપે છે. તેમ છતાં જ્યારે સામાજિક, ધાર્મિક સંદર્ભમાં નિર્ણય કે પસંદગીની વાત આવે છે ત્યારે કોઇ ને કોઇ સ્વરૂપે સ્ત્રી ઉપર મનુસ્મૃતિના નિયમો થોપી દેવામાં આવે છે. તો પછી સામાજિક સ્તરે તળિયામાં હડસેલાયેલ ગરીબવર્ગની સ્ત્રીની વાત જ શું કરવી!

## દલિત સ્ત્રીઓની સ્થિતિ અને સમસ્યા

ઉચ્ચ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ધરોહર ધરાવતા ભારત દેશમાં જો શિક્ષિત અને ઉચ્ચ વર્ગની સ્ત્રીનો દરજ્જો દ્વિતીય નાગરિકનો હોય તો દલિત સ્ત્રીનો દરજ્જો કયો હોય ? સામાજિક વર્ણીય માળખામાં છેવાડે મુકાયેલ, અવહેલના, અપમાન પામેલ તિરસ્કૃત દલિત સમુદાય! અને દલિત સમુદાયની દલિત સ્ત્રીની સ્થિતિ શું હોઇ શકે ? સ્ત્રી તરીકેનો સામાજિક ભાર અને દલિત તરીકે સહેવા પડતા અત્યાચારથી દલિત સ્ત્રી એ માત્ર સ્ત્રી જ નહીં પણ દલિત તરીકે પણ કોરાણે મુકાયેલ છે, જેના માટે પોતાનું અસ્તિત્વ એ સંઘર્ષ સિવાય વિશેષ કશું નથી. સામાજિક સંઘર્ષ, કૌટુંબિક સંઘર્ષ અને આર્થિક સંઘર્ષની સાથે માનવીય સમ્માનની ગેરહાજરીમાં એનું જીવન શરૂ થાય છે અને સમાપ્ત થઇ જાય છે.

## સામાજિક પરાયાપણું

સામાજિક વ્યવસ્થામાં એક દલિત સ્ત્રી તરીકે ડગલે ને પગલે સમાજિક અને કૌટુંબિક ભેદભાવનો સામનો કરવો પડે છે. સ્ત્રી તરીકે પિતૃસત્તાક વ્યવસ્થા દ્વારા લદાયેલ બંધનો અને દલિત તરીકે તિરસ્કાર, અમાનવીય વ્યવહાર અને અસુરક્ષા તેના આત્મસન્માનને નિચોવી નાંખે છે. પોતાની જાતને સ્વતંત્ર રીતે અભિવ્યક્ત કરવાની અસમર્થતાના કારણે તે પોતાની જાત (સ્ત્રીજાતિ)ને સામાજિક વ્યવસ્થાને અનુરૂપ ઘડવાનો સતત પ્રયત્ન કર્યા કરે છે. પરિણામે તેની વર્તણૂક અને વ્યવહાર કૌટુંબિક અને સામાજિક માળખાને પુષ્ટિ આપનાર બને છે. તેથી સાધન, સંપત્તિ, સત્તાના અધિકારની ગેરહાજરીમાં પરાધિનતા અને પરાયાપણું જ તેના માટે એકમાત્ર વિકલ્પ બચે છે.

## આર્થિક સંઘર્ષ

દલિતોમાં ગરીબીનું ઊંચું પ્રમાણ છે. વર્ષ ૨૦૦૦માં દેશમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીની રેખા નીચે જીવતા દલિતોનું પ્રમાણ ૪૩ ટકા હતું, જ્યારે બિનદલિતોમાં એ પ્રમાણ ૨૩ ટકા હતું. ૧૯૯૧માં ૮૭ ટકા દલિતો પાસે જમીન હતી (પણ ખૂબ જ ઓછી) અને જમીન વિનાના દલિતોનું પ્રમાણ ૧૩ ટકા જેટલું હતું. જમીનવિહોણા અને સીમાંત દલિત ખેડૂતોનું પ્રમાણ ૭૦ ટકા હતું. ૧૯૯૯-૨૦૦૦માં આ પ્રમાણ વધીને ૭૫ ટકા જેટલું થઇ ગયું છે, આમ આર્થિક વિકાસની સાથે અસમાનતાનું વિસ્તરણ થઇ રહ્યું છે, જે ગરીબીને વધુ તીવ્ર બનાવે છે અને દલિત સ્ત્રીના સંઘર્ષમાં વૃદ્ધિ કરે છે.

દેશમાં કુલ દલિત સમુદાયની ૮૮ ટકા વસ્તી ગામડાઓમાં વસે છે. ગ્રામિણ ક્ષેત્રોમાં મુખ્યત્વે ખેતમજૂરી, છુટકમજૂરી, માછીમારી જેવાં પરંપરાગત વ્યવસાયોનો સમાવેશ થાય છે, જેમાં દલિત સ્ત્રીઓ ખભેખભા મિલાવીને કામ કરે છે. સાથે જ ઘરના કામનો ભાર (પાણી, બળતણ, ઘાસચારો લાવવો, ઘરનું કામ) તેમના જ માથે હોય છે. તનતોડ મજૂરી તો ખરી પણ અસંગઠિત શ્રમિક હોવાથી વધુ કલાક કામ અને નીચાં વેતનો દ્વારા તેમનું શોષણ કરવામાં આવે છે. જો તેનો વિરોધ કરવામાં આવે તો સંઘર્ષ માટે તૈયાર રહેવું પડે છે.

ગ્રામીણ વિસ્તારની કુલ દલિત સ્ત્રીઓમાંથી ૮૫ ટકા જેટલી સ્ત્રીઓ ખેતમજૂર તરીકે કામ કરે છે. ગ્રામીણ સ્ત્રીઓની જિંદગી ત્રણ કુદરતી સંસાધનો સાથે સંકળાયેલી છે -જમીન, જંગલ અને પાણી. રોજગારી અને પ્રાથમિક જરૂરિયાતો પર આ સંસાધનો પરની નિર્ભરતા ક્રમશઃ ઘટી અને સંઘર્ષ વધી રહ્યો છે. દિન પ્રતિદિન આ સંસાધનો ઓછાં થઇ રહ્યાં છે. પાણી, બળતણ અને ઘાસચારા માટેના તેના કામના કલાકો વધી રહ્યા છે. પ્રો. નીરા દેસાઇના મતે સામાન્ય રીતે ગ્રામીણ

ક્ષેત્રની સ્ત્રીઓના દશથી બાર કલાક પાણી ભરવામાં કે બળતણ માટે જાય છે. સૂકા-અર્ધસૂકા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં વિશેષ કઠણાઈનો સામનો કરવો પડે છે કારણ કે સામુદાયિક સંસાધનો પર તેમનો કોઈ હક્ક હોતો નથી.

કૃષિમાં આધુનિકીકરણ અને વેપારીકરણની કૃષિ-ઉત્પાદકતા અને આવક પર હકારાત્મક અસર પડે છે પરંતુ શ્રમિક તરીકેની માંગ ઘટે છે. વૈશ્વિકીકરણના માહોલમાં રાજ્ય ક્રમશઃ પોતાની જવાબદારી ઘટાડતું રહ્યું છે (ઔદ્યોગિક ક્ષેત્રોમાં). સામાજિક-આર્થિક સેવાઓમાં રાજ્યની મહત્ત્વની જવાબદારી છે. ખાસ કરીને સામાજિક ન્યાય માટે. પરંતુ ખાનગીકરણ તરફની ગતિ સામાજિક ન્યાયને અવરોધવાનું કાર્ય કરી રહી છે. (ખાનગીકરણ માનવસ્વાતંત્ર્યની હિમાયત કરે છે. પણ ભારતના સંદર્ભે રાજ્ય ભૂમિકા વર્તમાન સમયે એટલી જ મહત્ત્વની છે.) વૈશ્વિકીકરણ રાષ્ટ્રીય આવકમાં ચોક્કસ વધારો કરશે પરંતુ આવકની ઊંચી અસમાનતા પણ સર્જશે તે અંગે રાજ્ય બહુ ચિંતિત જણાતું નથી.

શહેરીક્ષેત્રમાં દલિત સ્ત્રીઓનો અતિ અલ્પ ભાગ શિક્ષિત છે અને રાજ્ય, કેન્દ્રીય ક્ષેત્રમાં રોજગારી મેળવી શકી છે, જેમને પણ સહકાર્યકર દ્વારા સ્વીકારભાવના પ્રશ્નો હોય છે. જ્યારે ખૂબ મોટું પ્રમાણ અશિક્ષિત છે જેમને મજૂરી સિવાય છૂટકો નથી. આ સ્ત્રીઓ શ્રમજીવી વિસ્તાર અથવા ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. તેઓ અસંગઠિત તથા સ્વરોજગારીનાં ક્ષેત્રોમાં કામ કરે છે, જેવાં કે, ફેરિયા, ભંગાર ભેગો કરનાર, નાનકડા વિક્રેતા અને ઘરના નોકર તરીકે, કે રોજમદાર કે બિનકુશળ મજૂર તરીકે – ઘરેલુ કામદાર, બાંધકામ મજૂરો, માટીકામ, બીડી- અગરબત્તીનું ઉત્પાદન, મીણબત્તી બનાવવાનું, કપડાં, જરી, એમ્બ્રોયડરી કામ, શાકભાજી વેચવી વગેરે.

સમગ્ર દેશમાં મેલું ઉપાડનાર દલિત સ્ત્રીઓની સંખ્યા લગભગ પાંચ લાખ છે. આ કાર્ય મુખ્યત્વે સ્ત્રીઓ દ્વારા જ કરાવવામાં આવે છે. માથે મેલું ઉપાડનાર સ્ત્રીઓને આરોગ્યની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આમ, દલિત મહિલાઓમાં પણ પદદલિત સફાઈ કામદાર દલિત સ્ત્રી છે.

### માનવીય હક્કોથી વંચિત

રાજકીય સ્વતંત્રતા દ્વારા સંવિધાનમાં આપણે આદર્શ લોકશાહીનું મોડેલ આપ્યું છે જેમાં સમતા, સ્વતંત્રતા અને બંધુતા અને ન્યાય કેન્દ્રસ્થ મંત્ર છે. બંધારણમાં વિવિધ કલમો જોઈએ તો : ● કાયદા સમક્ષની સમાનતા અને કાયદા દ્વારા સમાન રક્ષણ (બંધારણની કલમ-૧૪) ● તકની સમાનતા (બંધારણની કલમ-૧૬) ● જીવન અને અંગત સ્વાતંત્ર્યનું રક્ષણ (બંધારણની કલમ-૨૧) ● ગુલામી અને ફરજિયાત શ્રમ (વેઠપ્રથા) સામે કાનૂની રક્ષણ (બંધારણની કલમ-૨૩) ● મૂળભૂત અધિકારોની જોગવાઈ (બંધારણની કલમ-૩૨) જાતિ-વંશ-ધર્મ વગેરે આધારિત ભેદભાવો પ્રત્યે પ્રતિબંધ (બંધારણની કલમ-૧૫(૧)) ઉપર્યુક્ત કલમોના સંદર્ભે દલિત સ્ત્રીની શું સ્થિતિ છે તે તપાસીએ.

દેશમાં વસતા બધા નાગરિકોને કાયદો સમાન દૃષ્ટિથી જુએ છે એમ જણાવ્યું છે. પણ શું દલિત સ્ત્રીને નાગરિક તરીકે ગણવામાં આવે છે? નાગરિકતાની વિભાવનામાં દલિત સ્ત્રીનો પડછાયો પણ નથી. વ્યવસ્થાતંત્રની ખામી દ્વારા દલિત સ્ત્રીની  સ્થિતિ ભેદભાવપૂર્ણ થઈ જાય છે. જ્યારે અસ્તિત્વનો પ્રશ્ન હોય ત્યારે સમાનતાની વાત કેવી? વ્યાપક ગરીબી, ભૂખમરો અને અત્યંત નીચા જીવનધોરણે ફસાયેલ દલિત વર્ગની સ્ત્રીનું તેના કુટુંબમાં જ સીમાન્તીકરણ થઈ જાય છે. પછી તે ખોરાક, શિક્ષણ, સ્વાસ્થ્યની રીતે હોય કે કાર્ય વિભાજનની રીતે હોય. એક રીતે દલિત પુરુષવર્ગ પોતાની સ્ત્રી પર બેવડો બિનદલિત સાબિત થાય છે. આથી તકની સમાનતાનો છેદ ઊડી જાય છે. આંખે દેખ્યો અહેવાલ જોવો હોય તો ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારની ચાલ અને ઝૂંપડપટ્ટીમાં જોઈ શકાય. જ્યારે અસ્તિત્વનો પ્ર઼ હોય ત્યારે સમાનતાની વાત કેવી? વ્યાપક ગરીબી, ભૂખમરો અને અત્યંત નીચા જીવનધોરણે ફસાયેલ દલિત વર્ગની સ્ત્રીનું તેના કુટુંબમાં જ સીમાન્તીકરણ થઈ જાય છે. પછી તે ખોરાક, શિક્ષણ, સ્વાસ્થ્યની રીતે હોય કે કાર્ય વિભાજનની રીતે હોય. એક રીતે દલિત પુરુષવર્ગ પોતાની સ્ત્રી પર બેવડો બિનદલિત સાબિત થાય છે. આથી તકની સમાનતાનો છેડ ડી જાય છે. આંખે દેખ્યો અહેવાલ જોવો હોય તો ગ્રામીણ વિસ્તાર અને શહેરી વિસ્તારની ચાલ અને ઝૂંપડપટ્ટીમાં જોઈ શકાય.

બંધારણમાં આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે પહોળી ખાઈ છે. કટ્ટર ધાર્મિક હિતગ્રાહી જૂથો, સત્તાધારીઓ, રાજકીય પક્ષો તેને વધુ પહોળી બનાવે છે. આવી સ્થિતિમાં જ્યાં દલિત વર્ગનું સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક શોષણ અને અમાનવીકરણ થતું હોય તો દલિત સ્ત્રીની સ્થિતિને શું કહીશું ?

હ્યુમન રાઈટ્સ વોચના ભારત સંદર્ભના અહેવાલ મુજબ દક્ષિણ ભારતમાં પુખ્તાવસ્થાએ પહોંચે તે પહેલાં જ હજારો કન્યાઓને દેવદાસીના નામે વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાય છે, જે મોટાભાગે દલિત છોકરી હોય છે.

એક વાર દેવદાસી તરીકે સમર્પણ થાય પછી તે છોકરી લગ્ન કરી શકતી નથી. ઊંચી જાતિના પુરુષોના જાતીય ઉપભોગ માટે તેને ફરજ પડાય છે અને અંતે શહેરી વેશ્યાવાડામાં વેચી દેવાય છે. બળાત્કાર એ ગ્રામીણ વિસ્તારોમાં સામાન્યપણે બનતી ઘટના છે. જાતિપ્રથાના ભાગરૂપે દલિત કન્યાઓને ગામના જમીનદારો સામે સમર્પણ કરવાની ફરજ પાડવામાં આવે છે. લઘુતમ વેતન ચૂકવવાની માંગણી, સહિયારા પાકો અંગેના વિવાદોના નિકાલ લાવવા માટેની કે ગુમાવી દીધેલી જમીન પર ફરી વાર પોતાના દાવા કરવાની દલિતો દ્વારા કરાતી ચળવળોને કચડવા માટે ચી જાતિના નેતાઓના પ્રયાસોના ભાગરૂપે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ પર સામૂહિક બળાત્કારો કરવામાં આવે છે.

### વ્યૂહરચના

દલિત સ્ત્રીની સ્થિતિ સુધારવા માટે ઉપાયો નહીં ચાલે, વ્યૂહરચના ઘડવી પડશે, જેમાં અમલીકરણનું વજન પણ હોય. દલિત સ્ત્રીની સ્થિતિમાં સુધાર માટે નીચેના મુદ્દાઓ પર વિચારી શકાય.

- દલિત સમુદાયની સામાજિક, આર્થિક, રાજકીય સક્ષમતાને સબળ કરવા પ્રયાસ કરવો. કારણ કે દલિત સ્ત્રીની સ્થિતિનો આધાર પરિવારની સ્થિતિ પર છે.
- દલિત સ્ત્રીના શિક્ષણ અને આર્થિક સક્ષમતાવૃદ્ધિના કાર્યક્રમો.
- વ્યાવસાયિક રીતે સંગઠિત ક્ષેત્રોમાં સહભાગીદારીમાં વૃદ્ધિ.
- પારિવારિક પુરુષપ્રધાન સંસ્કૃતિના અનુકરણને સ્થાને સમાનતા અને સ્વતંત્રતાનાં મૂલ્યોમાં વૃદ્ધિ.
- કલ્યાણલક્ષી રાજ્યની ભૂમિકા સામાજિક કલ્યાણ પરત્વે ઉવેખી ન શકાય. વ્યવસ્થાતંત્ર અને વિકાસ કાર્યક્રમોમાં દલિત સ્ત્રીઓની નિશ્ચિત સહભાગિતા પર ભાર આપવો.
- સંવિધાનની કલમો માત્ર આદર્શ ન રહે પરંતુ ન્યાયતંત્ર દ્વારા તેનો કડક અમલ થાય તો જ સ્ત્રી પરના અત્યાચારો ઘટે.

સમસ્ત સ્ત્રીસમાજ શોષિત, પીડિત છે. તેમાં પણ દલિત સ્ત્રીઓની સ્થિતિ વધુ દયનીય બને છે. ભૂતકાળમાં સ્ત્રીની સ્થિતિ સુધારવા માટેના પ્રયાસો સમાજસુધારકો દ્વારા થયા હતા. જેમ કે રાજારામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દાદાભાઈ નવરોજી, કેશવચંદ્ર સેન, મહાદેવ ગોવિંદ રાનડે વગેરે. યુરોપના પ્રબુદ્ધવાદથી પ્રેરિત ઉચ્ચશિક્ષિત આ સુધારકોનો પ્રયાસ સ્ત્રીની સામાજિક સ્થિતિ સુધારવા માટેનો રહ્યો. જો કે તેઓની દરેક દલીલમાં આધારભૂત ધાર્મિક ગ્રંથોનો ઉપયોગ થતો હતો. આથી સામાન્ય જનસમૂહો પર વિશેષ પ્રભાવ પાડી શક્યા નહી. તેમ છતાં અંગ્રેજ શાસન દરમ્યાન ભારતીય સમાજમાં સ્ત્રી પર થતા સામાજિક અન્યાયોને દૂર કરવાના કાયદાકીય પ્રયાસો થયા, જેમાં સતીપ્રથા, કાયમી વૈધવ્ય, બહુપત્નીત્વ, બહુપતિત્વ, પરદાપ્રથા, બાળલગ્નો, દેવદાસી, કજોડાં લગ્નો વગેરેનો સમાવેશ કરી શકાય. આ સંદર્ભે જ્યોતિરાવ ફૂલે, સાવિત્રી-બાઈ ફૂલે, આંબેડકર અને ગાંધીજીના પ્રયાસો વધુ અસરકારક ગણાવી શકાય. જ્યોતિરાવ ફૂલેએ પ્રથમ વખત સ્ત્રી અને દલિત સ્ત્રીઓ માટે શિક્ષણ દ્વારા સંઘર્ષની શરૂઆત કરી, જ્યારે ડૉ. આંબેડકર સંવિધાનમાં સમાનતાના હક્કની સાથે હિંદુકોડબિલ (૧૯૫૫-૫૬) દ્વારા સ્ત્રીઓને વિવાહ-વિચ્છેદ, દત્તક લેવાનો અધિકાર, સંપત્તિમાં સરખો અધિકાર, એકપત્નીત્વ વગેરે કલમો દ્વારા સ્ત્રીને ખરા અર્થમાં સ્વતંત્રતા અપાવી. ગાંધીજીએ પણ પોતાના સમગ્ર જીવનકાળમાં અસ્પૃશ્યતા દૂર કરવા માટે મોટા પાયે પ્રયાસો કર્યા હતા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં સ્ત્રીઓ પણ ગાંધીજી સાથે જોડાઈ હતી, જેમાં વલ્લીઅમ્માનો ઉલ્લેખ જોવા મળે છે. ગાંધીજીએ સ્ત્રીઓમાં અભય કેળવ્યો. અર્થાત્ સ્ત્રીઓના પોતાપણાના ભાવને જાગૃત કર્યો. તેમનું આત્મબળ વિકસાવ્યું. એમ કહી શકાય કે ભારતમાં નિષ્પ્રાણ નારી ચેતનાને તેઓએ જગાવી. તેઓનાં રચનાત્મક કામોમાં અસ્પૃશ્યતાના મુદ્દાને વણી લેવાયો હતો, જેમાં મહત્ત્વનો મુદ્દો એ હતો કે, આંતરજ્ઞાતીય લગ્ન થાય તો જ તેઓ હાજરી આપશે. જે પ્રયોગ મહદ્અંશે સફળ રહ્યો હતો. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓમાં 'સેવા'નો ઉલ્લેખ કરવો રહ્યો. સેવા દ્વારા બિનસંગઠિત વ્યવસાયમાં રોકાયેલી બહેનો જે રીતે સક્ષમતા પામી છે, તેમજ નીતિ નિર્ધારણમાં પણ પોતાના અવાજ દ્વારા સફળતા પ્રાપ્ત કરી શકી છે તે પ્રશંસનીય છે. છેલ્લે ડૉ. આંબેડકરના વિધાનથી વાત પૂરી કરીશ કે, દલિતોએ પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો પડશે, પારકા ઉપર આધાર કે વિશ્વાસ રાખીને બેસાય નહીં.

૧૪ થી ૧૭મી સદી દરમિયાન યુરોપમાં આવેલ નવજાગૃતિ રેનેસાંએ માનવજીવનના વૈચારિક માળખામાં પરિવર્તન આણ્યું. બુદ્ધિવાદ, માનવતાવાદ, ભૌતિકવાદ અને ઉદારમતવાદ તેનાં પરિણામો હતાં. મને લાગે છે કે આપણે તેનાથી બહુ પ્રભાવિત થયા ન હતા. પણ વર્તમાન ભારતમાં એવો સમય છે જે નવજાગૃતિ માટે યોગ્ય છે. તેની શરૂઆત વિવેકબુદ્ધિ, સંશય અને ઉદારતા દ્વારા જ થઈ શકે. આશા રાખીએ કે તેની શરૂઆત આપણાથી થાય. દેશમાં સમસ્ત સ્ત્રીની સ્થિતિ દ્વિતીય દરજ્જાની છે. તેમાં પરિવર્તન માત્ર કાયદાથી કરવું અશક્ય છે. તે માટે લોકોના માનસ- પરિવર્તનની જરૂર છે. કારણ કે જનસમૂહ દ્વારા જ સમાજ પાંગરી શકે, ખીલી શકે, સમાનતા પ્રાપ્ત કરી શકે; જો તે વિવેકબુદ્ધિ ધરાવતો હોય. ■

# મુસ્લિમ સમાજમાં મહિલાની પરિસ્થિતિ

- ડૉ. અસગર અલી એન્જીનિયર

ઉત્તર પ્રદેશનો ઈમરાનાનો અને લંડનનો આયેશા આઝમીનો કિસ્સો પ્રસારમાધ્યમોનું કેન્દ્ર બની ગયા છે. આ પહેલાં વીસમી સદીના એંસીના દાયકામાં શાહબાનોનો કિસ્સો મહિનાઓ સુધી અખબારોની હેડલાઈન બનવા પામેલો. મુસ્લિમ મહિલાઓની બાબતોને પ્રસારમાધ્યમો જરૂર કરતાં વધારે ચગાવે છે એ વાત નિસંદેહ છે. મુસ્લિમો સતત ફરિયાદ કરતા આવ્યા છે કે દરેક પ્રકારનાં પ્રસારમાધ્યમો મુસ્લિમ મહિલાઓની બાબતોમાં વધુ પડતો રસ દાખવતાં હોય છે.

### મુસ્લિમોમાં મનોમંથન જરૂરી

આના પછી હું એટલું ચોક્કસપણે કહીશ કે મુસ્લિમોએ પોતાના સમાજની ગતિવિધિઓ માટે આકરું ચિંતન કરવાની જરૂર છે. તેમણે પ્રામાણિકપણે મનોમંથન કરવું રહ્યું કે શું તેઓ મહિલા સંબંધિત કરારના આદેશનું પ્રામાણિકતાથી પાલન કરે છે કે નહીં? આમ તો તેઓ કુરાન પ્રત્યેનો પોતાનો લગાવ વારેઘડીએ પ્રદર્શિત કરતા રહે છે, પણ જ્યારે કુરાનમાંથી મળતી શિખામણો, ખાસ કરીને મહિલાઓના સંદર્ભની શિખામણો પાળવાની વાત આવે છે ત્યારે તેમની પ્રામાણિકતા અંતર્ધ્યાન થઈ જાય છે.

દરેક દેશના મુસ્લિમ સમાજમાં મુસ્લિમોની હાલત માટે ઉલેમાઓ બહુધા જવાબદાર છે. તેઓ પિતૃસત્તાક મૂલ્યોથી રંગાયેલા છે, કુરાનનાં મૂલ્યોથી નહીં. કુરાનનો મહિલાઓ માટેનો સમૂળગો ઉપદેશ અધિકાર-આધારિત છે, અને પુરુષો માટે ફરજ-આધારિત છે. પરંતુ ઉલેમાએ આની ઊલટા-સુલટી કરી તેમના ઉપદેશને મહિલા માટે ફરજ આધારિત અને પુરુષ માટે હક્ક આધારિત કરી નાંખ્યો છે. આ છે તેમની કુરાન પ્રત્યેની પ્રામાણિકતા !

ઈમરાનાના કિસ્સામાં દારૂલ ઉલુમ દેઓબન્દ અને ગ્રામ પંચાયતે કરેલા ફતવાને કારણે પ્રસારમાધ્યમો આકર્ષાયાં. ગ્રામ પંચાયત તો ઈસ્લામમાં અધિકૃત ન હોઈ તેમનું વલણ સમજાઈ શકે છે, પરંતુ દારૂલ ઉલુમ દેઓબંદ જેવા ઉચ્ચસ્તરીય તરફથી આવો ફતવો આવે એથી ઘણું દુઃખ થાય છે. તેઓ અલ-અઝર પછીના સર્વોચ્ચ ઈસ્લામી ધર્મગુરુ છે.

### ઇમરાના પર ફતવાઓનો પણ જુલમ !

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં રહેતા એક રિક્ષાચાલકનાં પત્ની ઈમરાના ઉપર તેમના સસરાએ બળાત્કાર કર્યો. સસરા અલી મહમ્મદે બળાત્કાર કર્યો હોવાનો આરોપ લાગુ થયો છે અને બળાત્કારની કલમો લાગુ કરાઈ છે. અદાલતનો ચુકાદો આવતા પહેલાં જ ઉલેમાએ આ બાબતને મિલકતના ઝઘડાની ઊપજ દર્શાવી અને ઈમરાનાએ બદલો લેવા સસરા ઉપર બળાત્કારનો ખોટો આરોપ મૂક્તા હોવાનું જણાવ્યું. વધુમાં એમણે કહ્યું કે, જો બળાત્કાર ખરેખર થયો જ હોય તો તેમણે સસરા સાથે સંભોગ કર્યો હોવાથી ઈમરાનાએ તેમના પતિને છૂટાછેડા આપવા જોઈએ અને અન્ય પુરુષ સાથે લગ્ન કરવાં જોઈએ.

ઉલેમાએ એ વાતની જરાય દરકાર લીધી નહીં કે આ બળાત્કાર હતો, સ્વેચ્છાથી થયેલ સંભોગ નહીં. જો આમ કરવામાં તેમની સર્વસંમતિ હોત તો બાબત જુદી હતી, પરંતુ બળાત્કારમાં તો તેમનો વાંક કઈ રીતે કાઢી શકાય? તેમના પ્રત્યે સૌને સહાનુભૂતિ થવી જોઈએ અને સજા તો સસરાને થવી જોઈએ. પણ, આપણા ઉલેમા તો તેમને જ સજા કરવા પર તુલ્ય છે. અરે, એ બાબત તો નોંધી હોત કે ઈમરાનાને આ લગ્ન દ્વારા પાંચ બાળકો છે અને છૂટાછેડા થાય તો એ બાળકોનું શું? એમાંય એક દીકરી તો પરણવાલાયક ઉંમરની છે.

આપણા દેશના ગ્રામ્ય વિસ્તારના સમાજમાં સુખે-સુખે રહેવું હોય તો ન્યાયી - અન્યાયી કે સાચા - ખોટા તમામ ફતવાને તાબે થઈને રહેવું પડે છે. ઈમરાનાએ આ જ સમાજમાં રહીને પોતાનાં બાળકોને ભણાવવાનાં છે અને પરણાવવાનાં છે. ફતવાનો અનાદર કરવાથી થતી હાલત તો જેના પર વીતી હોય તે જ જાણે. આપણા ઉલેમાઓ ફતવા આપતી વખતે આખી પરિસ્થિતિનો કયાસ કાઢી વિચારવાને બદલે તરત જ શરિયાહની ચોપડી ખોલીને કેલ્ક્યુલેટરની જેમ જવાબ શોધી કાઢે છે. શરિયાહના ઠરાવોનું સર્જનાત્મક અર્થઘટન કરવાનું કહેવાયું છે, જેને ઈજતિહાદનો નિયમ કહેવાય છે. આ નિયમથી ઉલેમાઓ જોજનો દૂર રહે છે. મુ'અધ ને યેમેનના ગવર્નર તરીકે પયગંબરસાહેબે નીમેલા અને તેમણે જ મુ'અધને ઈજતિહાદ પાળવા પ્રેરેલા.

## સન્માનનીય ઇમામોના વિસંગત અભિપ્રાયો

સંજોગોવશાત્ આપણા ઉલેમા એવા ગરીબ અને વંચિત સમાજમાંથી ઊભરે છે કે તેમને આધુનિક સમાજ અને તેની ગતિવિધિઓનું રતીભાર પણ જ્ઞાન હોતું નથી. તેઓ પોતાના બંધિયાર તળાવની બહાર નીકળવાની હિંમત સેવતા નથી. તેમને ફક્ત પ્રાચીન શરિયાહનો અભ્યાસ કરવાની ટ્રેનિંગ અપાય છે. તેમને તો એવી પણ જાણકારી નથી કે એક જ સમસ્યાને ઉકેલવામાં મહાન ઈમામો પણ અલગ-અલગ અભિપ્રાયો આપતા હોય છે. જેમકે, મહાન ચિંતક અને કાનૂન નિષ્ણાત ઈમામ અબુ હનિફા કહેતા કે જે હરામ (પ્રતિબંધક) છે તે હલાલ (અનુમતિપાત્ર)ને રદ કરે છે. આથી હનફી સ્કૂલની નજરે, ઈમરાના પર થયેલો બળાત્કાર હરામ હોવાથી તેમનો અનુમતિપત્ર નિકાહ (લગ્ન) રદ થઇ જાય છે. અન્ય એક મહાન ન્યાયપ્રેમી ઈમામ શફિલનો અભિપ્રાય આનાથી તદ્દન વિરુદ્ધનો છે. તેમનું કહેવું છે કે, જે હલાલ છે તે હરામને રદ ન કરી શકે. આ નજરે, ઈમરાના પર થયેલો બળાત્કાર હરામ છે અને નિકાહ (હલાલને) રદ ન કરી શકે. ઈમરાના હનફી હોવાથી હનફી મુફ્તી પાસેથી ફતવો મેળવાયો અને તે મુજબ ઈમરાનાનો નિકાહ રદ કરાયો અને તેમને છૂટાછેડા લઇ અન્ય કોઇ વ્યક્તિ સાથે પરણવાની સલાહ અપાઇ. જો શફિલ મુફ્તી પાસેથી ફતવો મેળવાયો હોત તો તેમનો નિકાહ અકબંધ રહેત. અહલ-એ-હદિસે પણ આ જ પ્રકારે નિકાહને યથાવત્ રાખ્યો હોત. આથી વિવિધ વિચારો ધરાવતી સ્કુલ આપણે જોઇ શકીએ છીએ અને આપણા મુફ્તી અને ઉલેમા તેમની પોતાની સ્કૂલના વિચારોને આધારે ફતવા આપે છે.

## . . . અને ચુકાદાઓ મહિલા તરફી

વખત આવી ગયો છે કે ઉલેમા દરેક સ્કૂલની ફિલસૂફી તપાસી તેમાંથી મહિલા-તરફી ન્યાયી ચુકાદાઓ અપનાવે જેથી આવી શરમજનક ઘટનાઓને ટાળી શકાય. આવી પ્રથા તો પ્રવર્તમાન થઇ જ ચૂકી છે. પોતાના જમાનાના અસાધારણ 'આલીમ' મૌલાના અશરફઅલી થાનવીએ લગ્નને રદ કરવાના કિસ્સામાં આવું કરેલું. હનફી સ્કૂલ મુજબ જો પતિ લાપતા હોય તો પત્નીએ ફરી લગ્ન કરતાં પહેલાં ૯૦ વર્ષ માટે પતિની રાહ જોવી પડે. મૌલાના અશરફઅલી થાનવીએ મુસ્લિમ મહિલા માટેનો ફાયદાકારક નિયમ મલિકિ સ્કૂલમાંથી અપનાવ્યો, જે મુજબ પત્નીએ ફક્ત ચાર વર્ષ રાહ જોવાની રહે છે.

મહિલા સંબંધી અનેક મુદ્દાઓ છે જેના માટે એક કે બીજી શરિયાહ સ્કૂલ અન્ય સ્કૂલો કરતાં વધુ લાભકારક હોય છે. દા.ત. એક જ બેઠકમાં ત્રણ વારના તલાકની છૂટ હનફી અને શફિલ સ્કૂલ આપે છે, જ્યારે અહલે-હદિસમાં આની અનુમતિ અપાતી નથી. તો અહલ-એ-હદિસને આ મુદ્દે અપનાવી એક જ બેઠકમાં ત્રણ તલાકની પ્રથા નાબૂદ કરી શકાય. આ મુજબનું સંકલન ભારતમાં મુસ્લિમ મહિલાઓની પરિસ્થિતિને રાહતકર્તા રહેશે.

હકીકતમાં આવું જ સંકલન તુર્કસ્તાનમાં ઓગણીસમી સદીમાં ઓપ્ટોમેનના જમાનામાં કરાયેલું. હવે આજે કેટલાક દેશો મુસ્લિમ મહિલાઓ સંદર્ભમાં શરિયાહ કાનૂન અંતર્ગત ફેરફાર કરી રહ્યા છે, ત્યાં તો કુરાનની જોગવાઇઓ પણ સીધી લાગુ કરાય છે અને અન્ય બાબતોમાં ઈજતિહાદની પણ કોશિશો થાય છે. ફક્ત ભારત જ એવો દેશ છે જ્યાં દરેક શરિયાહ  સ્કૂલની સંકલન જેવી બાબત પણ અછૂત મનાય છે, ઈજતિહાદની કોશિશ તો દૂરની વાત થઇ. ભારતમાં શરિયાહ કાનૂનના બંધિયારપણાને કારણે મહિલાઓની હાલાકી ચાલુ જ રહેવાની.

## સુધારાઓ શક્ય છે, અને જરૂરી પણ

આપણા ઉલેમા ફતવા બહાર પાડતી વેળાએ તેની આડઅસરોની કોઈપણ નોંધ લેતા નથી, બસ ફક્ત પોથી-પંડિતની જેમ પોતાની સ્કૂલની કાનૂની ચોપડીનો અભ્યાસ કરે છે. પછી આખીય દુનિયા ઈસ્લામને મહિલાને દાબમાં રાખનાર તરીકે  ઓળખે એમાં નવાઇ શું છે? વધુમાં ઈસ્લામી ન્યાયશાસ્ત્રીઓના મધ્યયુગકાલીન કાનૂનોમાં પણ કોઇ બદલાવ આવકારાતો નથી. આપણા ઉલેમા કોઇપણ બદલાવની ભાવનાને અટકાવવા શરિયાહ કાનૂનને પવિત્ર જાહેર કરી મુસ્લિમ વર્ગને કોઇપણ સુધારા ન કરવા તરફ ખેંચી રહ્યા છે.

આ સાચું નથી. શરિયાહ સુધારાથી પર નથી. કુરાનમાં જણાવેલ પવિત્ર કાયદાઓની જેમ જ શરિયાહ પણ માનવવિચારનું જ સર્જન છે. બહુ બહુ તો એમ કહીએ કે પવિત્ર આદેશોને પરખવાનો અને અમલ કરવાનો આ માનવીય અભિગમ છે. શરિયાહ અંશતઃ પવિત્ર છે અને માનવીય સુધારાને આધિન છે. જે પરિસ્થિતિઓમાં એ જમાનાના મહાન ઈમામોએ આ વિચારો પ્રસાર્યા, તે પરિસ્થિતિમાં ધરખમ ફેરફારો થયા હોવાથી આપણે નવા સંદર્ભથી પુનઃવિચાર કરવો પડશે.

આજની મહિલા સમાજનું સક્રિય અંગ બની છે, જે પોતાના અધિકારો પ્રત્યે સજાગ છે. પવિત્ર પયગંબરસાહેબના જમાનાની મહિલા પણ ઘણી સક્રિય હતી અને પુરુષપ્રધાન પૃથ્વી પર વિવિધ રણસંગ્રામોનો સામનો કરીને પણ આગળ વધતી. પયગંબર અગત્યની બાબતોમાં અનેક વાર

પોતાની પત્નીઓની સલાહ લેતા તથા ઘરની અને પ્રાર્થનાની આગેવાની જેવાં અગત્યનાં કામો તેમને સોંપતા. સ્ત્રીઓ યુદ્ધમાં પણ નર્સનું કામ કરી સહભાગી થતી.

### ઇસ્લામના ઇતિહાસમાં મહિલાનો ઝળહળતો સૂરજ, અને તેનો અસ્ત

દ્વિતીય ખલીફા હજરત ઉંમરે માર્કેટ ઇન્સ્પેક્ટરનું કામ એક મહિલાને સોંપ્યું હતું. ઇમામ અબૂ હનીફાએ મહિલાઓને ન્યાયાધીશ બનવાની છૂટ આપી હતી. ઉમ્માયદના જમાનાથી વળતાં પાણી એવાં તે વળ્યાં કે ધીરેધીરે મહિલાઓ ચાર દીવાલમાં સીમિત થઈ અને પરદામાં ઢંકાઈ ગઈ. ઇસ્લામના ઘણા ઇતિહાસકારો નોંધે છે કે આજના જમાનાની પરદાપ્રથા ઉમ્માયદના જમાનામાં લોકપ્રિય થઈ. એ વખતે રોમન અને સસ્સાનીદ શાસકો અનેક મહિલાઓને હરામમાં રાખતા, આનું જ અનુકરણ મુસ્લિમોએ ઉમ્માયદ-કાળમાં કર્યું છે.

આજે ભારત અને પરદેશના દરેક સમાજમાં સામાજિક, રાજકીય અને આર્થિક જીવનના વિવિધસ્તરે મહિલાનો ફાળો વિરલ બનવા પામ્યો છે. કુરાનના આદેશોને વિસંગત શરિયાહના દરેક મુદ્દા પર પુનર્વિચાર કરી તેનું પુનઃગઠન કરવું જ પડશે. જો ઉલેમાઓ સમાજની બદલાતી તાસીર નજરઅંદાજ કરશે તો દેશમાં બળવત્તર બનેલી મહિલા ચળવળથી તેમને ઘણું ભોગવવું પડશે. મુસ્લિમ મહિલાઓનો ભણેલો-ગણેલો વર્ગ આજે પોતાના અધિકારો માટે અવાજ ઊભો કરી રહ્યો છે. સ્પષ્ટ છે કે ઇસ્લામના આ અતિ-શિક્ષિત પુરુષો જે પણ વદશે એ બધું જ કંઈ મુસ્લિમ મહિલા અપનાવશે નહીં.

### ઇસ્લામના સિદ્ધાંતોની સેવા; અને તેની મૂળભૂત પરખ

ભારતમાં લોકશાહી હોવાથી વાણી-સ્વાતંત્ર્ય એ દરેકનો મૂળભૂત અધિકાર છે. આ ઉલેમા શાસિત બંધિયાર સમાજ નથી કે જેમાં તેમના ઉદ્‌ગારોને ચકાસણીની એરણે મૂક્યા વગર કોઈ એમનેમ અપનાવી લે. ભક્તિને સંલગ્ન બાબતો અને આજ પછીના સમયને સાંકળતી બાબતો એટલે ઇબાદત, જેમાં કોઈ સુધારો કરી શકાય નહીં, પરંતુ મુઆમલત એટલે એક મનુષ્ય અને બીજા મનુષ્ય વચ્ચેનું, આમાં તો સુધારો જરૂરી છે જ, ફક્ત કુરાનનાં મૂલ્યો અફર રહેશે, જે છે ન્યાય (adal), પરોપકાર કરવો (ihsan), કરુણા (rahmah) અને ડહાપણ (hikmah). ઉલેમાઓનું આ રીતે અચલિત અને પરિણામે અન્ય લોકોની હાલાકી પ્રત્યે સંવેદનશીલ ન બનવું એ મહિલાઓની વાત તો દૂર, પણ ઇસ્લામના સિદ્ધાંતોની પણ સેવા નથી.

*(સેક્યુલર પર્સપેક્ટીવ, ૧ નવેમ્બર, ૨૦૦૬માંથી સાભાર)* ■

## ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન - પરિપ્રેક્ષ્ય

(૧૦-૧૧ જાન્યુઆરી ૦૭ નવી દિલ્હી ખાતે ડૉ. રઝિયા પટેલના અધ્યક્ષ સ્થાને ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન (ભા.મુ.મ.આં)ના સ્થાપના સંમેલનમાં ૧૨ રાજ્યોના ૩૦૦ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધેલો, જેમાં જાહેર કરેલ પરિપ્રેક્ષ્ય ટૂંકમાં રજૂ કરેલ છે.)

ભા.મુ.મ.આં. આજના સમયની ઐતિહાસિક જરૂરિયાત છે. ભારતીય મુસ્લિમ સમાજનાં અનેક ક્ષેત્રોમાં પછાતપણાની સ્થિતિને આંદોલન એક મહત્ત્વનો સવાલ ગણે છે. મુસ્લિમ સમુદાયનું ભારતીય સમાજમાં લઘુમતી સ્થાને હોવું, ચારે બાજુનું પછાતપણું, રૂઢિચુસ્ત ધાર્મિક નેતાગીરી, તેમના દ્વારા ધર્મનો ઉપયોગ અને પુરુષપ્રધાન પર્સનલ લો જેવા કાયદાઓએ ભારતીય મુસ્લિમ મહિલાની સ્થિતિ જટિલ બનાવી દીધી છે. વકરતો જતો આંતરરાષ્ટ્રીય આતંકવાદ, બહુમતી અને લઘુમતી વચ્ચે વધતી વિસંવાદિતા અને તનાવની સ્થિતિમાં સૌથી નીચા સ્થાને રહેલી મહિલાઓ બેવડો માર વેઠી વધુ ને વધુ અસુરક્ષિતતાનો સામનો કરી રહી છે.

ભા.મુ.મ.આં. સામાજિક ન્યાયની અન્ય લડતો સાથે જોડાણ કેળવશે. મુસ્લિમ મહિલાઓની સ્થિતિ અને હિંદુ-મુસ્લિમ સમુદાયના શાંતિ-સૌહાર્દપૂર્ણ સંબંધો વિષે ઊંડી સમજ વિકસાવવાના કામને અગ્રીમતા આપશે. ભા.મુ.મ.આં. આ ઉદ્દેશ્યો પ્રતિ પ્રતિબદ્ધતા જાહેર કરતા કાર્યક્રમોની બહોળી રૂપરેખા જાહેર કરે છે.

(૧) ભારતીય મુસ્લિમ સમાજના અત્યારના પછાતપણાની સ્થિતિની ઐતિહાસિક દૃષ્ટિકોણથી રાજકીય સમજ કેળવવી અને પછાત પણાને દૂર કરવા સામાજિક અને રાજકીય જાગૃતિ કેળવવી. (૨) ભારતીય મુસ્લિમ મહિલાના સવાલો સમજવા અને સામાજિક, આર્થિક, રાજકીય, કાયદાકીય, નાગરિક અને માનવીય અધિકારો માટે જાગૃત કરી તે મેળવવા સંચાલિત કરવા. (૩) પુરુષપ્રધાન પર્સનલ લોમાં સુધારા દાખલ કરાવવા મથવું. (૪) સામાજિક ન્યાય માટેની લડતને મજબૂત કરવા ધર્મનું હકારાત્મક અર્થઘટન કરવું. (૫) મુસ્લિમ મહિલાઓના ઐતિહાસિક-રાજકીય પ્રદાનના મહત્ત્વને માન્યતા મળે અને તે દ્વારા ચળવળ મજબૂત કરવી. (૬) દલિત સમાજના સવાલો સમજી તેના નિરાકરણ માટે કાર્યક્રમો હાથ ધરવા. (૭) ભારતીય સમાજમાં હિંદુ-મુસ્લિમ સંબંધોની સમજ કેળવવી અને બંન્ને વચ્ચેનો તનાવ, વિસંવાદિતા ઘટાડવા પ્રયત્નો કરવા. (૮) ફાસીવાદ, કોમવાદ, કોમી કટ્ટરવાદ સામે કાર્યક્રમો હાથ ધરવા. (૯) મુસ્લિમ સમાજના સવાલો પર વૈકલ્પિક અવાજ ઊભો કરવો. ■

# તમારા મનને મુક્ત કરો - ૫

## રાજકીય અર્થશાસ્ત્ર શીખનાર માટેની માર્ગદર્શિકા

*- સૌવિક ચક્રવર્તી*

## રોજગારી

### રોજગારી યોજનાઓ

ભારત સરકાર રોજગારી પેદા કરવા (employment generation) ના નામે લખલૂટ પૈસા ખર્ચે છે. ચોરોના રાજ (kleptocracy) દ્વારા હકીકતમાં જાહેર સેવાઓ માટેનાં નાણાં બીજી બાજુ વાળવામાં આવી રહ્યાં છે. આ એવા પૈસા છે જેને અમલદારો, રાજકારણીઓના 'કાર્યક્રમો' પાછળ ખર્ચે છે. કરવેરાથી ઊઘરાવેલા (અને અપ્રામાણિકતાપૂર્વક છાપેલા પૈસા, જે હકીકતમાં ખાધ છે) પૈસાને તેઓ દેખીતી 'ઉપજાઉ' રીતે વાપરે છે- એમને માટે ઉપજાઉ રીતે. સાચી વાત તો એ છે કે 'રોજગારી પેદા કરતી યોજનાઓ' બીજું કાંઇ નહીં પણ રાજકીય બજારના મુખ્ય ખેલાડીઓ (રાજકારણીઓ અને અમલદારશાહી) દ્વારા જાહેર નાણાંને ચોરવાની યોજનાઓ માત્ર છે.

હકીકતમાં, સરકારી ખર્ચ ખાનગી ખર્ચ કરતાં વધારે રોજગારી પેદા ના કરી શકે. જો કર ભરનારાઓએ એ પૈસા કર ભરવાને બદલે પોતાની પાસે રાખ્યા હોત અને પોતે વાપર્યા હોત તો એટલા જ પ્રમાણમાં રોજગારી ઊભી થઇ શકી હોત. જો કર ભરનારાઓએ ખાનગી બેંકોમાં પૈસા બચાવ્યા હોત, જેણે એ પૈસા સારી લોન પાછળ રોકયા હોત તો પણ એટલા જ પ્રમાણમાં રોજગારી પેદા થઇ હોત. એને બદલે કલેપ્ટોક્રેટસ મોંઘવારી કર ઊઘરાવે છે; આ 'યોજનાઓ'ને નાણાંકીય મદદ કરવા માટે પૈસા છાપે છે. અને તેમ કર્યા પછી પણ તેઓ કોઇને મદદ કરતા નથી, ગરીબોને તો નહીં જ. જાહેર પૈસાને આ યોજનાઓને બદલે જાહેર સગવડો-સેવાઓ ઊભી કરવા તરફ વાળવા જોઇએ. આ તો 'રોજગારી પેદા કરવાના' નામે ચોરો દ્વારા ઊભું કરવામાં આવેલ મોટું કાવત્રું છે, જેની આપણને જરૂર નથી.

### 'યંત્રો બેરોજગારી જન્માવે છે' ની ખોટી માન્યતા :

આપણા મોટાભાગના રાજકારણીઓ ખાદી ખાસ એ બતાવવા પહેરે છે કે તેઓ ગરીબો તરફે છે અને તેઓ એવી ફિલસુફીમાં માને છે કે યંત્રો-મશીન બેરોજગારી સર્જે છે. તેથી શરીર શ્રમનો ઉપયોગ કરીને રોજગારી વધારતી ઉત્પાદન પદ્ધતિને જ તેઓ ટેકો કરે છે. તેઓ એવું પણ માને છે કે આપણો દેશ વધારે પડતી વસ્તી (over-populated) ધરાવે છે તેથી આપણે ત્યાં આધુનિક મશીનરીના ઉપયોગને બદલે શરીરશ્રમને પ્રાધાન્ય આપતી ઉત્પાદન પદ્ધતિ જ રોજગારી વધારે છે અને એ જ કામની પદ્ધતિ છે.

આ પ્રકારની દલીલ ઉત્પાદકીયતા અને કાર્યક્ષમતાને નજરઅંદાજ કરે છે. શ્રમ વિભાજન સંપત્તિ પેદા કરવાની રીત છે. શ્રમ વિભાજનને કારણે આપણે સૌ ઓછામાં ઓછા શ્રમથી વધુમાં વધુ ઉત્પાદન કરી શકીએ છીએ. કોઇપણ રેશનલ અને ઉદ્યમી વ્યક્તિ એમ કરવા માગે છે. જો વ્યક્તિ પોતાના કામ માટે મશીનનો ઉપયોગ કરે એનાથી ફાયદો થતો હોય તો દેશ માટે પણ એ યોગ્ય ન બને ? શું મશીન બેરોજગારી ઊભી કરે છે કે તેનાથી વધુ માલ ઉત્પન્ન થાય છે, જેથી વધુ સંપત્તિનું સર્જન થાય છે? સાચું શું છે? તમારી આસપાસ તમને શું જોવા મળે છે? પથ્થર યુગમાં પથ્થરનાં સાધનો-આયુધો બનાવવામાં બધાને રોજી મળી રહેતી હતી - શું આપણે સૌ એમાં વધારે સારી સ્થિતિમાં હતા?

મશીનને લીધે પેદા પુષ્કળ થાય છે. તેને લીધે એ વસ્તુની કિંમત ઘટે છે અને વધુ લોકોને એ ખરીદવી પરવડે છે. બજાર વિસ્તરે છે અને એને લીધે મશીન આવ્યા પહેલાં જેટલી રોજગારી હતી એના કરતાં રોજગારી છેવટે વધે છે. એનું ઉત્તમ ઉદાહરણ છે મોટરકાર.

જ્યારે હેન્રી ફોર્ડે જુદા જુદા ભાગો ભેગા કરીને ગાડીઓ બનાવવાનું શરૂ કર્યું, ત્યારે એની નેમ વધુને વધુ ઉત્પાદન કરવાની હતી. એણે વધુ મશીનો અને ઓછા શરીરશ્રમનો ઉપયોગ કરીને એટલા જ સમયમાં વધારે ગાડીઓ બનાવી. ખૂબ ઝડપથી ગાડીઓ સસ્તી થઇ ગઇ અને વધુ લોકોને એ પરવડવા માંડી. બજાર વિસ્તર્યું.

આજે, ભારત સહિતના દુનિયાભરના મોટાભાગના ગાડી બનાવવાના પ્લાન્ટો મશીન આધારિત છે. તેમ છતાં, હેન્ડી ફોર્ડના દિવસોમાં ગાડી બનાવવાના ઉદ્યાગમાં જેટલો રોજગાર હતો એના કરતાં એ ઉદ્યોગમાં આજે વધારે રોજગારી ઉપલબ્ધ છે.

આ મિથ્યા માન્યતા માટે એક રમુજી ટૂચકો પ્રખ્યાત છેઃ એક વખત, બે મજૂરો એક મહાકાય અર્થમુવર (માટી ઉપાડનારા સાધન) ને પોતાના વિશાળ હાથોથી માટીના મોટા થપ્પા ઉખેડતા જોઈ રહ્યા હતા. એકે કહ્યુંઃ ''જો આ યંત્ર ના હોત તો આપણામાંના હજાર માણસો કોદાળી વડે આ કામ કરી શક્યા હોત.'' બીજો બોલ્યો, ''અથવા ચમચી વડે લાખો લોકો.''

### આર્થિક સ્વતંત્રતા રોજગારી વધારે છે :

જ્યારે વસ્તુઓ અને સેવાઓ એક હાથમાંથી બીજા હાથમાં જાય છે ત્યારે રોજગારી ઊભી થાય છે. સરકાર રોજગારી ઊભી ના કરી શકેઃ એ માત્ર કર ઉઘરાવી શકે અને એને વાપરી શકે. જો અર્થતંત્ર મુક્ત હોય અને સરકારી બાબુઓ લોકોને પોતપોતાની આર્થિક પ્રવૃત્તિઓ કરતા અટકાવતા ન હોય તો જ રોજગારી ઊભી થાય. વ્યાપાર-ધંધા પરના પ્રતિબંધો, ચલણ પરનાં નિયંત્રણો, લાયસન્સ-પરમીટ રાજ- આ બધું જ જવું જોઈએ. ગરીબ દેશમાં લોકોને પોતાનાં કુટુંબ કબીલાઓની જરૂરિયાત પૂરી કરવા માટે પ્રામાણિકતાપૂર્વક નાણાં રળવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

ગ્રામીણ વિસ્તારો જ્યાં ઘણા લોકો જમીનવિહોણા ખેતમજૂરો કે સીમાંત ખેડૂતો છે ત્યાંની બેરોજગારીનું શું? *(આપણે આગળ જોયું તેમ સરકાર રોજગારી પેદા કરવા પાછળ પૈસા ખર્ચે એના કરતાં એ નાણાંનો ઉપયોગ ગામડાંઓને શહેરો સાથે, ગામડાંઓ સાથે કે હાઈવે સાથે જોડતાં બારમાસી રસ્તાઓ, પુલો કે સિંચાઈની સવલતો જેવી જાહેર સેવાઓ ઊભી કરવા પાછળ વાપરે અને લોકોની અર્થ-ઉપાર્જનની પ્રવૃત્તિઓ પરનાં નિયંત્રણો દૂર કરે એની જ જરૂર છે. બીજી જરૂર છે લોકોને સ્થાનિક સંસાધનો પર માલિકી હક્ક આપવાની, જેથી લોકો એનો સમુચય અને ટકાઉ ઉપયોગ -ઉપભોગ કરીને અર્થ-ઉપાર્જન કરી શકે. ગામોમાં જ રોજગારી વધારવાની આના સિવાયની 'રોજગારી યોજનાઓ' લટકતા ગાજર જેવી જ પુરવાર થાય અને હકીકતમાં હાલમાં અમલી રોજગાર ગેરન્ટી કાયદાના અમલ બાબતે એમ જ થઈ રહ્યું હોવાના અહેવાલો છે.)*

જેમ જેમ દેશ વિકાસના પથ પર આગળ વધતો જાય, તેમ તેમ દેશની કુલ આવકમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો હંમેશા ઘટતો જાય છે, અને સેવા ક્ષેત્ર તેમજ ઔદ્યોગિક ઉત્પાદન (manufacturing) ક્ષેત્રનો હિસ્સો વધતો જાય છે. જો વધુને વધુ લોકો ખેતી આધારિત રહેશે, તો તેઓ ગરીબીની ગર્તામાંથી બહાર નહીં નીકળી શકે. ગ્રામીણ ગરીબો માટે ઉદ્યોગીકરણ અને શહેરીકરણ સારામાં સારા ઉપાય છે.

વ્યાપાર મુક્ત હશે તો રસ્તાને અડીને ઊભી કરેલી નાની નાની દુકાનો કે હાટડીઓ પણ વધુ 'રોજગારી' પૂરી પાડી શકશે. આજે, આપણે ત્યાં શહેરી વિકાસ અને ગરીબી નિવારણ મંત્રાલય છે, અને તંત્ર શેરીના ફેરિયાઓ અને ખેપિયાઓ પાસેથી પૈસા ઉઘરાવે છે. ગરીબો માગે છે શહેરી બજારોમાં છૂટથી વેપાર-ધંધા કરવાની સ્વતંત્રતા. ગરીબો માટે થઈને રાજ્યે બજારમાંથી બહાર નીકળી જ જવું જોઈએ.

તંત્ર એની પાછળ પડી ગયું છે
મારે, પીટે, પજવે, તોડી પાડે;
માંડ માંડ રળેલી ને ઊભી કરેલી
ખોરડી અને હાટડીને
બેરહેમીથી પીંખી નાખે;
એ ફેરિયો ક્યાંથી રોજી રળી શકે,
જ્યારે ચોરોનું રાજ
એને રળવા જ ન દે? ■

### વિચારવા અને વાગોળવાના મુદ્દાઓ :

❖ જો તમે સત્તાધિકારી હો તો લોકોને રોજગારી મળે એ માટે કઈ નીતિ અપનાવો ?

- પૈસા છાપો અને વાપરો ?
- બેરોજગારોને બેરોજગારી ભથ્થું આપવાનું ચાલુ કરો ?
- લોકો ખાડા ખોદે અને પૂરે એને માટે પૈસા આપો ?
- લોકો વિવિધ રીતે અર્થ-ઉપાર્જન કરી શકે એ માટે આર્થિક સ્વતંત્રતા વધારો ?

❖ ઇંગ્લેંડમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન લુડાઇત નામનું જૂથ ટેક્ષટાઇલ મશિનરીઓનો નાશ કરતું ફરતું હતું. તેઓ એમ માનતા કે આ મશીનો ગરીબોના દુશ્મન છે. તમે શું માનો છો ?

# ગરીબી

દાયકાઓ સુધી ભારતમાં અર્થશાસ્ત્ર એટલે ગરીબીનો અભ્યાસ એમ જ મનાયું છે. ત્યારે કોલેજમાં અર્થશાસ્ત્ર વિષયમાં ગરીબીના વિષચક્રની થિયરી શીખવવામાં આવતી. એ થિયરી મુજબ ગરીબીમાંથી કોઇ ઉદ્ધાર થવો શકય જ નથી. ગરીબ દેશો અને ગરીબ લોકો ગરીબ રહેવાને જ સર્જાયા છે. સ્પષ્ટ છે કે આ અર્થવગરનું છે. જો એ સાચું હોત તો વિશ્વ આખું આજે હજી પથ્થર યુગમાં જ જીવતું હોત. જીવનચરિત્રોનો ઇતિહાસ ઉકરડામાંથી ધનકુબેર સુધીની (rags-to-riches) ચરિત્રગાથાઓથી ભરેલો છે. અમેરિકા ગરીબ આપ્રવાસીઓ (immigrants) દ્વારા બન્યો છે, તેવું જ હોંગકોંગનું છે. ગરીબ લોકો કઠિનાઇઓ સામે ઝઝૂમે છે અને સફળ થાય છે.

અર્થશાસ્ત્ર એ ગરીબીનો અભ્યાસ ખસૂસ નથી. એ સંપત્તિના સર્જનનો અભ્યાસ છે. ૧૭૭૬માં આદમ સ્મિથે પોતાનું પુસ્તક An Inquiry into the Nature and Causes of the Wealth of Nations' લખેલું. સંપત્તિ પેદા થવાનાં કારણોનો અભ્યાસ આદમ સ્મિથે કરેલો. એના અનુયાયીઓ - મુક્ત બજારના હિમાયતીઓ સામાન્યમાં સામાન્ય વ્યક્તિની અર્થ-ઉપાર્જન પ્રવૃત્તિમાં રાજ્યની કાર્યવાહી અને એની સાથે અભિન્નપણે જોડાયેલી રાજકીય દખલને સંપત્તિ કેમ ના પેદા થઈ શકે એના અગત્યના કારણ તરીકે જૂએ છે.

વક્રતા એ છે કે ભારતની ગરીબી હટાવવા માટે રાજકીય કાર્યવાહી (Political Action)ની જ હંમેશા માંગ થઇ છે. રાજકારણીઓ 'ગરીબી હટાવવા' માટે કરોડો રૂપિયા ખર્ચે છે. એ ચાલુ રાખવું જોઇએ? ગરીબીના એક લક્ષણ એવી ભીખની પ્રથાને આ સંદર્ભમાં ચકાસીએ.

દિલ્હીથી દહેરાદૂન ગાડી વાટે જતાં, રૂરકી પછીનો રસ્તો ગાઢા જંગલમાંથી પસાર થાય છે. એ રસ્તાની બાજુએ હજારો વાંદરા, હનુમાન ભક્તો ખાવાની વસ્તુઓના જે ટૂકડા તેમના તરફ ફેંકે એને લેવા ટોળે વળેલા જોવા મળે છે. તો શું એનો અર્થ એ છે કે જંગલ સાવ ખરાબ હાલતમાં છે? કે મનોવિજ્ઞાનીઓ જેને પોઝીટીવ રી-ઈન્ફોર્સમેન્ટ કહે છે, એવાં પ્રોત્સાહકો (incentives) આની પાછળ રહેલાં છે? વાંદરાઓ એ સમજી ગયા છે કે રસ્તાની ચોફેર ફરતા રહેવાથી ખાવાનું વધુ સહેલાઈથી મળી જાય છે. આ જ વાત ભિખારીઓ માટે પણ સાચી છે.

લાંબા સમય પહેલાં, વિકાસના અર્થશાસ્ત્ર (Development Economics)માં વિરોધનો સૂર કાઢનાર મોટા અર્થશાસ્ત્રી લોર્ડ પીટર બાવરે એ નિરીક્ષણ કરેલું કે ભારત અને પાકિસ્તાનનાં શહેરો અને કસ્બાઓમાં જે મોટાપાયા પર ભીખ માગતા લોકો જોવા મળે છે તે ગરીબીનો પુરાવો નથી; પણ ખરેખર તો, એ આ બન્ને દેશોના મુખ્ય બહુમતી લોકો- હિન્દુઓ અને મુસ્લિમોની માન્યતા કે ગરીબોને ભીખ આપીને તેઓ પુણ્ય પામે છે તેને કારણે છે. આ દેશોમાં પારસી, જૈન અને શીખોમાં કોઇ ભિખારી જોવા મળતો નથી, કારણકે આ સમુદાયો દાન (charity) જુદી રીતે કરે છે અને સ્વ મદદ (self-help)ને પ્રોત્સાહન આપે છે.

ભારતમાં મોટાભાગના ભિખારીઓ લૂલા-લંગડા જોવા મળે છે. બાળકોને ભીખમંગા કરવા માટે હાથ-પગ તોડી કે કાપી નાખવા સામેનો કાયદો છે. આવા પ્રકારના કાયદાનું હોવું એ જ આવાં નિમ્ન પ્રકારનાં કામ થતાં હશે એનો પુરાવો છે. એવું પણ બનવાજોગ છે કે મ્યુનિસિપાલીટીના કે પોલીસ તંત્રના મામુલી કર્મચારીઓ ભીખના ધંધાને પોતાના માટે સારી આવક રળી આપતા ધંધા તરીકે પણ જોતા હોય.

આપણા બધામાં સહાનુભૂતિ અને ઉદારતાની નૈતિક લાગણી રહેતી હોય છે. એટલે કે પીડાતી વ્યક્તિ માટે આપણે સહાનુભૂતિ ધરાવીએ છીએ. ભિખારીઓ પણ સમાજની આવી લાગણીને કારણે જ વધતા જાય છે. આવી પરિસ્થિતિમાં ખાનગી ચેરિટી કરવી વધુ હિતાવહ છે; અને રાજ્યના ગરીબો માટે થઈને ઊઘરાવાતા કરવેરાથી વધુ સારી છે; અને વ્યક્તિગત ભીખ આપવા કરતાં પણ બહેતર છે.

ગરીબોને ખરેખર મદદ મળે એ માટે તમે કયો માર્ગ અખત્યાર કરશો?

- સમાજવાદી રાજ્યને કર ભરશો ?
- શેરી પરના ભિખારીઓને ભીખ આપશો ?
- મધર ટેરેસાની મિશનરી સંસ્થાને કે ગરીબોને મદદમાં લાગેલી સંસ્થાને દાન આપશો ?

## સ્વ-મદદ

ભારતમાં કોઇ પારસી કે શીખ ભિખારીઓ નથી એ નોંધો. શીખો સ્વ-મદદને પ્રોત્સાહન આપે છે. ગુરુદ્વારાના 'લંગર'માં મફત ભોજન લેનારને પણ બહાર જવા માટે, કામ કરવા માટે, આવક રળવા માટે અને કોઇક દિવસે 'લંગર'માં દાન કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

સેમ્યુઅલ સ્માઈલ્સના પુસ્તક 'self-help' (જેની ઈન્ડિયન એડિશન લિબર્ટી ઈન્સ્ટિટ્યુટ નવી દિલ્હી દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે) ને સૌએ વાંચવા જેવું છે. એ મૂળ લખાયેલું ૧૮૬૦માં, ત્યારબાદ થોડાં જ વર્ષોમાં તુર્કી, એરેબિક અને જાપાનીઝ ભાષામાં એનો અનુવાદ થયો છે અને દુનિયાભરમાં એની કરોડો નકલો વેચાઈ છે. રાણી વિકટોરિયાના સમયના ઈંગ્લેંડમાં પ્રત્યેક ઘરમાં એનું સ્થાન બાઈબલ પછીનું હતું, અને મેજીક્રાંતિ દરમ્યાનના જાપાનમાં એણે એ માન્યતા દેશભરમાં વ્યાપક બનાવી હતી કે સરકારની દખલ વગર જો જાપાનીઓ કઠિન પરિશ્રમ કરશે તો બાકીની દુનિયાને જાપાન કયાંય બાજુ પર મુકી દેશે.

આ પુસ્તક વ્યક્તિની પોતાની જાત પરની શ્રદ્ધા વધારે છે. જે પોતાની જાત પર વિશ્વાસ ધરાવે છે તે જ સ્વ-મદદ જીવી જાણે છે અને તેની માનવીય ક્ષમતા વધારી શકે છે. કલ્યાણ રાજ્યનો વિચાર આ દૃષ્ટિબિંદુને પ્રોત્સાહન નથી આપતું. ગરીબને એ નિઃસહાય તરીકે જ જૂએ છે, જેને રાજ્યની મદદની જરૂર છે. જ્યારે હકીકત તો એ છે કે ગરીબી નિવારણ યોજનાઓમાં ખર્ચાતા પૈસામાંથી ૮૦ ટકા જેટલા પૈસા લક્ષિત ગરીબો સુધી પહોંચતા જ નથી તેવું અવલોકન ખુદ રાજીવ ગાંધીએ કરેલું. એ પૈસા આ ચોરોના રાજય દ્વારા ચવાઈ જાય છે.

સ્વ-મદદ એ એવું નૈતિક મૂલ્ય છે, જે એમ માને છે કે બહારથી આવતી મદદ વ્યક્તિને કમજોર બનાવે છે. આશાનો કોઈ જ તંતુ જ્યારે બચ્યો ન હોય એવી નિરાશાજનક સ્થિતિમાં જ વ્યક્તિએ એની આશા રાખવી જોઈએ, અને એ પણ કોઈ ખાનગી ચેરિટી સંસ્થા પાસેથી કે કુટુંબીઓ કે મિત્રો પાસેથી. *(જે બાબત વ્યક્તિને લાગુ પડે છે એ જ દેશને પણ લાગુ પડે છે. પીટર બાવરનો વિદેશી સહાય સામે પણ બહુ મોટો વાંધો હતો.)*

હકીકતમાં આર્થિક સ્વતંત્રતામાં જ સમૃદ્ધિનાં મૂળિયાં રહેલાં છે અને સૌથી વધુ જરૂર તો એ વિભાવના વ્યાપક કરવાની છે. આજે તો બજાર અર્થતંત્રમાં ભાગ લેનાર સાવ ગરીબમાં ગરીબ વ્યક્તિ સૌથી વધુ આર્થિક નિયંત્રણોની નાગચૂડમાં છે અને મામૂલી કર્મચારીઓના સકંજામાંથી પણ છૂટી શકતી નથી. *(સાવ નાના ફેરિયાઓ કે દુકાનવાળા હોય, શાકભાજીની ટોપલીવાળી બહેનો હોય કે નાની-મોટી ચીજવસ્તુઓ વેચવાની લારીવાળા હોય; પાનના ગલ્લાવાળા કે રિક્ષા ચલાવનારા હોય; પબ્લિક ટ્રાન્સપોર્ટમાં પડેલા કે નાના-મોટા ઉદ્યોગમાં પડેલા હોય - બાબુઓની ચુંગાલમાં સૌ હજી ફસાયેલા છે. આજે આયાત - નિકાસ, વિદેશી નિવેશ કે ચલણના નિયંત્રણ ક્ષેત્રે ઘણા પ્રતિબંધો દૂર થયા છે; પણ નાના માણસોને લાગુ પડે છે તેવાં આર્થિક ક્ષેત્રોમાં હજુ પણ લાયસન્સ-પરમીટ-ક્વોટા રાજ ચાલુ જ છે. ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મુક્ત નથી; કૃષિક્ષેત્રમાં કેટલાંય નિયંત્રણો ચાલુ જ છે. આમ, નાના અને ગરીબ માણસોને સ્પર્શતાં ક્ષેત્રોમાં ઉદારીકરણની હવા હજુ વાઈ જ નથી.)*

જો આ બધા પ્રતિબંધો અને નિયંત્રણો દૂર કરવામાં આવે, અને બધાં જ ક્ષેત્રોમાં આર્થિક સ્વતંત્રતા આવે, તો દેશ સમૃદ્ધ થાય. જેમને ખાનગી ચેરિટી સંસ્થાઓની મદદની જરૂર રહેશે, એવા ગરીબો ખૂબ ઓછા રહેશે. રાજ્ય ઓછામાં ઓછા કરવેરા નાખે અને એ પૈસા સારામાં સારી જાહેર સેવાઓ - રસ્તા તથા કાયદો અને વ્યવસ્થા પાછળ વાપરે. ગામોમાંથી લોકો નાના કસ્બાઓ અને શહેરોમાં વસશે અને વધારે મોટા શ્રમવિભાજનમાં ભાગ લેશે. ખેતીની જમીન પરનું ભારણ પણ ઓછું થશે અને કૃષિક્ષેત્રમાં વધુ કાર્યક્ષમતા આવશે.

સ્વતંત્રતાના માહૌલમાં લોકો સંપતિ પેદા કરે એ માટે સ્વ-મદદની નૈતિકતાને બઢાવો આપવાની જરૂર છે. આજે આપણે આધારિતતાને પ્રોત્સાહન આપી રહ્યા છીએ, અને એમ કરીને દેશના લોકોની માનવીય ક્ષમતાને પૂરેપૂરી ખીલવા દેતા નથી. એને કારણે કલેપ્ટોક્રસીને 'ગરીબ-તરફી' સમાજવાદી નીતિઓ તરફી ઉપદેશ આપવાનું બહાનું મળી રહે છે. એનાથી ગરીબોને કદાપિ અર્થપૂર્ણ રીતે મદદ થવાની નથી. રેશનની દુકાન કે સબ્સીડીને બદલે લોકોને અર્થ-ઉપાર્જનની સ્વતંત્રતા, મિલકતના અધિકારો, કુદરતી સંસાધનો પર અધિકારો આપવાની તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવાની વધુ જરૂર છે. સ્વતંત્રતા લોકોને કોઈપણ અડચણ વગર આર્થિક સિધ્ધિઓ મેળવવાને સક્ષમ બનાવે છે. એને માટે સ્વ-મદદનો નૈતિક માહૌલ જોઈએ. હું મને મદદ કરું, અને એમ કરવાની મને સ્વતંત્રતા હોય. હું બીજા પર આધારિત ના હોઉં અને રાજ્ય પર તો નહીં જ. જો પ્રત્યેક ભારતીય આ રીતે વિચારે અને પ્રત્યેક ભારતીય આર્થિક દૃષ્ટિએ સ્વતંત્ર હોય તો ગરીબી ન રહે.

અધિકારોની ગરીબી, સ્વતંત્રતાની ગરીબી;
સત્યની અને ડહાપણની ગરીબી;
સારી નીતિઓની ગરીબી, સાચી બુદ્ધિની ગરીબી
જાહેર સેવાઓની ગરીબી; અપરંપાર ગરીબી જ - ગરીબી ■

**વિચારવા અને વાગોળવાના મુદ્દાઓ :**

- જો ગરીબીના વિષચક્રની થિયરી ખોટી હોય, તો ભારતની ગરીબીનું કારણ શું ?
- ભારત સમૃદ્ધ દેશ કઈ રીતે બની શકે ?
- ગરીબોને ખરા અર્થમાં મદદ કરવાના અર્થપૂર્ણ રસ્તા કયા ?
- જરૂરિયાતમંદ લોકોને રાજ્ય દ્વારા dole મળતી હોય તો એનાથી એ કુટુંબ મજબૂત બનશે કે નબળું પડશે?

# પક્ષીની તાલીમ

*-રવીન્દ્રનાથ ટાગોર*

એક વખતે એક પક્ષી હતું. એ સાવ ગમાર હતું. એ ગાતું સારું, પણ ક્યારેય શાસ્ત્રોનો પાઠ નહોતું કરતું. એ હંમેશા આમતેમ કૂદતું રહેતું, પણ સભ્યતાના નામે મીંડું હતું. રાજાએ સ્વગતોક્તિ કરી : ''અજ્ઞાનતા લાંબા ગાળે મોંઘી પડે છે. કારણ કે મુરખ લોકો પણ ખાય છે તો સારા લોકો જેટલું જ, તેમ છતાં બદલામાં કશું જ આપતા નથી.'' તેમણે પોતાના ભત્રીજાઓને બોલાવી મંગાવ્યા અને કહ્યું કે પંખીને શિક્ષણ આપો.

પંડિતોને આમંત્રણ મોકલાયા. તેઓ પ્રશ્નની જડ સુધી પહોંચી ગયા. તેમણે નક્કી કર્યું કે પક્ષીઓની અજ્ઞાનતા કંગાળ માળાઓમાં રહેવાની તેમની કુદરતી ટેવને આભારી છે. તેથી પંડિતોના મતે આ પક્ષીના શિક્ષણ માટે સૌથી પહેલી જરૂરી ચીજ હતી એક યોગ્ય પિંજરું.

પંડિતોને શિરપાવ મળી ગયો અને હરખભેર તેઓ ઘરે ગયા.

ભારે ભપકેદાર શણગારવાળું સોનાનું પિંજરું બનાવવામાં આવ્યું. દુનિયાભરમાંથી એને જોવા લોકો ઉમટ્યા. '' વાહ! સંસ્કૃતિ - બંધાઇ અને પિંજરામાં સમાઇ!'' કેટલાક અનહદ હર્ષોન્માદથી પોકારી ઊઠયા, કેટલાકની આંખો છલકાઇ ઊઠી! કેટલાક બોલી પડ્યા, ''અરે, સંસ્કૃતિ કદાચ ગુમાઇ જશે, પણ પિંજરું છેક સુધી રહેશે - એ જ હકીકત છે. પંખી કેટલું નસીબદાર છે!''

સોનીઓના થેલાઓ નાણાંથી છલકાઇ ગયા અને તેમણે તત્કાલ ઘર ભણી પ્રયાણ શરૂ કરી દીધું.

પંડિતે પક્ષીને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. છીંકણી સુંઘીને ગહન વિચારીને એણે કહ્યું, ''આપણા ઉદેશ માટે પુસ્તકો જ પુસ્તકો જોઇશે.''

ભત્રીજાઓએ તુરંત લહિયાઓની મસમોટી જમાત ભેગી કરી દીધી. તેઓએ પુસ્તકોમાંથી નકલ કરી, નકલો પરથી નકલ કરી, અને હસ્તપ્રતોનો પહોંચાય નહીં એટલી ઊંચાઇનો ખડકલો થઇ ગયો.

લોકો આશ્ચર્યમાં ગરકાવ થઇને ગણગણવા લાગ્યા : ''અરે, સંસ્કૃતિનો મિનારો, આટલો ઊંચો! એનો છેડો તો છેક વાદળોમાં છુપાઇ ગયો છે!'' લહિયાઓ ભરેલાં ખિસ્સાં અને હલકાંફૂલ હૃદય સાથે ઝડપથી ઘરભેગા થઇ ગયા.

ભત્રીજાઓ પિંજરાને ઘસીઘસીને ચમકતું રાખવામાં વ્યસ્ત હતા. પિંજરાનો ચળકાટ જોઇને લોકો સંતોષથી બોલી ઊઠ્યા, ''આ ખરેખરી પ્રગતિ છે!''

મોટી સંખ્યામાં નિરીક્ષકો નીમવામાં આવ્યા. ભત્રીજાઓ અને એમના નજીકના અને દૂરના કેટલાય સંબંધીઓએ પોતપોતાના મહેલો બનાવી દીધા અને ખુશીખુશી રહેવા લાગ્યા.

દુનિયામાં ભલે લાખ કમીઓ હશે, પણ એમાં વાંકદેખાઓની કમી ક્યારેય નહીં હોય! એમણે કહેવાનું ચાલુ કરી દીધું કે પિંજરા સાથે સંકળાયેલી, પક્ષી સિવાયની, એકેએક વ્યક્તિ શબ્દથી વર્ણવી ન શકાય એટલી હદે સમૃદ્ધ થઇ ગઈ છે.

આવી ટકોર જ્યારે રાજાના કાને પહોંચી ત્યારે એણે ભત્રીજાઓને બોલાવી મંગાવ્યા અને પૂછ્યું, ''મારા વ્હાલા ભત્રીજાઓ, આ હું શું સાંભળી રહ્યો છું?''

ભત્રીજાઓએ જવાબ આપ્યો, ''મહારાજ, જો સત્ય જાણવું હોય તો સોનીઓની અને પંડિતોની, લહિયાઓની અને નિરીક્ષકોની જુબાનીઓ લો. વાંકદેખાઓને બીજું કાંઇ ખાવા મળતું નથી એટલે એમની જીભ તીક્ષ્ણ થઈ ગઇ છે''.

આ સ્પષ્ટીકરણ એટલું તો સંતોષકારક હતું કે રાજાએ પોતાનાં દુર્લભ રત્નોથી દરેક ભત્રીજાને નવાજી દીધો.

એક દિવસે પોતાના શિક્ષણ વિભાગે પક્ષી અંગે કેટલી પ્રગતિ કરી છે એ જાતે જોવાની ઇચ્છા થવાથી રાજા શિક્ષણના એ મહાખંડમાં પહોંચી ગયા.

દરવાજા પરથી બ્યુગલ અને નગારાંઓની દુંદુભિ સંભળાઇ રહી હતી. પંડિતોએ ઊંચા અવાજે મંત્રો ભણવાના ચાલુ કરી દીધા. અને સોનીઓ,

લહિયાઓ, નિરીક્ષકો અને તેમના દૂરના કે નજીકના અસંખ્ય સંબંધીઓએ જયજયકારથી ગગન ગજવી દીધું. ભત્રીજાઓએ મલકીને પૂછ્યું, ''મહારાજા, આપને કેવું લાગે છે?''

રાજા વદ્યા, ''એવું ચોક્કસ લાગી રહ્યું છે કે પક્ષીને શિક્ષણના ગહન સિદ્ધાંત શીખવાડાઈ રહ્યા છે!'' અત્યંત ખુશી હૃદય સાથે રાજા પોતાની હાથીની સવારી પર બેસવા જતા હતા ને પાછળની ઝાડીમાંથી વાંકદેખાએ બૂમ પાડી, ''મહારાજા, આપે પક્ષીને જોયું?''

''હા, મેં પક્ષીને તો જોયું જ નહીં''! રાજાને અચાનક ખ્યાલ આવ્યો, ''હું પક્ષીની વાત તો ભૂલી જ ગયો''.

રાજાએ પાછા ફરીને પંડિતોને પક્ષીને ભણાવવાની તેમણે અપનાવેલી રીત અંગે પૂછ્યું. એમને એ બતાવવામાં આવી. રાજા અત્યંત પ્રભાવિત થઇ ગયા. પદ્ધતિ એટલી તો સંકુલ હતી કે એની સરખામણીમાં પક્ષી તો સાવ તુચ્છ લાગતું હતું. રાજાને આખી વ્યવસ્થામાં કોઇ જ ખામી દેખાઇ નહીં.

પક્ષી પણ કોઇ ફરિયાદ કરી શકે એમ પણ નહોતું. એની ડોકની આસપાસ પુસ્તકોનાં એટલાં તો પાનાં ઠાંસીઠાંસીને ભરેલાં હતાં કે એ સીટી વગાડી શકે કે ગણગણી શકે એમ પણ નહોતું. આખી પ્રક્રિયા જોનાર કોઇ પણ રોમાંચિત થઇ જાય - કોઈના પણ રુંવા ખડા થઈ જાય એમ હતું.

રાજાએ હાથી પર ચડતાં પહેલાં એ વાંકદેખાના કાન ખેંચવાની શિક્ષા ફરમાવી દીધી.

પક્ષી શુન્યતાની ધાર સુધી પહોંચી ના ગયું ત્યાં સુધી ઘસડાતું રહ્યું. હકીકતમાં એની પ્રગતિ અત્યંત સંતોષપ્રદ હતી. અલબત્ત, વચ્ચે વચ્ચે પ્રકૃતિ તાલીમની ઉપરવટ જતી; કોઇ વાર પ્રભાતનાં કિરણો એની આંખમાં પડતાં ત્યારે એ પોતાની પાંખો ફફડાવી લેતું. અને માનવું અઘરું છે, પણ એ ક્યારેક દયનીય રીતે પોતાની સાવ નિર્માલ્ય ચાંચ પિંજરાના સળિયા પર ભોંકતું. કોટવાલ બરાડી ઊઠ્યા, ''કેટલી ધૃષ્ટતા!''

લુહાર પોતાની ધમણ અને હથોડા સાથે રાજાના શિક્ષણ વિભાગમાં હાજર થઇ ગયો. લોખંડની સાંકળ તરત તૈયાર થઇ ગઇ અને પક્ષીની પાંખોને બાંધી દેવામાં આવી.

રાજાના સાળાઓએ પોતાનાં માથાં હલાવીને કહ્યું, ''આ પક્ષીઓમાં માત્ર સારી રીતભાતનો જ અભાવ હોય છે એવું નથી, ઉપકારની ભાવના પણ નથી હોતી!''

એક હાથમાં પુસ્તક અને બીજા હાથમાં સોટી સાથે પંડિતોએ ગરીબડા પક્ષીને પાઠ આપ્યા!

કોટવાલને પોતાની સાવધાની માટે અને લુહારને સાંકળથી બાંધવાની કુશળતા માટે શિરપાવ આપવામાં આવ્યો.

પક્ષી મરી ગયું !

કોઇને સ્હેજ અણસાર પણ ન આવ્યો કે કેટલા સમય પહેલાં એ આ ફાની દુનિયા છોડી ગયું. એ તો વાંકદેખા માણસે જ આવી અફવા વહેતી કરી.

રાજાએ પોતાના ભત્રીજાઓને બોલાવ્યા અને પૂછ્યું, ''મારા વ્હાલા ભત્રીજાઓ, આ હું શું સાંભળી રહ્યો છું?''

ભત્રીજાઓએ કહ્યું, ''મહારાજ, પક્ષીનું શિક્ષણ પૂરું થઇ ગયું છે.''

રાજાએ પૂછ્યું, ''એ ઊછળકૂદ કરે છે?''

''જરાય નહીં!'' ભત્રીજાઓએ કહ્યું.

''એ ઊડે છે?'' રાજાએ પૂછ્યું.

''ના.''

''પક્ષીને મારી પાસે લઇ આવો.'' રાજાએ કહ્યું.

કોટવાળ અને સિપાઇઓના પહેરા હેઠળ પક્ષીને એમની પાસે લાવવામાં આવ્યું. રાજાએ પોતાની આંગળીઓથી એના શરીરને ઘોંચી જોયું. એની અંદર ઠાંસેલાં પુસ્તકોનાં પાનાં માત્ર ફફડયાં!

બારી બહાર, નવપલ્લવિત થયેલા અશોકનાં પત્તાંઓ વચ્ચેથી લહેરાતા વાસંતી પવનના થરકાટે એપ્રિલની એ સવારને ઉદાસીન બનાવી દીધી. ■

*Against the Open Society*

*The greatest principle of all is that nobody, whether male or female, should be without a leader. Nor should the mind of anybody be habituated to letting him do anything at all on his own initiative; neither out of zeal, nor even playfully. But in war and in the midst of peace - to his leader he shall direct his eye and follow him faithfully. And even in the smallest matter he should stand under leadership. For example, he should get up, or move, or wash, or take his meals... only if he has been told to do so. In a word, he should teach his soul, by long habit, never to dream of acting independently, and to become utterly incapable of it.*

*Plato of Athens (350 B.C.)*

*'For the Open Society*


*Although only a few may originate a policy, we are all able to judge it.'*

*-Pericles of Athens (about 430 B.C., 80 years before Plato)*

*On the dawn of the Open Society*

*The closed society, and with it its creed that the tribe is everything and individual nothing, had broken down. Individual initiative and self-assertion had become a fact. Interest in the human individual as individual, and not only as tribal hero and saviour, had been aroused. But a philosophy which makes man the centre of its interest began only with Protagoras. And the belief that there is nothing more important in our life than other individual men, the appeal to men to respect one another and themselves, appears to be due to Socrates.*

*- Karl Popper (1945)*



Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali